કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક • સંસ્થાપક : રવિશંકર રાવળ


તંત્રી • બચુભાઈ રાવત

નવેમ્બર • ૧૯૫૪

અંક ૩૭૧



બનારસ પાસે સારનાથમાં મૃગોપવનમાં પોતાનું પહેલું પ્રવચન કરતા ભગવાન બુદ્ધની ભારતીય કલાના સુવર્ણ યુગ–ગુપ્ત કાળ–ની આ મૂર્તિમાં કલાકારે દેહના મુદિત સૌંદર્યની સાથે આધ્યાત્મિક સૌંદર્યની પ્રાસાદિકતા લાવવામાં ચરમ સિદ્ધિ પ્રાપ્ત કરી મનાય છે. બુદ્ધની આવી મૂર્તિ પછી સમસ્ત એશિયાઇ મહાદ્વીપની શ્રેષ્ઠ કલાકૃતિ બની ગઈ, અને એનો પ્રભાવ ચીન, જાપાન, જાવા, સુમાત્રા વગેરે દેશોમાં પડ્યો. ગુપ્તકાળની એ પ્રચલિત કળા વિશેનો વિસ્તૃત લેખ તથા સુંદર ચિત્રો આ અંકમાં આપ્યાં છે.



હિમાલયમાં ગોપાળ યોગીની સાથે નીલકંઠ વર્ણી ઉર્ફે ભગવાન સ્વામીનારાયણ (ભગવાન સ્વામીનારાયણના જીવનનો એક જાણીતો પ્રસંગ)
ચિત્રકાર · શ્રી માધવસિંહજી હજારી

નવેમ્બર **કુમાર** ૧૯૫૪

અંક ૩૭૧

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના



અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

અંક ૩૭૦માં શ્રી હરિનારાયણ આચાર્યના પત્રમાં જણાવેલાં ઈડરનાં પંચરત્નોનો મૂળ શ્લોક નીચે આપું છું:

ईडरे पंच रत्नानि मृगुर्ब्रह्मा गदाधरः ।
चतुर्थम् कलनाथश्च पंचमं भवनेश्वरम् ॥

ખેડબ્રહ્મામાં ભૃગુ અને બ્રહ્મા, શામળાજીમાં ગદાધર, ઈડર પાસે કળનાથ અને ભવનેશ્વર, આ પાંચ ત્યાંનાં યાત્રાનાં મુખ્ય ધામ છે.

વળી પાલ, પોળો, પોશીના આદિ ઈડરના પ્રદેશોનાં ખરાબ હવાપાણીની પ્રતીતિરૂપ નીચેની લોકોક્તિ પ્રસિદ્ધ છે:

પાલ, પહાડા ને પાનરવા, પોશીના અને પોળો;
પાંચે પપ્પા પ્રાણ લે, જેમ વાગે તોપનો ગોળો.

ચોમાસામાં અહીંનાં ખરાબ પાણી પીવાથી લોકો માંદા પડતાં તેમને ડામ દેવડાવવા પડે છે, તે માટે નીચેની કહેવત જાણીતી છે:

પાલ, પોળો, સામૈયા ગામ,
એકેક જણને સોળ સોળ ડામ.

(ગાબટ–સા. કાં.) —જયંત પી. શાહ

'કુમાર'માં 'દર્પણ' વિષેનો લેખ વાંચ્યો. મારા એક મિત્રની રૂમમાં મેં એના અરીસા પાછળ નીચેનું વાક્ય વાંચ્યું. દર્પણના સ્વાભાવિક અર્થમાં પૂર્તિ કરે તેવું એ છે એટલે મોકલું છું: 'Good fellow! Never look at me for seeing thy beauty. I reflect nothing else, but personal weakness of all those who are staring all the time at me.'

(દ્વારકા) —પુષ્કર ગોકાણી

અંક ૩૭૦ને છેલ્લે પાને દેશી કૂતરાને અંગ્રેજીમાં 'પારીઆ ડૉગ' કહે છે તે મૂળ તામિલ ભાષાનો 'પેરીઆ' શબ્દ છે, જેનો અર્થ થાય છે 'મોટો' એ લખાણ વાંચી મનને સંદેહ પેદા થયો. મહાત્મા ગાંધીજીએ એમના પ્રસિદ્ધ 'અસ્પૃશ્યતા'ના લેખમાં જણાવ્યું છે કે 'આપણે અહીં હરિજનોને અસ્પૃશ્ય ગણીએ છીએ; પણ દક્ષિણ આફ્રિકામાં તો તમામ હિંદી કે હિંદુઓને ગોરાઓ પારીઆ ગણે છે. આ શબ્દ તામિલ ભાષાનો છે ને તેનો અર્થ થાય છે અસ્પૃશ્ય'. ગાંધીજી પારીઆ=અસ્પૃશ્ય ગણે છે; તમારા લખાણમાં પારીઆ=મોટો. દેશી પોળોના કૂતરાને અંગ્રેજો મોટા કૂતરો કહે ? મને લાગે છે કે એવું માનવાચક વિશેષણ યોજે જ નહિ; પણ 'અસ્પૃશ્ય' તિરસ્કારવાચક છે તે વધુ યોગ્ય નથી લાગતું?

(નવસારી) —ઉશનસ્

દીપોત્સવી અંકમાં શ્રી શિવકુમાર જોષીની 'ભાડી ખામણીનું ખેતર' નાટિકા વાંચી આનંદ થયો. પણ નાટિકાની શરૂઆતમાં આપેલાં ચિત્રો નાટિકાનો અંત સૂચવી દે છે, જેથી ચમત્કૃતિ મારી જાય છે ને ચોટ રહેતી નથી.

(અમદાવાદ) —હરિવદન પટેલ

[* આ વાત તરફ અમે તરત જ ચિત્રકારનું ધ્યાન દોર્યું હતું; પણ બીજું ચિત્ર દોરવાનો તેમને સમય ન હતો.—તંત્રી]

ઑક્ટોબર અંકમાં ૪૩૦મા પાના પર 'પ્રથમ ગુજરાતી અભિનેત્રીઓ' વિષે જણાવવામાં આવ્યું છે કે 'ગુજરાતી રંગમંચ ઉપર ઊતરનારી પ્રથમ ગુજરાતી સ્ત્રીઓ હતી, સુરત શહેરની ઘાંચણ મા-દીકરી રાધા અને સોનાં.' પણ 'ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ'ના દીપોત્સવી અંક ૨૦૧૦ના ૧૧૧મા પાના પરના શ્રી રામલાલ નવનીતલાલના 'રાધાના ગરબા'ના લેખમાં જણાવવામાં આવ્યું છે કે સદ્ગત રાધા નર્મદા કિનારેના સિનોર ગામની રહીશ હતી ને ન્યાતે ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ. એના પતિ સુરતના હતા.

આ લેખને અંતે લેખક ફૂટનોટમાં જણાવે છે કે 'લેખમાં આપેલી સ્વ. રાધાની કેટલીક હકીકત તેમજ તેની છબિ અશ્વિનીકુમાર (સુરત)ના તીર્થે વૈધવ્ય ગાળતી એની પુત્રી બહેન સોનાના સૌજન્યથી મેળવી શકાઈ છે.'

(સુરત) —મગનભાઈ નાયક

૩૭૦મા અંકમાં છેલ્લે પાને પાણીનું વજન ઘનફૂટે ૮ રતલ હોય છે તેમ છપાયું છે, તે ભૂલ છે. પાણીનું વજન ૬૨·૪ રતલ હોય છે તે જ પ્રમાણે પેટ્રોલનું વજન ઘનફૂટે ૬·૩ રતલ નહિ પણ ૪૯·૮ રતલ હોય છે. છતાં પાણી પેટ્રોલ કરતાં જેટલા ગણું ભારે બતાવાયું છે તે પ્રમાણ ખરું છે. તેથી પેટ્રોલમાં ન તરી શકવાનું કારણ બતાવાયું છે તે પણ સાચું છે.

(રાજકોટ) —નૌતમ વખારિયા

૩૭૦મા અંકમાં ૪૩૧મે પાને પાણી અને પેટ્રોલનાં વજન આપ્યાં છે તેમાં ભૂલ છે.

ઘનફૂટ પાણીનું વજન ૬૨·૪ રતલ અને જુદી જુદી ઘટ્ટતાના સાધારણ રીતે વપરાતા પેટ્રોલનું વજન ૪૪થી ૪૮ રતલ થાય.


તમે આપેલા આંકડા આશરે અમેરિકન (U.S.) ગૅલન પાણી અને પેટ્રોલના વજનને મળતા આવે છે. ત્યાંનો ગૅલન આપણા કરતાં નાનો છે અને તેનું પાણી ને પેટ્રોલનું વજન અનુક્રમે ૮·૩૩ અને ૫·૮ થી ૬·૩ રતલ થાય. આપણે ત્યાં ઇમ્પીરીઅલ ગૅલન ચાલે છે. તેમાં ૧૦ રતલ પાણી કે ૭થી ૭·૫ રતલ પેટ્રોલ બેસે. પેટ્રોલ પેટ્રોલીઅમમાંની એક ઉત્પન્ન છે. પેટ્રોલીઅમના બીજા પ્રવાહીઓનું વજન ઘટ્ટતા પ્રમાણે ૬ થી ૧૧ રતલ સુધી છે, એટલે પેટ્રોલીઅમના એકાદ ભારે પ્રવાહીમાં માણસ સહેલાઈથી તરી શકે ખરો !

(કલ્યાણ) —ઉન્મેષ મશરૂવાળા

'કુમાર'માં આવતાં ચિત્રો અને ચિત્રકારોના પરિચયે ચિત્રકળામાં રસ લેતી વ્યક્તિઓને માટે બહુ સારી સામગ્રી પૂરી પાડી છે, પરતુ જેમને ચિત્રકળાનો શોખ છે અને તેના વિકાસ માટે સાધન સગવડ નથી તેમને ચિત્રો, કાર્ટૂનો કે સ્કેચ વગેરે દોરતાં શીખવામાં માર્ગદર્શક થઈ શકે એવી, કોઈ સારા ચિત્રકાર અથવા અભ્યાસી દ્વારા લખાએલી લેખમાળા 'કુમાર'માં ન આપી શકાય ?

વળી જિજ્ઞાસુ વાચકોના વિવિધ વિષયો પરના પ્રશ્નોના માહિતીપૂર્ણ ઉત્તરો આપતો વિભાગ 'કુમાર'માં ચાલુ કરી શકાય તો તે ઘણો જ રસપ્રદ નીવડે એમ મારું માનવું છે.

(ભૂજ) —કુ. ઇન્દુ ત્ર. અંતાણી



'ટિટોડી–નૃત્ય.' સૌરાષ્ટ્રની ગ્રામકન્યાઓ આ નૃત્ય કરે છે, જેમાં બે કન્યાઓ ટોલી સાથે તાલમાં આ મુજબ નૃત્ય કરે છે. (પરશુરામ મો. મહેતા, ડ્રૉઇંગમાસ્તર, રાધનપુર)

કુમાર વર્ષ ૩૧મું · અંક ૧૧મો
નવેમ્બર · ઈ. ૧૯૫૪

દર્પણ

· મિશ્ર ·

જુઓ અહીં દર્પણમાંહિ
આખું ઝીલાય છે વિશ્વ.
અનંત અંબર,
વસુંધરા, નીલ નિકુંજ
સુંદર વિહંગમાદિ
નહિ કાંઈ ઝાંખું.

આ હાથમાંહીં ધરું સર્વ સૃષ્ટિને;
દિશાતણાં બંધન લેશ ના નડે,
અહીં સ્થિતિ ને ગતિ બેઉ
જે વડે વિવર્ત લીલા
સ્પૃહણીય દષ્ટિને.
પરંતુ જે હાથ વિષે છ
તેહનો સંસ્પર્શ ના શકય
ન ત્યાં પદક્રમ.
વિસ્તીર્ણ ન્યારો અવકાશ–સંભ્રમ!
છાયા રમે ત્યાં ન પ્રવેશ દેહનો.
વિછોડતાં પાત્રતણો પરિગ્રહ...
લહું કશો વ્યોમ તણો અનુગ્રહ!

રાજેન્દ્ર શાહ

આજ

· મિશ્ર ·

કેવી અહો આપણી 'આજ' આ, પ્રિય!
કે આવતાં જે જલીને વિલાય
ઈર્ષ્યામહીં તો 'ગઈ કાલ' દુઃખે;
ને 'આવતી કાલ' અરે બિચારી
'શું આથી ઝાઝું સુખ હું દઈ શકું?'
—સંકોચમાં એ ન અહીં પ્રવેશે.
છો કાળચક્રો સહુ થંભતાં જ
વ્હાલી મને કેવળ આ જ 'આજ!'

ગીતા પરીખ

ગૌરવ

· ખંડિત હરિગીત ·

ફૂલ કો ખીલેલ હું ગાઢા વને,
ના રૂપ કે ના રંગ
ને કૈં સ્હેકનો છાંટો નથી;
ને તે છતાં ગૌરવ મને,
કે આમ તો વગડાઉ તો યે ફૂલ છું,
કાંટો નથી.

દિનેશ કોઠારી

પૂનેમ સંધ્યા

· પરંપરિત ઝૂલણા ·

પશ્ચિમે ક્ષિતિજને સ્પર્શતો ક્લાન્ત ને શાન્ત, મોટો રવિ;
પૂર્વમાં ક્ષિતિજથી ઉદ્‌ભવે ગોળ પૂનમ શશી,
મ્લાન, પાણ્ડુર છવિ :
દિવ્ય કો ત્રાજવે તેજપલ્લાં રૂડાં બેઉ સરખાં સુહે!
દાંડીને નિરખવા નજર કરું ઊંચી, ત્યાં,
તારલા શ્વેત ઉપહાસમાં હસી રહે!

પ્રજારામ

વાદે મે' વરસે નહિ, વાદે ન હોય માન
વાદે આભૂષણ નહિ, વાદે ના સંતાન.
આભામંડળ વાદળાં, ભૂમંડળમાં સંત.
વરસી વરસી વહી ગયાં, ચિન્તા વિણ ફળઅંત.
કાયા સાડાત્રણહથી, નર માતરને સ્હોય,
મનબુદ્ધિને કારણે, દંડ, દંડવત્ હોય.
લોભી ચિંતવે દામને, કામી ચિંતવે કામ,
બાળક ચિંતવે મામને, ભક્તો ચિંતવે રામ.

તનસુખ ભટ્ટ

ગયા અંકમાંના ગીત 'માનને આઘું મેલ'ના કર્તા શ્રી વિનોદ અધ્વર્યુ છે.
શ્રી ભાનુપ્રસાદ ત્રિવેદીનું નામ તેની નીચે ભૂલથી છપાયું છે તે માટે અમે દિલગીર છીએ.

અહીં એવું નથી જ થતું

કેમ્બ્રિજમાં હું ભણતો હતો એ વખતનું એક પ્રાધ્યાપકનું ચિત્ર યાદ આવે છે. એ રોજ દસ-બાર મિનિટ મોડા આવે. મોં પર સખ્તાઈ, હાસ્યનું નામનિશાન નહિ. ભવાં તો નિત્ય ચડાવેલાં જ. આવીને સીધા બોર્ડ ઉપર લખવા માંડે. ને પાછા જાય પણ દસ મિનિટ વહેલા! આવું તો કેટલીયે વાર બન્યું. હું ક્યારનો વાટ જોઇ રહ્યો હતો, કે વિદ્યાર્થીઓ હમણાં પગ ઘસશે, બેન્ચ પર હાથ પછાડશે યા કોઈ પણ રીતે, પોતાનો રોષ કે નાખુશી વ્યક્ત કરશે. પણ કંઇ જ બન્યું નહિ. વિદ્યાર્થીઓ બધું સમજે, ને કંટાળો આવે છતાં સ્વસ્થ બની સંયમ જાળવી બેસી રહે. ને તે લખે એ બધું પોતાની નોટમાં ટપકાવી લે; કારણ પ્રાધ્યાપક પોતાના વિષયના ભારે નિષ્ણાત હતા, તેથી તેઓ જે કંઈ લખે-બોલે તે બધું જ અમૂલ્ય હતું.

એક વાર તો એ અત્યંત મોડા આવ્યા. મુખ એટલું જ ગંભીર. પોતાના વિલંબ માટે દિલગીરી પ્રગટ કરવી કે એવું કશું જ નહિ. સીધા બોર્ડ ઉપર જઈ લખવા માંડ્યા. મોં હજી એવું જ તંગ. મને થયું, આજ તો વિદ્યાર્થીઓ જરૂર કંઈક કરશે. પણ આજે યે કંઈ જ બન્યું નહિ. નિત્ય મુજબ પીરિયડ લઇ એ ચાલ્યા ગયા. પીરિયડને અંતે મેં થોડા વિદ્યાર્થીઓને કહ્યું, 'અરે! ભલા માણસો! આવું તે હોય! પ્રોફેસરનું આવું વર્તન તમે કેમ ચલાવી લ્યો છો? કંઈ નહિ તો, સિસકારા કે તાળીથી અથવા બેન્ચ પર હાથ ઠોકી કે જમીન પર પગ ઘસીને તો તમારો રોષ વ્યક્ત કરો.'

આ સાંભળતાં જ જાણે મેં કંઈક ભયંકર, ન કરવા જેવી, અનિચ્છનીય, અનિષ્ટ સૂચના કરી હોય તેમ એ વિદ્યાર્થીઓ ક્ષણભર આશ્ચર્ય ને અણગમાથી મારી સામે તાકી રહ્યા ને પછી એટલો જ જવાબ આપ્યો : 'This is *just* not done.' (આવું નથી જ કરવામાં આવતું.) એ 'just'ની ચોટ હું કદી ભૂલીશ નહિ.

વિદ્યાર્થીઓની શિસ્ત માટે આ નિષ્ઠા જોઈ હું સ્તબ્ધ થઇ ગયો. આપણા વિદ્યાર્થીઓ આવી નિષ્ઠા કદી યે કેળવશે? **શ. ન. ઓઝા**

(પૂનાની ફર્ગ્યુસન કૉલેજ અને બૃહન્મહારાષ્ટ્ર કૉમર્સ કૉલેજના ગુજરાતી સાહિત્ય મંડળના ઉપક્રમે મુંબાઈ રાજ્યના ડેપ્યુટી ડિરેકટર ઑવ એજ્યુકેશન શ્રી એન. આર. ત્રિવેદીએ વિદેશના વિદ્યાર્થીઓની શિસ્ત વિષે બોલતાં ટાંકેલું સ્મરણ.)

ભારતીય કલાનો સુવર્ણયુગ

લેખક: ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ

ગુપ્ત રાજાઓનો શાસનકાલ એ ભારતીય ઇતિહાસનો સુવર્ણ-યુગ હતો. ઈ. સ.ના ચોથાથી માંડીને છઠ્ઠા સૈકાના અંત સુધી જ્યારે ભારતના સમસ્ત ઉત્તરીય (વિન્ધ્યાચલની ઉત્તરના) અર્ધ ભાગમાં અને દક્ષિણના પણ અમુક વિભાગોમાં ગુપ્ત રાજાઓનું શાસન ચાલતું હતું ત્યારે આખો ભારત દેશ ધનધાન્યથી ખૂબ સમૃદ્ધ હતો. પ્રજા અત્યંત સુખી હતી. પરદુઃખભંજન વિક્રમ રાજાના નામથી સમસ્ત ભારતના હૃદયમાં કાયમી સ્થાન પ્રાપ્ત કરનાર અને પ્રજાનાં દુઃખ તથા ઋણ ફેડ-નાર ચંદ્રગુપ્ત બીજો એ ગુપ્ત વંશનો પ્રતાપી રાજવી હતો. આ યુગમાં 'દેશમાં સુવર્ણવર્ષા થતી' એવી કલ્પના મહાકવિ કાલિદાસે ને દિવ્યા-વદાન નામના બૌદ્ધ ગ્રંથના લેખકે કરી છે. અને આ સુવર્ણવૃષ્ટિએ ફક્ત એના ભૌતિક અર્થમાં જ દેશને સુવર્ણથી છલકાવી દીધો હતો એમ નહિ, પણ તદુપરાંત સમસ્ત ભારતમાં સાહિત્ય, કલા અને સંસ્કૃતિનાં ક્ષેત્રોમાં

ભાવનાઓ અને આદર્શો રજૂ કરવા માટે પ્રતીકોની પરિભાષા સર્જાય છે. આવાં પ્રતીકોમાં શંખ એ વ્યાપારનું, સમૃદ્ધિનું-નવનિધિમાંના એક શંખનિધિ-નું પ્રતીક છે. અજંતામાંનું એનું શોભન પ્રતીક અહીં આપ્યું છે.



પણ મહાન સિદ્ધિઓનું સુવર્ણતેજ ઝળકી ઊઠયું હતું.


એ ગુપ્ત રાજાઓની છત્રછાયામાં પ્રજા એકતાના સૂત્રે બંધાઈ ને ચોમેર સુખશાન્તિ ફેલાયાં. આંતરિક અને પરદેશો સાથેના વ્યાપારમાં અભૂતપૂર્વ ઉન્નતિ થવાથી રાષ્ટ્રે સમૃદ્ધિની પરમસીમા પ્રાપ્ત કરી. તત્કા-લીન કવિની ભાષામાં કહીએ તો: 'સુભિક્ષ અને સુક્ષેમ વડે કરીને દેશ ઇન્દ્રના ધામ જેવો દીપવા લાગ્યો. શું સ્ત્રી, શું પુ-રુષ, બાલક કે વૃદ્ધ, સૌ સૌન્દર્યની ઉપાસનામાં લીન થવા માંડ્યાં. એ સમયનાં ચિત્ર ને શિલ્પ-થી અલંકૃત નગરો સ્વર્ગના કાન્તિમાન ટુકડાઓ જેવા શોભતા હતા.

આ વિધાનમાં જરાયે અતિશયોક્તિ નથી. અ-જંતા કે બાઘની ગુફાઓની ગુપ્તકાલીન ચિત્રકારી જોનારને આજે પણ ખયાલ આવશે કે તત્કાલીન પ્રજા ખરેખર એવું સ્વર્ગીય સુખ અને સૌન્દર્ય માણી શકતી હતી. ને આ સૌન્દર્યોપાસના આખા ભારતને લાગુ પડતી હતી.

પણ નરી ભૌતિક સૌન્દર્ય-ઉપાસના જ જો પ્રજા-નું ધ્યેય હોત અથવા સુવર્ણનું ઉપાર્જન કરવામાં જ સાફલ્ય મનાયું હોત તો એ યુગ ભારતીય ઇતિ-હાસનો 'સુવર્ણયુગ' ન બનત, પ્રજા જલદીથી અ-ધોગામી બની જાત. પણ, પ્રજાએ તો શારીરિક અને માનસિક બંને સૌન્દર્યનો આદર્શ સેવ્યો હતો. એટલે જ એ ભારતીય સંસ્કૃતિનો સાચો સુવર્ણયુગ બની ગયો. अविद्यया मृत्युं तीर्त्वा विद्यया अमृतमश्नुते, શ્રેયસ્ અને પ્રેયસ્ બંનેની પ્રાપ્તિ એ પ્રજાનું ધ્યેય હતું. મહાકવિ કાલિદાસે એ સમયના ગુપ્ત રાજવીના જીવનનો જે આદર્શ મૂક્યો હતો તે પ્રજાજીવનનો પણ આદર્શ હતો. રઘુવંશના રાજવી-ઓને પ્રજાના આદર્શ રૂપે રજૂ કરતાં કવિકુલગુરુ એમની પિછાન આપે છે:

शैशवेऽभ्यस्तविद्यानां यौवने विषयैषिणाम् ।
वार्द्धके मुनिवृत्तानां योगेनान्ते तनुत्यजाम् ॥

શરીરસૌષ્ઠવ ને શરીરસૌન્દર્યની રજૂઆતમાં તો ગુપ્ત કલાકારને કોઈ ના પહોંચે. પણ એ સૌન્દર્ય,



← સૌન્દર્યમૂર્તિ ઍપૉલો
ગ્રીક શિલ્પકલાની એક અપ્રતિમ મનાતી કૃતિ ગુપ્ત કલા સાથેની એની સરખામણી સામે વાંચો

ગ્રીક કલાકારોની માફક નર્યા ભૌતિક વિકાસનું દર્શક નહોતું; એમની કલાની જેમ નસેનસ ઉપસાવીને 'એકેએક માંસપેશીનો વ્યાયામજન્ય વિકાસ બતાવીને, ભૌતિક બલનું-અપ્રતિમ બલનું-પ્રદર્શન કરવામાં' કલાનું સાર્થક નહોતું ગણાતું. શારીરિક સૌષ્ઠવ હોવા છતાં, ગુપ્તકાલીન શિલ્પવિધાનમાં, આખા યે દેહમાંથી એક આદર્શ, અભિજાત, ધીર વીર અને લલિત, 'સર્વભૂતહિતે રત' વ્યક્તિત્વનું દર્શન થાય છે. સારનાથની બુદ્ધમૂર્તિ જુઓ, કે અજન્તાનું ભવ્ય બોધિસત્ત્વ પદ્મપાણિનું ચિત્ર જુઓ, ત્યાં પણ આ જ સૌન્દર્યભાવનાનું દર્શન થશે. એ સૌન્દર્ય સત્ય ને શિવ પણ હતું; અને એનું ઉદ્ગમસ્થાન અંતરાત્મા અથવા ચૈતન્ય હોવાથી એ ક્ષણે ક્ષણે નવીનતા ધારણ કરી શકતું. અને કવિકુલગુરુની સૌન્દર્યભાવના પણ એ જ હતી. **क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः ।**

ગુપ્તકાલીન નર અને નારી સૌન્દર્યનાં ઉપાસક હતાં, પણ સાથે સાથે સંયમની, આત્મનિગ્રહની લગામ હાથમાં રાખેલી હતી. પોતાના યુગના સૌન્દર્યના આ ઉત્કૃષ્ટ આદર્શને સમજાવતાં કવિકુલગુરુ કહે છે: **यदुच्यते पार्वति पापवृत्तये, नरूपमित्यव्यभिचारि तद्वचः।** ('હે પાર્વતિ, લોકોનું એવું માનવું કે રૂપની ઉપાસના તો કરવી જોઇએ, પણ તે પાપ માટે નહિ જ-એ સાચું છે.') સંયમ અને સૌન્દર્યનો આ સુમેળ એ ગુપ્ત કલાની વિશિષ્ટતા છે.

સાહિત્યમાં પણ આ જ ભાવનાના પડઘા પડે છે. ભગવાન બુદ્ધે કરેલા માર-વિજયનું ચિત્ર બૌદ્ધ ગ્રન્થકારોએ આપ્યું, તેમ કવિકુલગુરુએ શિવના કામ-દહનનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે, અને યુગના પ્રાણવાન આદર્શ તરીકે મહાકવિએ એના ઉપર પોતાની મહોર મારી છે. એ સમયના શિલાલેખોમાં



અજન્તા ગુફાની ભીંત પરનું બોધિસત્ત્વ પદ્મપાણિનું ચિત્ર



ગ્રીક કલામાં એકેએક માંસપેશીનો વ્યાયામજન્ય વિકાસ બતાવીને ભૌતિક બલનું પ્રદર્શન કરવામાં કલાનું સાર્થક મનાતું (જુઓ સામેનું ચિત્ર); પણ ગુપ્ત કલામાં—સમસ્ત ભારતીય કલામાં શારીરિક સૌષ્ઠવ ઉપરાંત આખાયે દેહમાંથી એક અભિજાત, ધીર, વીર, લલિત વ્યક્તિત્વ પ્રકટ થાય છે. સુંદર સુદૃઢ દેહ ઉપરાંત આધ્યાત્મિક આનંદથી મુકુલિત પ્રશાંત મુખમુદ્રા એ આ કલાની વિશિષ્ટતા છે. આ ઉપર આપેલું બોધિસત્ત્વ મૈત્રેયનું સારનાથમાંનું પાંચમા સૈકાનું ગુપ્તકાળનું શિલ્પ તેનું એક ઉદાહરણ છે.

પણ સમ્યક્ સંબોધિ, અનુત્તર જ્ઞાનાવાપ્તિ, પ્રજ્ઞાપારમિતા ઇત્યાદિ શબ્દપ્રયોગો મળે છે તે, તત્કાલીન મહાન લોકોત્તર આદર્શોનું પ્રતિબિંબ પાડે છે. ગૃહસ્થ ને ભિક્ષુક પ્રાર્થે છે તેમનું મન તાપરહિતશાંતિ અ-શોક પદમાં સ્થિર થાય-**विशतु पदमशोकं निर्ज्वरं शान्तमार्यम् ।**

પશ્ચિમ હિંદમાં સિંધમાં મીરપુર ખાસના સ્તૂપમાંથી મળેલી કલાકૃતિઓથી માંડી પૂર્વમાં આસામ સુધી, ને ઉત્તરમાં પંજાબ તથા કેકય પ્રદેશથી માંડી દક્ષિણમાં અજન્તા ને એથી યે દક્ષિણમાં મદ્રાસ ઈલાકામાંના જૂના પુદુકોટા રાજ્યની સિત્તન્નવાસલ (સિદ્ધનિવાસ) ગુફાઓ સુધી આ કલા-ગુપ્ત યુગની આ વિશિષ્ટ ભારતીય કલા-પ્રસરી. એ ભારતના એક છેડાથી બીજા છેડા સુધી શિલ્પોમાં, ભિત્તિચિત્રોમાં, માટીનાં રમકડાંમાં, કે



નાગરાજના દરબારમાં નૃત્યોત્સવ (અજંતાનાં એક ભીંત ચિત્રનું રેખાંકન) અજંતા, બાઘ કે સિત્તન્નવાસલની ગુફાઓમાંની ગુપ્તકાલીન ચિત્રકારી જોનારને ખયાલ આવશે કે ત્યારની પ્રજા કેવું સ્વર્ગીય સુખ ને સૌંદર્ય માણતી હતી.

ચડે છે એની ચિત્રકારીમાં. અજન્તા, બાઘ અને સિત્તન્નવાસલની ગુફાઓનાં ભિત્તિચિત્રો દ્વારા આજે પણ એ કલા પોતાનો અમર સંદેશ આપી રહી છે. ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાનના આ યુગમાં પણ આ કલાએ જ સૌને નવી પ્રેરણા પાઈ છે; એ પુનરુત્થાનનું પહેલું પગલું આ ભિત્તિચિત્રોના રચાએલા રાજમાર્ગે જ પડ્યું છે. રંગ અને રૂપની અદ્‌ભુત શોભા યુક્ત આ ચિત્રો દ્વારા ભારતીય સંસ્કૃતિ સાક્ષાત પ્રકટ થઈ રહી છે. બાણની ભાષામાં કહીએ તો એ ચિત્રોમાં સારા યે ત્રિલોકનું દિગ્દર્શન કરાવેલું છે. પણ, અજન્તાની એ ઓગણત્રીસ ગુફાઓમાં પીંછી અને રંગે રેલાવેલી એ રસલ્હાણમાં એક અન્તર્યામીતત્ત્વ તો છે બુદ્ધભગવાનનું સર્વાતિશાયી ચરિત.

સદ્‌ભાગ્યે અજન્તામાં આપણને ઈ.સ. પૂર્વે બીજા સૈકાથી શરૂ કરીને ઈ.સ. સાતમા સૈકા સુધીની ભારતીય ચિત્રકલાના અવશેષો મળે છે. અજન્તાનાં કેટલાંક પ્રખ્યાતચિત્રોનો મોટો ભાગ ગુપ્તયુગમાં બનેલો છે. મધ્યભારતની બાઘ ગુફાનાં ભિત્તિચિત્રો પણ આ જ યુગનાં છે. સિત્તન્નવાસલ અને બાદામીની ગુફામાં પણ ચિત્રો માલૂમ પડ્યાં છે અને બીજી ગુફાઓમાં ક્વચિત્ જડી આવે તો નવાઈ નહિ. ખાસ કરીને ઇલોરામાં જૂની ચિત્રકારીના થર મળી આવે છે.

એ તો સ્પષ્ટ લાગે છે કે ગુપ્ત યુગમાં પ્રજાનો વિકાસ સર્વતોમુખી હતો–શૌર્યમાં, વ્યાપારમાં, સાહિત્યમાં, વિજ્ઞાનમાં, સંગીતમાં, કલામાં, તર્કશાસ્ત્રમાં, વ્યાકરણશાસ્ત્રમાં કે અધ્યાત્મ ને યોગશાસ્ત્રમાં,—જે દિશામાં નજર કરો તે દિશામાં ગુપ્તયુગમાં ભારતીય પ્રજાએ મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરેલી નજરે પડશે. અને આ વિકાસ ભારતના એક છેડાથી બીજા છેડા સુધી હતો એ કલાનાં જુદાંજુદાં અંગો–માટીકામ, ચિત્રકામ, શિલ્પ, સ્થાપત્ય–ના ચારે છેડેથી મળેલા અવશેષો વડે સાબિત થાય છે. એ સુવર્ણયુગની કલા રાષ્ટ્રવ્યાપી–રાષ્ટ્રીય કલા હતી.

આ લેખ વાંચીને ગુજરાત-સૌરાષ્ટ્રની ગુપ્ત યુગની કલાકૃતિઓ જાણવા-જોવાનું ‘કુમાર’ના વાચકોને મન થાય એ સ્વાભાવિક છે. વડોદરા પાસે અકોટામાંથી મળેલી ભગવાન ઋષભદેવની ભવ્ય ધાતુપ્રતિમાનું ખંડિત મસ્તક જે ‘કુમાર’ ફેબ્રુઆરી ૧૯૫૨ના અંકમાં આપ્યું હતું તે જ આ પાછલા પાના ઉપર આપ્યું છે. પાછલા પૂઠામાં આપેલી બર્મિંગહામ મ્યૂઝિયમમાં સુરક્ષિત સુલતાનગંજ(બિહાર)માંથી મળેલી ભગવાન બુદ્ધની ગુપ્તકાલીન ધાતુપ્રતિમા જેવી જ સુંદર આ પ્રતિમા મધ્ય ગુજરાતમાંથી મળી છે ને તેનો સમય ઈ. ૪૫૦-૫૦૦ વચ્ચેનો છે. એ જ અંકમાં ઋષભદેવની એક અન્ય પ્રતિમામાંથી ઋષભદેવની આકૃતિનું ‘બસ્ટ’ ને યક્ષિણીઅંબિકાનાં ચિત્રો પણ રજૂ કર્યાં હતાં. મહુડી કોટચર્કમાંથી મળેલા ‘માતા અને શિશુ’ના એક સુંદર શિલ્પનો ફોટોગ્રાફ શ્રી રવિશંકર રાવળે વર્ષો ઉપર પાડી એ પ્રતિમાને પ્રકાશમાં આણી હતી (જુઓ કુમાર અંક ૬૧ તથા ૩૬૧) તે પ્રતિમા ગુપ્તકાલના અંતની છે. ઈડર રાજ્યના શામળાજી નામના પ્રાચીન તીર્થમાંથી ઘણી સુંદર પણ ખંડિત પ્રતિમાઓ મળી હતી તેનું વિવેચન ‘ગુપ્ત સ્કલ્પ્ચર્સ ફ્રૉમ ગુજરાત’ એ શીર્ષક નીચે ‘જર્નલ ઑવ ઇન્ડિયન મ્યૂઝિયમ્સ’ (વૉલ્યુમ ઈ.સ.૧૯૫૪)માં આ લેખકે આપ્યું છે. જે હવે પછીના અંકોમાં રજૂ થશે. અકોટાના સંગ્રહમાંથી મળેલી પ્રતિમાઓ વિષે ‘કુમાર’ ફેબ્રુઆરી ૧૯૫૨ના અંકમાં એક નોંધ આ લેખકે આપી છે. એ જ સંગ્રહમાંથી એક અતીવ સુંદર ગુપ્તકાલીન ધાતુ-પ્રતિમા મળી છે, જે છે ભગવાન મહાવીર સ્વામીની. દીક્ષા લેતાં પહેલાં લગભગ દોઢ વર્ષ સુધી મહાવીર સ્વામીએ પોતાના મહેલમાં રહી, ધ્યાન અને તપમાં સમય પસાર કર્યો હતો. એ સમયે રાજપુત્રના વસ્ત્રાલંકાર પહેરવા છતાં જનકની માફક એમનું ચિત્ત એનાથી અલિપ્ત–અનાસક્ત ને આત્મધ્યાનમાં મગ્ન રહેતું. એ સૂચવતી પ્રતિમાઓ ‘જીવન્તસ્વામી-પ્રતિમા’ નામે ઓળખાય છે. (વધુ સમજૂતી માટે જૂઓ, ‘જૈન સત્ય પ્રકાશ,’ વૉલ્યુમ ૧૭, માર્ચ–

એપ્રિલ, ૧૯૫૨ના અંકમાં આ લેખકનો શ્રી જીવન્તસ્વામી ઉપરનો લેખ). એવી જીવન્ત સ્વામીની 'ગુજરાતમાંથી મળેલી આ ખંડિત પ્રતિમા ઉત્તર ભારતની ધાતુશિલ્પ-સમૃદ્ધિમાં એક શ્રેષ્ઠ કૃતિ છે' એવો મત, બનારસમાં કૉલેજ ઑાવ ઈન્ડોલૉજીમાં જ્યારે મેં આ પ્રતિમાને ફોટોગ્રાફિક સ્લાઇડ દ્વારા પડદા ઉપર બતાવી હતી ત્યારે પ્રખ્યાત કલાવિદ્ ડૉ. વાસુદેવશરણજી અગ્રવાલે પ્રમુખસ્થાનેથી ઉચ્ચાર્યો હતો. મારા મતે એ પ્રતિમા ઈ. સ.ના પાંચમા સૈકાની કૃતિ છે અને એ પ્રાચીન પશ્ચિમ ભારતીય (શાર્ઙ્ગધર નામના મારૂ-ગુર્જ્જર પ્રાચીન કલાકારે નીપજાવેલી) કલાશૈલિની કૃતિ છે. એ જ શૈલિનું બીજું ગુપ્તકાલીન ધાતુશિલ્પ સિંધમાં મીરપુર ખાસ નામના સ્થળેથી મળ્યું હતું. તે શિલ્પ હાલમાં કરાંચી મ્યૂઝિયમમાં છે. (જુઓ પૃ. ૪૩૯ ઉપરનું ચિત્ર) બ્રહ્માજીની એ મૂર્તિ પણ ગુપ્તકાલના ઉત્તરાર્ધની, ઈ.સ.૫૦૦ની આસપાસની છે અને તે એક અતીવ સુંદર કલાકૃતિ છે. વડોદરાની જીવન્ત સ્વામી પ્રતિમા ને સિન્ધની આ બ્રહ્માજીની પ્રતિમા જાણે શાર્ઙ્ગધર કે એના શિષ્યે જ બનાવી હોય એમ કહેવાનું ઘડીભર મન થઈ જાય છે!

[આ લેખમાં વિદ્વાન પુરાતત્ત્વવિદ તથા કલામીમાંસક ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલજીનાં અંગ્રેજી તથા હિંદી લખાણોનો ખૂબ ઉપયોગ કરવામાં આવ્યો છે.]



અજંતાની ભીંત પરનાં ગુપ્ત કાળનાં ભરચક સુશોભનોમાંનું એક



આપણી ધર્મકથાઓ અને સાહિત્યમાં નિર્દેશાએલી ભારતીય જીવનની સર્વ ભાવનાઓ પ્રતીક રૂપે ગુપ્ત કાળમાં પ્રકટાવેલી જોવા મળે છે. ઉપર બેસનગર ખાતેની લલિત અંગભંગીવાળી ગંગાની મૂર્તિ છે, અને નીચે દેવગઢના શિલ્પસમૃદ્ધ મંદિરમાંની શેષશાયી વિષ્ણુની પ્રતિમા છે.



ગુપ્ત કાળનાં શિલ્પ અને ચિત્રમાં અલંકરણોના અતિ સુંદર નમૂના ભર્યા પડ્યા છે. દેવમંદિરની દ્વાર શાખાઓ જુઓ કે તેમના થાંભલા જુઓ, સર્વત્ર જુદીજુદી જાતની મનોહારી કોતરણી અને સજાવટ જણાય છે. એવા ઉદાહરણરૂપ એક સ્તંભની મિસાલ.



અંગ્રેજ પ્રજાના ખમીરને જાગ્રત કરીને તેને બબ્બે ભીષણ મહાયુદ્ધોમાંથી

પાર્લામેન્ટમાં એ પોતાનું પહેલવહેલું ભાષણ કરવા ઊભો થયો ત્યારનો ચર્ચિલ, એ પ્રજાને પરિચિત ચર્ચિલ કરતાં જાણે સાવ જુદો જ હતો. ભાષણમાં એણે બ્રિટિશ સામ્રાજ્યનું રક્ષણ કરવાનું ને તે માટે મજબૂત નૌકાકાફલો અનિવાર્ય હોવાનું જણાવ્યું, કારણ સામ્રાજ્યનું રક્ષણ દરિયાઈ માર્ગો પર અવલંબતું હતું. મજબૂત સૈનિકદળને બદલે મજબૂત નૌકાકાફલો? ને તેની માગણી બીજું કોઈ નહિ ને એક વારનો સૈનિક ખુદ કરે? સૌકોઇ એથી આશ્ચર્યમાં પડી ગયા. પરંતુ ચર્ચિલને એમના આશ્ચર્યની કંઈ પડી નહોતી. બ્રિટિશ સામ્રાજ્યને એકત્ર અને મજબૂત રાખવું એ તેનું ધ્યેય હતું જે આજ સુધી ચાલુ રહ્યું છે. એ ધ્યેયની સિદ્ધિ અર્થે રાજકીય પક્ષોને એણે સદા ગૌણ ગણેલા છે. રૂઢિચુસ્ત ટોરી, વિનીત લિબરલ કે ઉગ્ર મજૂર પક્ષ, જે કોઈના દ્વારા એ ધ્યેય સિદ્ધ થતું લાગે એ પક્ષ તરફથી ઊભા રહેતાં એ અચકાયો નથી. રાજકીય વિરોધીઓએ પક્ષોની આ ફેરબદલી બદલ તેને તકસાધુ પણ ગણાવેલો છે, પરંતુ ચર્ચિલે એવી ટકોરની દરકાર નથી કરેલી. બ્રિટિશ સામ્રાજ્યને મજબૂત બનાવવા સાથે બ્રિટનના સામાન્ય માનવીની સ્થિતિ સુધારવાની પણ તેની ઝંખના છે. તેના કહેવા પ્રમાણે 'સરકારે લંડનના શેરબજારના ભાવોના ઉછાળા કરતાં ખાણોના તળિયે કામ કરનારા મજૂરો પર વધુ લક્ષ આપવું જોઇએ, સોમાલીલૅન્ડનાં જંગલો કરતાં ઇંગ્લંડમાં મજૂરોના ગંદા વસવાટો વધુ લક્ષ માગે છે.'

ઈ. સ. ૧૯૦૫માં લિબરલ સંસ્થાનમંત્રીના હાથ નીચે તે સંસ્થાનોનો નાયબમંત્રી નિમાયો. બોઅર લોકો સામે લડયા છતાં તેણે એમના પક્ષ પ્રત્યે અત્યંત સહાનુભૂતિ દાખવી. એ ત્યારે રૂઢિચુસ્ત કૉન્ઝર્વેટિવ પક્ષની જકાતને લગતી નીતિથી વિરુદ્ધ પડીને લિબરલ પક્ષમાં જોડાએલો, કારણ એ મુક્ત વેપારમાં માનતો હતો. લિબરલ પક્ષે ટ્રાન્સવાલ માટે તૈયાર કરેલું બંધારણ પસાર કરવા તેણે કૉન્ઝર્વેટિવ પક્ષને ઉદ્દેશીને કહેલું: 'અમારી બહુમતી હોઈ અમે આ બંધારણ પસાર કરીને તેને માત્ર એક જ પક્ષ તરફની ભેટ બનાવી શકીએ તેમ છીએ; પણ તમે તો સાથ આપીને એને ઇંગ્લંડ તરફની ભેટ બનાવી શકો તેમ છો.'

ઈ. સ. ૧૯૦૪માં ચર્ચિલે કૉન્ઝર્વેટિવ પક્ષની બેઠકો ત્યજીને વિરોધ પક્ષની બેઠકોની પહેલી હારમાં મિ. લૉઈડ જ્યૉર્જ જોડે પોતાની બેઠક



નાનામાં નાનો પાર્લામેન્ટેરિયન: ઈ. ૧૯૦૦માં છવ્વીસ વર્ષની વયે ઓલ્ડહામ વિભાગ તરફથી ચર્ચિલ પહેલોવહેલો પાર્લામેન્ટમાં ચૂંટાઇ આવ્યો ત્યારે

લીધી ત્યારથી વીસ વર્ષ સુધી એ બંનેનો નાતો અતૂટ રહ્યો. લૉઈડ જ્યૉર્જના પ્રભાવમાં જરા યે અંજાઇ ગયા વિના તેની આટલી નિકટ આવનાર વ્યક્તિ બીજી ભાગ્યે જ હશે. તેની સમજાવટશક્તિ વિષે ચર્ચિલ લખે છે: 'મેં એને દસ જ મિનિટમાં આખા પ્રધાનમંડળને પોતાના પક્ષમાં ફેરવી નાખતો જોએલો છે, અને છતાં લૉઈડ જ્યૉર્જની કઇ ચોક્કસ દલીલથી પોતાનો દૃષ્ટિકોણ બદલાયો તે એમાંનો કોઈ કહી શકે તેમ નહોતું.' એ વિચક્ષણ રાજપુરુષને અંજલિ આપતાં એણે લખેલું છે: '...in fact no British politician in my day has possessed half his competence as a mover of men and affairs.' (વસ્તુત: મારા કાળના કોઇ પણ બ્રિટિશ રાજદ્વારી પુરુષમાં માણસો ને પ્રસંગોને પલટાવવાની તેના કરતાં અરધી કાબેલિયત પણ જણાઇ નથી.)

ઈ. સ. ૧૯૦૮ના સપ્ટેમ્બરમાં ૩૪ વર્ષની વયે એણે લગ્ન કર્યાં. પ્રેમાળ ને સમજુ પત્ની મળતાં એની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવાનો માર્ગ સરળ બન્યો અને એની સિદ્ધિઓ પણ વધતી ગઇ. ચર્ચિલનાં જીવનચરિત્રોમાં ભાગ્યે જ ઉલ્લેખ પામતી એની પત્ની ક્લીમેન્ટીન ઓગિલ્વી સ્પેન્સર મોટે ભાગે નેપથ્યમાં જ રહેતી હોવા છતાં એને એનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. પ્રખર વક્તા અને દક્ષ રાજનીતિજ્ઞ ચર્ચિલ આટલી ઉમરે ય પોતાના કોઇ પણ ભાષણ વિષે પહેલો અભિપ્રાય એનો પૂછે છે, કે 'કેવુંક લાગ્યું?' ક્લીમેન્ટીને ૧૯૪૫ની રશિયાની કરેલી મુસાફરીનું વર્ણન લંડનના 'ટાઇમ્સ' પત્રમાં બે કૉલમ ભરીને આવતાં ચર્ચિલની પુરુષસહજ ઈર્ષ્યા ઉત્તેજાએલી અને એ બોલી ઊઠેલો, 'મને તો 'ટાઇમ્સ'માં કદી બે કૉલમ નથી મળતાં, ને તને ક્યાંથી મળ્યાં?!' ચર્ચિલ કરતાં ફ્રેન્ચ એ સારું બોલી શકે છે અને એક કાળે જર્મન પણ સારું બોલતી, પણ પછી મહાવરાના અભાવે એ ઘસાઇ જવા આવ્યું છે. રાજકારણમાં એ ઉદાર-મતવાદી છે. રશિયા માટે એકાદ લાગણીભર્યો શબ્દ બોલવો એ પણ વિરોધ ઊભો કરવા જેવું હોવા છતાં જરૂરી લાગે ત્યારે રશિયાને પક્ષે બોલતાં એ અચકાઈ નથી. રશિયાને રેડક્રૉસ સહાય માટે એણે જ ૭૦ લાખ પૌંડ જેટલાં નાણાં ઉઘરાવેલાં!

૧૯૧૧માં નૌકાખાતામાં ચર્ચિલની નિમણૂક થઈ. બ્રિટનનું દરિયાઇ બળ વધારવાનો તો તે મૂળથી જ હિમાયતી હતો, એટલે એ ખાતામાં નિમાયા પછી તેણે યુદ્ધજહાજો, ક્રૂઝરો, ડિસ્ટ્રૉયરો અને દરિયાઈ વિમાનો સુદ્ધાંથી નૌકાદળને સુસજ્જ બનાવ્યું. એ વખતે તે રૅડિકલ પક્ષમાં હતો અને રૅડિકલો શાંતિવાદીઓ હોઇ તેને એ પક્ષથી છૂટા થવું પડયું. જર્મનીની એ સમયની મહત્ત્વાકાંક્ષા જોઇ તે હમેશાં કહેતો રહેતો, 'ધારો કે જર્મની યુદ્ધ કરવા પર ઊતર્યું તો?' પણ એ વખતે તેને સૌકોઈ હસી કાઢતા. હકીકતમાં તો આગામી યુદ્ધના ઓળા કેવળ એ જ જોઇ રહ્યો હતો. બીજાઓ, ચર્ચિલે એ પ્રત્યે લક્ષ દોર્યા છતાં, તે ન જોઇ શકયા. પરિણામે ૧૯૧૪માં મહાયુદ્ધ આરંભાયું ત્યારે ઇંગ્લંડ જોઇએ તેટલું સુસજ્જ ન હતું—અલબત્ત, સૈનિક દળની બાબતમાં; કારણ નૌકાદળને તો ચર્ચિલે સુસજ્જ રાખ્યું જ હતું.

યુદ્ધ દરમિયાન તુર્કી પણ જર્મનીના પક્ષે જોડાતાં ઇજિપ્તના રક્ષણનો સવાલ ઊભો થયો અને એ માટેનો યોગ્ય માર્ગ ગૅલીપોલીના દ્વીપકલ્પ પર હલ્લો કરવાનો હોવાનો ચર્ચિલે સૂચવ્યો. વિદેશખાતું, યુદ્ધખાતું અને નૌકાખાતું ત્રણે સંમત થતાં ડાર્ડેનલ્સ પર આક્રમણ કરવામાં આવ્યું. ત્યાં તો જર્મની સર્બિયા પર તૂટી પડયું. જે મિત્ર-

વિજય અપાવનાર નેતા
સર વિન્સ્ટન ચર્ચિલ

લેખક • અશોક હર્ષ



આ માસની ૩૦મી તારીખે જે એંશી વર્ષનાં આયુ પૂરાં કરે છે

રાજ્ય ખાતર બ્રિટન જર્મની સામે યુદ્ધે ચડેલું તેને કોઈ પણ રીતે રોળાઈ જતું બચાવવું જ જોઇએ, એટલે ડાર્ડેનલ્સમાંનું સૈન્ય કોઈ પણ રીતે સર્બિયાને મદદ કરવા સાલોનિકા ઉતારવું પડ્યું. ચર્ચિલ ત્યારે નૌકાખાતાનો વડો હતો, જ્યારે એના હાથ નીચેના 'ફર્સ્ટ સી લૉર્ડ' તરીકે લૉર્ડ ફિશર હતો. ફિશરે ચર્ચિલના યુદ્ધ-સંચાલનની વિરુદ્ધ પડી પોતાના પદનું રાજીનામું આપતાં ચર્ચિલે 'ફર્સ્ટ સી લૉર્ડ' વિના જ ચલાવવા માંડ્યું. એ જ અરસામાં વડા પ્રધાન લૉર્ડ બાલ્ફરે યુદ્ધસમિતિની પુનર્રચના કરી, જેમાં એ પોતે, લૉર્ડ કિચનર, સર એડવર્ડ ગ્રે અને મિ. લૉઇડ જ્યૉર્જ હતા, જ્યારે મિ. બોનર લૉને કૉન્ઝર્વેટિવ દબાણથી દસ દિવસ પાછળથી ઉમેરવામાં આવ્યો. સમગ્ર યુદ્ધ-સંચાલન આ સમિતિએ પોતાના હાથમાં લીધું. ચર્ચિલને આ સમિતિમાંથી બાકાત રાખવામાં આવ્યો, એટલે નવી સમિતિ સત્તા પર આવતાં જ તેણે નૌકાખાતાનો પોતાનો હોદ્દો છોડી દીધો.

ચર્ચિલનો ઇરાદો હવે ફ્રાન્સના મોરચે યુદ્ધમાં પ્રત્યક્ષ કામગીરી બજાવવાનો હતો, પરંતુ નવા વડા પ્રધાન લૉઇડ જ્યૉર્જે ૧૯૧૭ના જુલાઈની ૧૬મીએ તેને સરકારમાં જોડાવા તથા શસ્ત્રસરંજામ ખાતું અથવા તો નવું ઊભું કરેલું વિમાનખાતું સંભાળવા જણાવ્યું. ચર્ચિલ શસ્ત્રસરંજામ ખાતું સંભાળવા સંમત થયો અને વળતી સવારે તેની નિમણૂક જાહેર કરી દેવામાં આવી. ચર્ચિલના વિરોધીઓએ આ નિમણૂકનો સખ્ત વિરોધ કર્યો, પણ લૉઇડ જ્યૉર્જે તેમને દાદ ન આપી. કૉન્ઝર્વેટિવ સભ્યોનું એક પ્રતિનિધિમંડળ પક્ષના વડા મિ. બૉનર લૉને મળ્યું, પણ તેણે યે તેમને બહુ કડક જવાબ આપ્યો. ચર્ચિલે ડંડી મુકામેથી પાર્લામેન્ટમાં ચુંટાઈને પોતાનો હોદ્દો સંભાળી લીધો.

૧૯૧૫નું વર્ષ મિત્રરાજ્યો માટે ખૂબ ભયંકર હતું. એમની ઉપરા-ઉપરી ભૂલોને લઇને અનેક તકો એમને ગુમાવવી પડેલી. જોકે બાજી હાથથી સાવ ગઈ નહોતી, પરંતુ તે યોગ્ય સમયે હાથ લઈ ન શકાઈ. એ વિષે ચર્ચિલ લખે છે: 'It could have been grasped in human hands and brought to rest in righteous and fruitful victory before the world was exhausted, before the nations were broken, before the empires were shaken to pieces, before Europe was ruined.'

'It was not to be. Mankind was not to escape so easily from the catastrophe in which it had involved itself. Pride was everywhere to be humbled, and nowhere to receive its satisfaction.'

૧૯૧૮ સુધીમાં તો બ્રિટનની તાકાત બેહદ વધી ગઈ અને એ તાકાતે તેને વિજય અપાવ્યો. શસ્ત્રવિરામની રાત્રે ચર્ચિલે ડાઉનિંગ સ્ટ્રીટમાં વડા પ્રધાન લૉઈડ જ્યૉર્જ સાથે ખાણું લીધું. બંનેને ભવિષ્યની ચિંતા હતી, કારણકે પરાજિત શત્રુ પ્રત્યે લોકોમાં વૈરાગ્નિ પ્રકટ્યો હતો અને યુદ્ધમાં જેમણે પ્રત્યક્ષ કશો જ ભાગ નહોતો લીધો એવા રાજદ્વારીઓ અને વર્તમાનપત્રો એ વૈરાગ્નિમાં નવાં ઇંધણ પૂરી રહ્યાં હતાં. તેમની માગણી હતી (૧) કૈસરને ફાંસીએ ચડાવવો; (૨) ફરજિયાત સૈન્યભરતી બંધ કરવી; (૩) જર્મનો પાસેની છેલ્લી પૈ પણ યુદ્ધદંડ રૂપે વસૂલ કરવી. ચર્ચિલના મતે તો યુદ્ધદંડની કલમ જ 'ઘૃણા-સ્પદ અને મૂર્ખાઈભરી' હતી.



ઈ. ૧૯૪૦ના મેની ૧૦મીએ બીજા મહાયુદ્ધમાં બ્રિટનની અંધારઘેરી પળે ચર્ચિલે સત્તાસૂત્રો હાથ ધરતાં જ બી. બી. સી. રેડિયો ઉપરથી ચોખ્ખેચોખ્ખું સંભળાવી દીધું કે મારી પાસે તમને આપવા માટે ખૂન, જહેમત, આંસુ અને પસીના સિવાય બીજું કશું જ નથી. અને બ્રિટિશ પ્રજાનું ખમીર જાગ્રત કરતું પેલું ઐતિહાસિક આહ્વાન દીધું કે Victory;—at all costs victory; inspite of all terror—victory; for, without victory there is no survival.

મિત્રરાજ્યોના સરસેનાપતિ ફૉશે એક સૈનિકને છાજે એ રીતે જર્મન સૈનિકોની પ્રશંસા કરીને તેમનાં હથિયારો તેમની પાસે રહેવા દેવા જણાવ્યું, પણ સાથે ફ્રાન્સની સરહદ ર્‌હાઈન નદી સુધી લંબાવવાની માગણી કરી. પરંતુ અંગ્રેજ પ્રજાનો મત જુદો હતો. પરિણામે વેર્સાઈ(વર્સેલ્સ)ની સંધિએ જર્મનીને અખંડિત જ રાખ્યું. માર્શલ ફૉશ આ સંધિ પર દરખાસ્ત થઇ ગયાનું સાંભળી બોલી ઊઠેલો કે, 'આ શાંતિ નથી, વીસ વરસ માટેનો શસ્ત્રવિરામ છે.'

ચર્ચિલ ત્યાર પછી યુદ્ધનું દફતર છોડી સંસ્થાનખાતામાં ગયો, જ્યાં આમ સભામાં 'આઈરિશ ફ્રી સ્ટેટ બિલ' પસાર કરાવવાનો બોજો એના પર રહ્યો હતો. એ અરસામાં એ એપેન્ડિસાઈટિસના કારણે ઑસ્પિટલમાં હતો, ત્યાં જ નવી ચૂંટણી આવી અને તેણે એમાં ઝંપલાવવાનું નક્કી કર્યું. એના વતી એની પત્ની ચૂંટણીજંગ લડવા માંડી. ચૂંટણીના બે જ દિવસ પહેલાં એ ઑસ્પિટલમાંથી છૂટ્યો અને સીધો ડંડીના મતવિભાગના પોતાના મતદારોને સંબોધવા ઊપડી ગયો. પરંતુ ચૂંટણીના પરિણામમાં તો તેને નિષ્ફળતા જ સાંપડી.

૧૯૦૫માં છોડેલા કૉન્ઝર્વેટિવ પક્ષમાં ૧૯૨૪માં ફરી જોડાઇને બાલ્ડ્‌વિનની સરકારમાં તે નાણાંમંત્રી બન્યો. ૧૯૨૯માં કૉન્ઝર્વેટિવ પક્ષને પરાજિત કરીને સમાજવાદી પક્ષ સત્તા પર તો આવ્યો, પણ આર્થિક કટોકટીને લઇને ઈ. સ. ૧૯૩૧માં રાષ્ટ્રીય મિશ્ર સરકાર અસ્તિત્વમાં આવી. પરંતુ ચર્ચિલને તેમાં જોડાવા નિમંત્રણ ન મળ્યું. ચર્ચિલે હવે પોતાનું લક્ષ લખવા, વાંચવા, ભાષણો કરવા અને ચીતરવામાં કેન્દ્રિત કર્યું. એણે લેખન અને વકતૃત્વની દિશામાં તો વહેલું જ પ્રસ્થાન કરેલું, પરંતુ ચિત્રકળાની દિશામાં ચાળીસ વરસની ઉમર સુધીમાં તો તેણે પેન્સિલ કે પીંછી હાથમાં નહોતી ઝાલી. કોઈ પણ ચિત્રને દુર્ગ્રાહ્ય રહસ્યરૂપે સમજનાર આ આદમીને પહેલા મહાયુદ્ધના અરસામાં ચિત્રકળાનો નાદ લાગ્યો. ગૉલ્ફ કે બ્રિજ જેવી રમતો કે અહીં-તહીં ફરતા રહેવા પાછળ સમય બગાડવા કરતાં ચિત્રકળા એ ચર્ચિલના મતે મનને રોકાએલું રાખવા તથા કેળવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. યુદ્ધ દરમિયાન નૌકાદળમાંથી થોડો સમય સૈનિકદળમાં જોડાએલો ત્યારે યુદ્ધમોરચા પર પણ તેણે ચીતરવાનું ચાલુ રાખેલું. તેને એમ કરતો જોઈ સરસેનાપતિએ તેને કહ્યું, 'આ સ્થાન ભયંકર છે એ તમે જાણો છો?' ચર્ચિલે જવાબ આપ્યો, 'આ યુદ્ધ પણ ક્યાં ભયંકર નથી?' એ હરકોઇને પોતાનો ફુરસદનો સમય બીજા કશામાં ન ગુમાવતાં રંગની પેટી અને પીંછી લઇને બેસી જવાની સલાહ આપે છે. આજ સુધીમાં એણે અનેક ચિત્રો ચીતરેલાં છે અને હજુ પણ ચીતરે છે, પરંતુ પોતાની આ પ્રવૃત્તિ દ્વારા જગતને કોઈ અમર કલાકૃતિ આપ્યાનો કે હવે પછી આપવાનો એણે કદી દાવો નથી કરેલો. એ તો પોતાની આ પ્રવૃત્તિને કેવળ 'a joyride in paint box' (રંગપેટીની સહેલ) ગણાવે છે.

ચર્ચિલે ઇતર પ્રવૃત્તિઓમાં વધુ રસ લેવા માંડ્યો ખરો, પરંતુ રાજકીય જીવનનાં સ્વપ્નોએ હજુ તેનો પીછો છોડ્યો નહોતો. એના મનમાં વધુમાં વધુ હિત કશાનું રમતું હોય તો તે બ્રિટિશ સામ્રાજ્યનું. આથી જર્મનીએ પોતાનું સામર્થ્ય વધારવા માંડતાં જ તેણે એ સામે બ્રિટિશ પ્રજાને ચેતવણી આપવા માંડી. પહેલવહેલી ચેતવણી તેણે ઈ. સ. ૧૯૩૨ના મેમાં એટલે કે હિટલર સત્તા પર આવ્યાથી યે આઠ મહિના પહેલાં આપેલી. હિટલર સત્તા પર આવ્યા પછી તો એની એ ચેતવણીઓની પરંપરા અને તીવ્રતા બંને વધતાં ગયાં. ઇંગ્લંડની નબળાઈ એ જાણતો હતો ને એ નબળાઇને સામર્થ્યમાં ફેરવાએલી જોવા તે ઇંતેજાર હતો. નાઝીઓનો ઉદય યુરોપને ભયરૂપ હોવાનું તે સ્પષ્ટ જોઈ શક્યો હતો. પરંતુ ઇંગ્લંડ તો ઊંઘતું જ હતું—જેવું બાલ્ડવિનના વખતમાં એવું જ ચેમ્બરલેનના વખતમાં. મુસૉલિનીએ આબિસીનિયા પર આક્રમણ કર્યું, હિટલર–મુસૉલિની બંનેએ મળીને જનરલ ફ્રાન્કોના હાથે સ્પેનની લોકશાહીની હત્યા કરાવી, છતાં યે ઇંગ્લંડ ઊંઘતું જ રહ્યું'. ચર્ચિલના ક્રોધનો પાર ન રહ્યો. 'નિર્ણય પર ન આવવાનો જ નિશ્ચય કરી બેઠેલી' 'કેવળ નપુંસક રહેવાનું જ સામર્થ્ય ધરાવતી' વગેરે અનેક વિશેષણોથી તેણે બ્રિટિશ સરકારને નવાજવા માંડી.

૧૯૩૬માં વેર્સાઈની સંધિનો ભંગ કરીને જર્મનીએ ર્‌હાઈનલાન્ડ કબજે કર્યું ત્યારે ચર્ચિલે આમસભામાં કહેલું: 'જર્મન પ્રદેશનું અતિક્રમણ ન કરવાની બાંહેધરી સાથે તમારે એ પ્રજાને એવો કોલ આપવો જોઇએ કે જો કોઈ એની સામે થશે તો સૌકોઈ એ સામે થનારનો સામનો કરશે, પણ એ પોતે જો કોઈના પર પ્રહાર કરશે તો સૌકોઈ એ પ્રહારનો ભોગ બનનારના પડખે ખડા રહેશે. હું શાંતિ ઝંખું છું. હું યુદ્ધને નિવારવાનો માર્ગ શોધું છું, પણ તમે તમારી નરી ભાવનાવશતા કે વિનવણીઓથી તે અટકાવી શકવાના નથી.' એની આ ચેતવણીઓ પાછળ જર્મન પ્રજા પ્રત્યેનો કોઇ જાતનો દ્વેષ નહોતો. તેને જ્યાં કંઈ અન્યાય થએલો લાગે તે વાટાઘાટો દ્વારા દૂર કરવાનો પણ તે હિમાયતી હતો તે તેના આ શબ્દો અસંદિગ્ધપણે સાબિત કરે છે: 'Let us negotiate from strength and not from weakness; from unity and not from division and isolation; let us seek to do justice because we have power.'

હિટલરે ર્‌હાઈનલાન્ડ કબજે કર્યું એ વખતે જ ચર્ચિલની ચેતવણી કાને ધરીને બ્રિટન અને ફ્રાન્સે કડક હાથે કામ લીધું હોત તો લોહીનું એક ટીપું રેડ્યા વિના જર્મનીને એ પ્રદેશ ખાલી કરાવી શકાત અને ભવિષ્યનું મહાભયંકર યુદ્ધ ત્યાં જ થંભી જાત. તે પછી હિટલરે ઑસ્ટ્રિયા પર કૂચ કરી તે જર્મની સાથે જોડી દીધું છતાં પણ ઈંગ્લંડ તો નિષ્ક્રિય જ રહ્યું. ત્યાર બાદ હિટલરે જ્યારે ચેકોસ્લોવાકિયાને પીંખી નાખવા પંજો ઉગામ્યો, ત્યારે ઇંગ્લંડનો યુદ્ધભીરુ વડો પ્રધાન નેવિલ ચેમ્બર-

લેઈન ૧૯૩૯ના સપ્ટેમ્બરમાં તેની સાથે નાલેશીભર્યો મ્યૂનિક કરારો કરી લાવીને 'શાંતિ'નાં ઢોલ પીટવા માંડયો અને ઇંગ્લંડને ખાતરી આપવા માંડી કે 'હેર હિટલર એક સજ્જન છે; એણે શાંતિ જાળવવાનું વચન આપ્યું છે.' પરંતુ ચર્ચિલની નજર તો ઘટિત ઘટનાઓની આરપાર પહોંચતી હોઇને તે બોલ્યા વિના ન રહ્યા કે 'યુદ્ધ કર્યા વિના જ આપણે પરાજય વરી ચૂકચા છીએ!'

અને 'સજ્જન' હિટલરે કેવીક શાંતિ જાળવી એ તો ત્યાર પછીના બનાવોએ બતાવી આપ્યું. જે અપેક્ષિત હતું તે જ બનવા પામ્યું. ૧૯૩૯ના સપ્ટેમ્બરની ૧લીએ તેણે પોલાન્ડ સામે યુદ્ધ જાહેર કર્યું. હવે હિટલરને નાથ્યા વિના છૂટકો ન રહેતાં ૩જી સપ્ટેમ્બરે બ્રિટને જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું અને થોડા સમયમાં એ યુદ્ધની આગ ખંડે ખંડમાં ફરી વળી. વડા પ્રધાન ચેમ્બરલેઇને નૌકાખાતાનો ભાર ચર્ચિલના માથે નાખ્યો, અને એ સમાચાર બહાર આવતાં જ આખો યે બ્રિટિશ નૌકાકાફલો 'વિન્સ્ટન ઈઝ બૅક' એ નાદથી ગાજી ઊઠયો!

યુદ્ધના પ્રારંભે જ પોલાંડના તો ભુક્કા ઊડી ગયા અને જર્મની તથા રશિયાએ મળીને એ આખો મુલક પરસ્પર વહેંચી લીધો. પશ્ચિમ સમરાંગણ પરનું મિત્રસૈન્ય જર્મની ઉપર આક્રમણ કરી શકે એટલું મજબૂત નહોતું, એટલે યુદ્ધના પ્રારંભના આઠ મહિના તો સઘળી યુદ્ધપ્રવૃત્તિ દરિયાઈ જ રહી.


૧૯૪૦ના એપ્રિલમાં જર્મનીએ નૉર્વે પર હલ્લો કર્યો. નૉર્વેજિયન યુદ્ધમાંની બ્રિટનની રીત પર આમ સભામાં એવા ઉગ્ર પ્રહારો થયા કે વિરોધપક્ષના સમાજવાદીઓ અને લિબરલો સહિત મિશ્ર સરકાર રચ્યા વિના છૂટકો ન હોવાનું ચેમ્બરલેઈનને લાગવા માંડ્યું. ૧૦મી મેએ તો હૉલૅન્ડ અને બેલ્જિયમ બંને પર એકીસાથે હલ્લો કરીને જર્મન લશ્કર ફ્રાન્સ તરફ આગળ વધવા લાગ્યું. એ જ દિવસે દસેક વાગ્યાના શુમારે કિંગ્સલીવૂડે દેશનું સુકાન નવી રાષ્ટ્રીય સરકારને સોંપી




......અને વિજયના પોતાના એ પડકારને મૂર્ત કરતી પોતાનાં બે આંગળાં વડે યોજેલી victory શબ્દના પ્રથમાક્ષર vની આકૃતિને સર્વવ્યાપી બનાવી દઇને એ વિજય મેળવીને જ એ જંપ્યો.

દેવાના ચેમ્બરલેઈનના ઇરાદાની ચર્ચિલને જાણ કરી, અને અગિયાર વાગતાંમાં તો તેને ડાઉનિંગ સ્ટ્રીટનું તેડું પણ આવી ગયું. એ ગયો ત્યારે ચેમ્બરલેઈન પાસે એના સિવાયની એક વ્યક્તિ લૉર્ડ હૅલિફૅક્સ હતો. બંને ચેમ્બરલેઇનની બરાબર સામે બેઠેલા. ચર્ચિલ લખે છે: 'હું આમ તો બહુ બોલું છું, પણ આ પ્રસંગે તદ્દન ચૂપ બની ગયો.' ચેમ્બરલેઈનનો પોતાનો હૃદયભાગ તો બધી સત્તા લૉર્ડ હૅલિફૅક્સને સોંપવાનો હતો, પરંતુ હૅલિફૅક્સે પોતે આમસભાનો સભ્ય ન હોઈને આવી જવાબદારી ઉઠાવવા જાતે જ ના પાડી. ચેમ્બરલેઇને આથી ચર્ચિલ પાસે એ દરખાસ્ત મૂકી. ચર્ચિલે જણાવ્યું કે પહેલાં તો નવી સરકાર રચવા માટે સમ્રાટનું નિમંત્રણ પોતાને મળે. તે પછી વિરોધ

(નીચે) બીજા મહાયુદ્ધ વખતે જર્મનોએ લંડન પર વિનાશ વેરતો 'બ્લિટ્ઝ' બૉમ્બમારો શરૂ કર્યો ત્યારે વૉર કૅબિનેટની મધ્યસ્થ કચેરીને જમીનના પેટાળમાં ૭૦ ફૂટ ઊંડે ખાસ બનાવેલા બૉમ્બપ્રુફ મકાનમાં ખસેડવામાં આવી હતી. તેમાંનો ચર્ચિલનો સાદો શયનખંડ (ડાબી બાજુએ) અને (જમણી બાજુ) વૉર કૅબિનેટની કચેરીનો ઓરડો, જ્યાં અગત્યના નિર્ણયો લેવાતા અને યોજનાઓ ઘડાતી.







પહેલા મહાયુદ્ધ દરમ્યાન ૧૯૧૫માં રાજનૈતિક મતભેદોને કારણે ચર્ચિલ નૌકાખાતાના સંચાલનમાંથી મુક્ત થયો ત્યારે એ 'ચિંતાયુક્ત નવરા દિવસો' વિતાવવા ચાળીસ વરસની ઉમરે તેણે ચિત્રકલા હાથ ધરી અને અચાનક જગતને જાણ થઈ કે ચિત્રકલામાં એનો હાથ કેવો કાબેલ છે. ત્યાર પછી ઇંગ્લંડના શાહી કલાપ્રદર્શન 'રૉયલ ઍકૅડેમી'માં એની કૃતિઓ પ્રદર્શિત થઇને આદર પામી છે. તે પૈકીનું એક 'બંદરગાહ'નું ચિત્ર

પક્ષ સાથે મંત્રણા કરીને પોતે છેવટનો નિર્ણય લેશે.

એ જ સાંજે છ વાગ્યે ચર્ચિલને બકિંગહામ મહેલેથી નવી સરકાર રચવાનું આમંત્રણ મળ્યું. આમ ૧૯૪૦ની ૧૦મી મેએ ચર્ચિલે બ્રિટન-નાં સત્તાસૂત્રો હાથ ધર્યાં. અને તે પછી પાંચ વરસ ને ત્રણ મહિનાના અંતે શત્રુઓ પાસે બિનશરતી શરણાગતિનો સ્વીકાર કરાવીને જ તે છોડ્યાં. બ્રિટનની એ અંધારઘેરી પળે સત્તાસૂત્રો હાથ ધરતાં જ તેણે સરકારમાંના પોતાના સહકારીઓ તેમજ બ્રિટિશ પ્રજાને પોકળ વચ-નોથી ન રીઝવવા ચોખ્ખેચોખ્ખું કહી દીધું કે 'મારી પાસે તમને આપવા માટે ખૂન, જહેમત, આંસુ અને પસીના સિવાય બીજું કશું જ નથી.' (I have nothing to offer you, but blo: n, toil, tears and sweat ?) એ સાથે યુદ્ધોનું પણ તેણે સ્પષ્ટીકરણ કર્યું : 'You ask, *what is* our aim ? I can answer in one word: Victory–victory; at all costs, victory, in spite of all terror, victory; however long and hard the road may be, for without victory, there is no survival.'

રાષ્ટ્રીય સરકારના મોવડી બન્યાની બીજી જ સવારે ફ્રાન્સના વડા પ્રધાન રેનોનો ચર્ચિલ પર ફોન આવ્યો કે 'આપણો પરાજય થયો છે.' જર્મનોએ સીદાં નજીકની ફ્રેન્ચ હરોળ તોડી પાડી હતી. ચર્ચિલ જર્મની સામેના પ્રથમ મહાયુદ્ધના અનુભવે જાણતો હતો કે જર્મન આક્રમણ જેમ ઉગ્ર હોય છે તેમ એની ઓટ પણ શીઘ્ર હોય છે. એટલે બપોરે ત્રણ વાગ્યે એણે વિમાનમાર્ગે પારીસ પહોંચીને રેનોને આશ્વા-સન આપી ધૈર્ય રાખવા જણાવ્યું. છઠ્ઠે દિવસે મુસૉલિની પર પત્ર લખી ઈટલીને યુદ્ધથી અલગ રાખવા વિનંતી કરી; પરંતુ એ વિનંતી પછી એક જ મહિનામાં ઈટલીએ બ્રિટન અને ફ્રાન્સ સામે યુદ્ધ જાહેર કર્યું.

જર્મન આક્રમણનો વેગ થંભે કે મંદ પડે એમ લાગતું જ નહોતું. અંતે ફ્રાન્સ સુદ્ધાં પડ્યું અને માર્શલ પેતાંએ ફ્રાન્સ વતી જર્મની પાસે સુલેહની માગણી કરી. આમ છતાં ચર્ચિલનો જુસ્સો તો જેવો ને તેવો જ રહ્યો. તેણે જાહેર કર્યું કે 'ફ્રાન્સનું જે કંઇ થવા પામ્યું છે તેથી અમારા કાર્ય કે હેતુમાં કશો તફાવત નથી પડતો.' બીજે દિવસે આમસભામાં તેણે જણાવ્યું: 'જનરલ વેગાં જેને ફ્રાન્સનું યુદ્ધ કહેતો તેનો અંત આવ્યો છે, અને મારા ધારવા મુજબ, બ્રિટનનું યુદ્ધ હવે શરૂ થાય છે!'

૧૯૪૦ના સપ્ટેમ્બરમાં તો બ્રિટનનું યુદ્ધ પરાકાષ્ઠાએ પહોંચ્યું. જર્મન બૉમ્બ-વર્ષાએ લંડનને છિન્નભિન્ન કરી નાખ્યું, પરંતુ બ્રિટિશ પ્રજાએ જે ખમીર ફિલિપ બીજા, લૂઈ સોળમા, નેપોલિયન અને કૈઝર સામે દર્શાવેલું એ જ ખમીર હિટલર સામે પણ દર્શાવ્યું. અને એ સુપ્ત ખમીરને જાગ્રત તથા કાર્યાન્વિત કરવાનો યશ કોઈને પણ ફાળે જતો હોય તો તે ચર્ચિલને.

ઈ. સ ૧૯૪૧ના જૂનની ૨૨મીએ હિટલરે રશિયા પર આક્રમણ કર્યું. હિટલર સાથે કરારો કરનાર સ્તાલિન અને તેના સાથીઓને તેણે એ વખતે 'most completely outwitted bunglers of the se:ond world war.' તરીકે ઓળખાવેલા. તેમ છતાં રશિયા આક્ર-મણનું ભોગ બનતાં જ એ તેને પડખે ઊભો રહ્યો અને અન્ય મિત્રરાજ્યોને પણ મદદમાં ઊભા રહેવા જણાવ્યું.

૧૯૪૧ના ઑગસ્ટમાં તે 'પ્રિન્સ ઑવ વેલ્સ' જહાજ પર અમે-રિકાના પ્રમુખ રૂઝવેલ્ટને મળ્યો અને આ મિલનનું પરિણામ આટ-લાંટિક કરારમાં આવ્યું. એ જ વર્ષના ડિસેમ્બરની ૭મીએ જાપાને પણ યુદ્ધમાં ઝંપલાવ્યું અને હવાઈ ટાપુઓમાંના અમેરિકન તથા ડચ ઈસ્ટ ઈંડીઝમાંનાં બ્રિટિશ જહાજો પર તે તૂટી પડ્યું. રવિવારની એ સવારે ચર્ચિલે રેડિયો પર આ આક્રમણને લગતાં થોડાંક વાક્યો સાંભળ્યાં અને સીધો જ તેણે અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટ પર ફોન જોડ્યો :

'મિ. પ્રેસિડેન્ટ, જાપાન વિષે આ બધું શું સંભળાય છે?

'એ તદ્દન સાચું છે.' તેમણે પર્લ હાર્બર મુકામે અમારા ઉપર આક્ર-મણ કર્યું છે. આપણે બધા હવે એક જ નાવના પ્રવાસી છીએ.'

અને આમ અમેરિકા યુદ્ધમાં ઊતર્યું. ને ચર્ચિલે તો ઈંગ્લંડના પક્ષે એક મહાન વિજય ગણ્યો. ડંકર્કની પીછેહઠ અને ફ્રાન્સના પરાજય પછી દોઢ દોઢ વરસથી અગ્નિવર્ષા વચ્ચે એકલપંડે ઝઝૂમતા અને અનેક મુસી-બતો વેઠતા રહેતા ઈંગ્લંડને માટે અમેરિકાનો યુદ્ધપ્રવેશ એ ખરેખર વિજય સમાન હતો. ચર્ચિલને હૈયે ટાઢક વળી કે ઇંગ્લંડ હવે જીવી જશે, એ ભૂંસાઇ નહિ જાય, એના ઇતિહાસનો અંત નહિ આવી જાય.

બ્રિટિશ સામ્રાજ્ય, સોવિયેત સંઘ અને અમેરિકાનાં સંયુક્ત રા-જ્યોના એકત્રિત બળ સામે ટકી રહેવાની શત્રુરાજ્યોની દેન ન હતી. પરાજય આવતાં હવે ભલે ચાહે તેટલો લાંબો સમય લે, પરંતુ એમનો પરાજય તો નિશ્ચિત હતો. ૧૯૪૨ના નવેમ્બરની ૪થીએ બ્રિટિશ જન-રલ ઍલેક્ઝાન્ડરે અલ અલામીનનો વિજય જાહેર કર્યો; તા. ૭-૮ની રાતે જનરલ આઈઝનહોવરની સરદારી નીચે બ્રિટિશ અને અમેરિકન દળો ફ્રેન્ચ ઉત્તર આફ્રિકામાં અલ્જીઅર્સ, ઓરાન અને કૅસાબ્લાન્કામાં ઊતર્યાં; ૧૯૪૩ની ૧૯મી મેએ પાર્લામેન્ટમાં આફ્રિકન યુદ્ધની સમાપ્તિ જાહેર કરવામાં આવી; અને બે મહિના રહીને જુલાઈના અંતમાં યુદ્ધા-પરાધીઓમાંના એક મુસૉલિનીનું પતન જાહેર થયું. ૧૯૪૦ના મેમાં પડતા ફ્રાન્સની પીઠમાં ખંજર ભોંકનાર અને ગ્રીસ જેવા નાના રાજ્ય પર તૂટી પડનાર મુસૉલિનીના અંત સાથે ઈટાલિયન પ્રજાજીવનનો પણ એક યુગ પૂરો થયો. ૧૯૪૩ના નવેમ્બરના અંત ભાગે ઈરાનના પાટનગર તહેરાન મુકામે રૂઝવેલ્ટ, ચર્ચિલ ને સ્તાલિન એ ત્રણેની પહેલી મુલાકાત થઈ. ૧૯૪૪ના જૂનની ૫મીએ વિજયી મિત્રસેના ઇટાલીના પાટનગર રોમમાં દાખલ થઈ અને એ પછીના અગિયાર મહિને જર્મનીએ બિન-શરતી શરણાગતિ સ્વીકારી. (આવતા અંકમાં અનેક ચિત્રો સાથે પૂરું)

અમેરિકન નવલિકાકાર ઓ. હેન્રીની
એક શ્રેષ્ઠ લઘુકથા

છેલ્લું પાંદડું

અનુવાદક
ગુણવંત છો. શાહ



**શિષ્ટમાન્ય
સાહિત્યશ્રેણી [૬**

તદ્દન અકલ્પ્ય અને અણધાર્યા અંત–પલટાવાળી પોતાની વાર્તાઓ માટે કેવળ અમેરિકન નવલિકાકારોમાં જ નહિ પણ જગતના કથાલેખકોમાં માનભર્યું સ્થાન પામનાર અમેરિકન લઘુકથા-લેખક ઓ. હેન્રીની દસ શ્રેષ્ઠ નવલિકાઓમાં આ વાર્તા સ્થાન ભોગવે છે. ઈ. ૧૮૬૨ની ૧૧મી સપ્ટેમ્બરે અમેરિકાના ઉત્તર કૅરૉલિના પરગણાના ગ્રીન્સબરો ગામે જન્મેલા એ વાર્તાકારનું મૂળ નામ વિલિયમ સિડની પૉર્ટર. ઓ. હેન્રી તો એનું તખલ્લુસ છે. 'રોલિંગ સ્ટોન' નામના એક હસામણા અઠવાડિકના તંત્રી તરીકે તથા પાછળથી હાઉસ્ટન-પોસ્ટ નામના દૈનિકના તંત્રીખાતામાં કામ કરતાં કરતાં એણે ૧૮૯૨થી ટૂંકી વાર્તાઓ લખવી શરૂ કરી, જે અસંખ્ય સામયિકોમાં છપાયા બાદ કુલ બાર ગ્રંથોમાં સંઘરાઇ છે. ઇ. ૧૯૧૦ની પાંચમી જૂને ન્યૂયૉર્કમાં એનું અવસાન થયું.

વૉશિંગ્ટન સ્કેવરના પશ્ચિમ ભાગ તરફ આવેલી નાની નાની શેરીમાંની એકમાં ત્રણ માળના એક મકાનને છેલ્લે માળે સૂ અને જોન્સીનો સ્ટૂડિયો હતો. આમ તો જોન્સીનું ખરું નામ હતું જોઆના, પણ બધા જોન્સી કહે એ તેને ગમતું. આ બેમાંની એક હતી માઈન પરગણાની અને બીજી હતી કૅલિફૉર્નિયા તરફની.

આઠ નંબરની શેરીમાં એક હોટેલમાં એ બંને પહેલી વાર મળી ત્યારે જ બંનેને થયું કે પોતાની વચ્ચે પહેરવા-ઓઢવામાં, ખાનપાનમાં તેમજ કલાક્ષેત્રમાં–લગભગ દરેક વાતમાં ગજબનું સામ્ય છે. અને બંનેએ મળીને સ્ટૂડિયો શરૂ કર્યો.

મે માસ ચાલતો હતો. ગયા નવેમ્બરમાં ઠંડીના મોજા સાથે એક અદૃશ્ય નવા જ મહેમાનનું આગમન થએલું. એનું નામ હતું ન્યૂમોનિયા. બિલ્લીપગે તેણે પ્રવેશ કર્યો હતો. પોતાની બરફ જેવી ઠંડી આંગળીઓ વડે લોકોને સ્પર્શીસ્પર્શીને શહેરના પૂર્વ વિસ્તારમાં એ વિનાશી આગન્તુકે લાંબી લાંબી ફાળો ભરીને અનેકને પોતાના શિકાર બનાવ્યા હતા. આ ભાગમાં તે આસ્તે આસ્તે ઘૂસ્યો હતો.

આમ તો મિસ્ટર ન્યૂમોનિયા સાહસી પુરુષ હતા જ નહિ; એટલે જ તો તેણે પોતાનો ખૂની પંજો, કૅલિફૉર્નિયાની વાસી હોવાના કારણે જેનું લોહી પહેલેથી જ પાતળું હતું એવી એક દીનહીન કૃશકાય સ્ત્રી ઉપર નાખ્યો હતો ને?

જોન્સીને તેણે આક્રમણની સાથે જ પથારી ભેગી કરી દીધી. આક્રમણ બહુ ભયંકર હતું. જોન્સી પથારીમાં પણ પડખું ફેરવી શકતી નહોતી. ખાટલા ઉપર પડી પડી તે બારીના કાચમાંથી બહાર જોયા કરતી.

એક દિવસ સવારે ડૉક્ટરે પોતાનાં ભવાં ચઢાવતાં સૂને બહાર ખાનગીમાં બોલાવી અને થર્મોમીટરનો પારો ઉતારતાં ઉતારતાં કહ્યું: 'આની હવે રૂપિયે બે આની બચવાની આશા છે. અને એ ય તે એનો પોતાનો જ જીવવાનો પ્રબલ સંકલ્પ હોય તો. મને લાગે છે કે તેને કંઇક માનસિક અસર પહોંચી હશે. એણે તો જાણે મરવાનો જ નિશ્ચય કર્યો હોય એવું લાગે છે. એને કોઈ પુરુષ સાથે......'

'ના, ના, ના, ડૉક્ટર! એવું તો કશું નથી, એની મને ખાતરી છે.' સૂએ ડૉક્ટરને વચમાં જ અટકાવતાં કહ્યું.

'તો પછી તમે એને કંઇક માનસિક આનંદ થાય એવું કરો.' આટલું કહી ડૉક્ટર ચાલ્યા ગયા.

તેમના ગયા પછી સૂ પોતાના ખંડમાં જઇને ખૂબ રડી,—એટલી બધી રડી કે તેનો જાપાની રૂમાલ આંસુઓથી ભીનો થઇ ગયો. પરંતુ થોડી વારે સ્વસ્થતા મેળવીને તે પોતાનું ડ્રૉઇંગ બોર્ડ લઇને કંઇક અજબ પ્રકારના આત્મવિશ્વાસપૂર્વક મસ્ત માણસની જેમ બેદરકારીથી મોંની સીટી વગાડતી જોન્સીના ખંડમાં ગઇ.

જોન્સી બારી તરફ મોં રાખીને સૂતીહતી. સૂને લાગ્યું કે તે ઊંઘી ગઈ છે, એટલે તેણે સીટી વગાડવી બંધ કરી. તેણે ડ્રૉઇંગ બોર્ડને બરોબર ગોઠવ્યું અને એક માસિકની વાર્તાનું ચિત્ર ચીતરવાનું શરૂ કર્યું. માસિકો માટે વાર્તા લખીને શિખાઉ લેખકો ભય ફેલાવી રહ્યા છે અને એમની જ વાર્તાનાં ચિત્રો દોરીને નવા ચિત્રકારો ચિત્રજગતમાં પ્રસિદ્ધિ મેળવવા ઊંચાનીચા થતા હોય છે.

તે એક ઘોડેસવારનું ચિત્ર દોરી રહી હતી, એવામાં તેણે એક ધીમો અવાજ સાંભળ્યો. ફરી એ જ શબ્દ સંભળાયો. તરત જ તે જોન્સીના ખાટલા પાસે ગઇ. જોન્સીની આંખો ખુલ્લી હતી. બારી બહાર નજર રાખીને તે કંઈક ઊલટી ગણતરી કરતી હતી.

તે બોલી, 'બાર'. થોડી વારે ફરી બોલી, 'અગિયાર'. અને તરત જ એક સાથે, 'દસ', 'નવ', 'આઠ', 'સાત', એમ બોલવા લાગી. સૂએ બારીની બહાર નજર કરી, પણ કંઇ સમજી શકી નહિ. તેણે પૂછ્યું, 'શું છે, જોન્સી?'

'છ!' જોન્સીએ ધીરેથી કહ્યું, 'હવે તો એ જલદી જલદી પડવા લાગ્યાં છે. બે-ત્રણ દિવસ પહેલાં તો એ લગભગ સો જેટલાં હતાં. એ વખતે ગણતાં ગણતાં તો માથું દુ:ખવા આવ્યું હતું, પણ હવે બધું ગણી શકાય છે. જો, વધુ એક પડ્યું! હવે તો પાંચ જ રહ્યાં.'

'પણ પાંચ શું? મને નહિ કહે તું?' સૂ હજી કશું સમજી શકી નહોતી.

'પાંદડાં,—આ સામે દેખાય છે તે ઝાડનાં પાંદડાં! જ્યારે છેલ્લું પાંદડું પડી જશે ત્યારે હું પણ એની સાથે ચાલી નીકળીશ. ત્રણ દિવસથી મને એવું લાગે છે કે હું પણ તેની સાથે ખલાસ થઈ જઈશ. કેમ? ડૉક્ટરે કશું નથી કહ્યું?' ક્ષીણ અવાજે જોન્સી બોલી.

'ઓહ! આવી તે ગાંડી વાત વિચારાતી હશે! આ ઝાડનાં પાંદડાંને અને તારી તબિયતને શો સંબંધ? એવા ગાંડા વિચારો નહિ કરતી. ઊલટું, તું તો હવે સાવ સાજી થઇ જવા આવી છે એમ ડૉક્ટરે આજ સવારે કહ્યું છે.' જોન્સીની વાતને મજાકમાં ઉડાવતાં સૂએ કહ્યું.

જોન્સીની નજર બારી બહાર જ હ તી..તે એકદમ બોલી ઊઠી, 'જો, એક વધુ પાંદડું પડ્યું. રાત પડશે ત્યાં તો બધાં પાંદડાં ખરી પડશે....હું પણ ખરી પડીશ.'

જોન્સીને હાથવતી પંપાળીને જાણે નાના બાળકને પટાવતી હોય એમ સૂ બોલી: 'જો જોન્સી, હવે તારે આંખો ઉઘાડવાની જ નથી.

મારી બહેન છો ને? હવે આંખ બિલકુલ ન ખોલતી, નહિતર હું બારી જ બંધ કરી દઇશ. હું ચિત્ર પૂરું કરી લઉં પછી આંખ ખોલજે, સમજી?'

'ભલે, પણ ચિત્ર પૂરું થાય એટલે મને તરત કહેજે, હોં!' કહીને તેણે આંખો બંધ કરી દીધી, પણ બોલવાનું ચાલુ રાખ્યું. 'એને ખરતાં જોઇજોઇને હું કંટાળી ગઈ છું. હવે તો જલદી છેલ્લું પાંદડું પડે તો સારું. હું પણ એની માફક હવામાં ઊડીને માટી ભેગી મળી જવા ચાહું છું.'

'તું હવે ઊંઘી જા. હું હમણાં બરમૅનને બોલાવી આવું છું,—તે મારું 'મૉડેલ' છે ને? એટલે ત્યાં સુધી તું પાંપણ પણ હલાવતી નહિ.' કહેતીક ને સૂ બરમૅનને બોલાવવા ગઈ.

એ બરમૅન પણ ચિત્રકાર હતો. આ જ મકાનના સૌથી નીચલા માળે તે રહેતો હતો. સાઠી તે વટાવી ગયો હતો માઇકેલ ઍન્જેલોના 'મૂસા' નામના ચિત્રમાં જેવી દાઢી છે તેવી જ દાઢી બરમૅને પણ રાખી હતી. જોકે ચિત્રકલામાં તે અસફળ નીવડ્યો હતો, અને સતત ચાલીસ વર્ષ સુધી સાધના કર્યા છતાં એની પીંછી કલાદેવીનાં ચરણને અડી શકી ન હતી. જીવનની એક સર્વશ્રેષ્ઠ કૃતિ બનાવવાની તેની ઉમેદ હતી, પણ તે હજી સુધી બર આવી નહોતી. ક્યારેક ક્યારેક તે 'મૉડેલ' તરીકે રહીને પૈસા કમાઈ લેતો. આવું હતું છતાં તે વાતો તો ભવિષ્યની પોતાની 'સર્વશ્રેષ્ઠ કૃતિઓ'ની જ કરતો. તે પોતાને એક શિકારી કૂતરા જેવો સમજતો હતો, કેમકે તે માનતો હતો કે પોતાની ઉપર રહેનાર આ બે તરુણી ચિત્રિકાઓનો પોતે રક્ષક છે.

સૂ નીચે ગઈ. ત્યાં બરમૅનનું એક 'કૅનવાસ' 'સ્ટૅન્ડ' ઉપર ગોઠવેલું હતું. છેલ્લાં પચીસ વર્ષથી આ કૅનવાસ બરમૅનની સર્વશ્રેષ્ઠ કૃતિની પહેલી રેખા દોરવાની રાહ જોતું ધૂળ ખાતું ત્યાં જ પડયું હતું! એક ખૂણામાં બેઠેલા બરમૅન પાસે જઇને સૂએ જોન્સીની સઘળી હકીકત કહી દીધી.

અંગારા જેવી લાલ આંખોમાંથી આંસુ વહેવડાવતા વૃદ્ધ બરમૅનને જોન્સીની મૂર્ખતાભરી કલ્પના ઉપર ઘૃણા અને ઉપહાસ થઇ આવ્યાં. તેના મોંમાંથી તીવ્ર અવાજે ઉદ્ગાર સરી પડયા, 'શું કહ્યું? દુનિયામાં શું આવાં પણ મૂર્ખ છે કે જે ઝાડ ઉપરનાં પાંદડાંને ખરતાં દેખીને મરવા ઇચ્છે છે? ના, ના, એવું ન બની શકે. આમાં તારો જ વાંક હોવો જોઇએ; એના મગજમાં આવી વાત તું શા માટે આવવા દે છે? બિચ્ચારી, જોન્સી!'

સૂએ આસ્તેથી જવાબ આપ્યો, 'તે બહુ માંદી છે અને માંદગીના કારણે નબળી બહુ પડી છે. નવરાં નવરાં તેના મગજમાં કેટલાયે ભયંકર વિચારો આવે છે અને ઘણી વિચિત્ર ઇચ્છાઓ થઈ આવે છે.'

બુઢ્ઢો બરમૅન બોલ્યો, 'હું તારી સાથે જ આવું છું. હે ભગવાન, આ આપત્તિ વળી અહીં ક્યાંથી આવી? જોન્સી જેવી સારી છોકરી બીમાર પડી ગઈ? કદીક હું મારા જીવનની સર્વશ્રેષ્ઠ કૃતિ ચીતરીશ અને એને વેચીને જે પૈસા આવશે એ લઈને આપણે ક્યાંક દૂર ચાલ્યાં જઈશું.'

બંને ઉપર ગયાં ત્યારે જોન્સી સૂતી હતી. બારી ઉપર સૂએ પડદો ઢાંકી દીધો અને ઇશારતથી બરમૅનને બીજા ઓરડામાં આવવા કહ્યું. તેણે બહાર ઝાડ ઉપર નજર ફેંકી જોઈ. ક્ષણભર સુધી બંને એકબીજાને જોતાં રહ્યાં. મૂશળધાર વરસાદ પડતો હતો અને તેમાં ઠંડા પાણીની સાથેસાથે બરફ પણ પડતો હતો.

બીજા દિવસે સૂ જ્યારે જોન્સી પાસે આવી ત્યારે તેણે જોયું કે જોન્સીની નજર બારી ઉપરના પડદા પર હતી. તરત જ જોન્સી ક્રોધિત થતી બોલી, 'પડદો કાઢી નાખ! જલદી! મારે પાંદડાં જોવાં છે.'

અનિચ્છાએ સૂએ પડદો કાઢી નાખ્યો.

અરે! આટલો બધો વરસાદ અને તોફાન હોવા છતાં પણ પેલા ઝાડ પર એક પાંદડું રહી જવા પામ્યું હતું! એ છેલ્લું જ પાંદડું હતું! ભૂમિથી વીસ ફૂટની ઊંચાઈ ઉપર તે હજી પણ સાહસપૂર્વક ચોંટી રહ્યું હતું!

જોન્સી બોલી, 'આ જ છેલ્લું પાંદડું છે. મને એમ હતું કે રાતમાં એ ચોક્કસ પડી જશે, પણ ન પડયું. કાંઈ વાંધો નહિ; આજે તો એ ચોક્કસ ખરી જવાનું અને એ સાથે હું પણ ખરી જઈશ.'

'પણ પછી મારું શું થશે, એ તો વિચાર!' એક તરફ બેઠેલી સૂએ કહ્યું.

પરંતુ તેનો કંઈ જવાબ ન મળ્યો. સમસ્ત જગતમાં સૌથી વધુ એકાકી જો કોઈ હોય તો તે આત્મા છે કે જે પોતાની દૂરદૂરની રહસ્યભરી મંઝિલ પૂરી કરવા માટે તૈયાર થતો હોય છે. મિત્રતા અને સાંસારિક સંબંધ ઢીલા થતા જાય તેમતેમ મૃત્યુ નજદીક આવી રહ્યું છે એ કલ્પના બળવત્તર થતી જતી હોય છે.

એમ કરતાં કરતાં દિવસ વીતી ગયો. પણ રાત પડતાં જ ભયંકર ઝંઝાવાત ઉન્મુક્ત થઇને સુસવાટા મારવા લાગ્યો.

રાત આખી એમ ને એમ વીતી ગઈ. પરોઢિયે સૂર્યનો પ્રકાશ જણાતાં જ જોન્સીએ બારી પરનો પડદો ખસેડી લેવાનું કહ્યું. તેણે જોયું તો પેલું પાંદડું જેમનું તેમ હતું. તે એને ઘણી વખત સુધી જોતી જ રહી. અંતે સૂને બોલાવીને તેણે કહ્યું: 'કોણ જાણે શાથી, પણ આ પાંદડું હજી પડી નથી જતું! હું હવે સાજી તો થવાની. પણ મરણને ઇચ્છવું એ પાપ છે. મારા માટે દવાની સાથે થોડુંક દૂધ પણ લેતી આવજે.'

એકાદ કલાક પછી તે બોલી, 'સૂ, મને લાગે છે કે કદીક હું પેલી ખાડીનું ચિત્ર દોરીશ ખરી.'

બપોરે ડૉક્ટર આવ્યા. તેણે સૂને ખાનગીમાં કહ્યું: 'આઠ આના તબિયત સારી છે. સહેજ વધુ સંભાળ રાખશો તો કંઈ વાંધો નહિ આવે. હા, અહીં તમારી નીચે કોઈ બરમૅન નામનો કલાકાર રહે છે ને? એને પણ ન્યૂમોનિયા થયો છે. પણ એ બહુ ઘરડો છે, એટલે તેને ઑસ્પિટલમાં લઇ જવો પડશે એમ લાગે છે.'

બીજે દિવસે ડૉક્ટરે કહ્યું: 'હવે જોન્સીને કંઈ વાંધો નહિ આવે. આપત્તિ પસાર થઈ ગઈ છે. હવે માત્ર ખોરાકમાં જરા ધ્યાન રાખજો.'

બપોરે સૂ જોન્સી પાસે ગઈ. એ વખતે જોન્સી બેઠીબેઠી કશુંક સાદું કામ કરતી હતી. સૂ બોલી, 'જોન્સી, મારે તને એક વાત કરવાની છે. આજે ઑસ્પિટલમાં બરમૅનનું મૃત્યુ થયું! ફક્ત બે દિવસના ન્યૂમોનિયામાં તે મરણ પામ્યો.

બે દિવસ પહેલાં તે તેની ઓરડીમાં પડયો પડયો ઊંહકારા કરતો હતો. તેનાં કપડાં તદ્દન ભીનાં હતાં અને પાણીથી લથબથ થઇ ગયાં હતાં. સવારના પહોરમાં તેની આવી સ્થિતિ જોઇને કોઈ સમજી ન શક્યું કે તે રાતના ક્યાં ગયો હશે? પણ ત્યાં તો એક ફાનસ અને એક નિસરણી નજરે પડયાં. થોડાંક બ્રશ આડાંઅવળાં પડયાં હતાં. પીળા અને લીલા રંગની ટયૂબો પણ હતી. પછી સમજાયું કે તે ક્યાં ગયો હતો. પેલા ઝાડ ઉપરનું પાંદડું જો, જોન્સી! કેવું ચમકે છે! પણ જરાયે ફરફરે છે? નથી ફરફરતું; એ ત્યાં ચોંટી જ ગયું છે.

બસ જોન્સી, બરમૅનના જીવનની સર્વોત્તમ કલાકૃતિ તે એ છેલ્લું પાંદડું જ છે. જે રાત્રે પાંદડું ખરી પડયું હતું તે જ રાત્રે તેણે આ ચિત્રિત પાંદડું ત્યાં ચોંટાડયું હતું. અને ત્યાર પછી તું......'

પણ તેણે જોયું તો જોન્સી રડતી હતી.

બાપ: આ મારું હજામત કરવાનું બ્રશ કંઈક બગડયું લાગે છે.

દીકરો: આડી રાતમાં તે એને શું થઈ ગયું હશે? હજી ગઈ કાલે મેં મારી સાઈકલ રંગવા લીધું ત્યારે તો ખાસ્સું કામ આપેલું.



વિદાયની વેળા

માલરો અને મૉમ



વેરસાઈના બાગનો એ નમણો ખૂણો હજી મારાથી ભુલાતો નથી. નીકળતી વખતે સાંજે ફરીથી બે-ત્રણ કલાક ગાળી આવ્યો.

લાટિન કવાર્ટર્સમાં ત્યાંના નાના 'થીએતર દ કવાર્તે લાર્તે'માં લૂઇ દુક્રેનું, એક નાનકડું નાટક થવાનું હતું. વાત એવી લાવ્યા હતા કે એક માસિકના તંત્રીએ એક ફકીરનો ફોટોગ્રાફ છાપ્યો, એથી ફકીરનો પિત્તો ઊછળ્યો. બસ! ફકીર જેનું નામ, તે આખું માસિક ઉથલાવી ગયો. એમાં તો જાતજાતના ફોટોગ્રાફો! અને પારીસના ચોપાનિયામાં છબિઓની વળી ખોટ જ શી? કોઇ ખૂની, તો કોઈ રાજ્યદ્વારી વ્યક્તિ, કોઈ ચળવળિયો, તો કોઈ વાત-ચંટોળીઓ, કોઇ નર્તકી તો કોઈ પંથકી, કોઇ નટ તો કોઇ શઠ–એવા તરેહતરેહના ફોટોગ્રાફો! એ બધા ખીચડિયા શંભુમેળાના દાગીનાઓને આ ફકીરે પોતાના ઈલમથી એકાએક જીવતા કરી દીધા! અને પછી તો એ બધાની વચ્ચે એવી તો ઇરખાની આગ સળગે છે! ક્યાંક વળી પ્રેમની ચિનગારી પ્રગટે છે; તો ક્યાંક ન સમજાય એવા સંબંધો એવા બંધાઈ જાય છે કે ઝગડાનો કોઈ પાર નહિ. પરિણામે બધા લઠ્ઠીવઠ્ઠી તંત્રીને બારણે દોડે છે કહેવા, કે અમારી છબિ તમે છાપી જ કેમ? ને તંત્રી બીચારો પગે પડે છે, રડે છે, કરગરે છે.

ઠીક હસવાનું હતું. પણ ત્યાર બાદ ઈન્ટરવલ પછી બીજું નાટક હતું ટાગોરનું 'પોસ્ટ ઑફિસ.' આન્દ્રે જીદે એનો ફ્રેન્ચમાં અનુવાદ કર્યો હતો. નવલકથા લખવામાં એણે ભારેનો ડંકો વગાડ્યો હતો ને ૧૯૪૭માં એને નોબેલ પ્રાઇઝ મળ્યું હતું. એ તો માંદગીને બિછાને હતો, પણ એણે તરજૂમો કર્યો હતો એટલે એ જોવાનું મન થયું.

યુરોપમાં હિંદી કે પૂર્વના દેશનો—'ઓરિએન્ટલ', એટલે એક જ જાતનો અર્ધ ફકીરી, અરધો રાજાશાહી ફેંટો. ભારતમાં કઈ નહિ તો ફેંટાનું બાંધકામ હજાર ઉપરાંત જાતનું હજી આજે યે થતું હશે; છતાં આ બાજુ માથે એક જ જાતનો ફેંટો વીંટે. કશો ફરક જ નહિ! ટાગોરનું ઠાકુરદાદાનું પાત્ર કે ચોકીદારનું પાત્ર, આપણને તો જરા યે રૂચે નહિ. વળી કચ્છો પણ એવો એક જ જાતનો વાળે; અને પગ ખુલ્લા, એટલે 'ઓરીએન્તલ' થઈ ગયા! વર્ષો પહેલાં ટાગોરના આ નાટકમાં કવિ સુન્દરમ્ અને હું સાથે ઊતર્યા હતા તે યાદ આવ્યું. ક્યાં તે વખતે પુલિન બાબુએ યોજેલી વેશભૂષા અને ક્યાં આ બનાવટી રચના. પોસ્ટ ઑફિસનું અમલનું પાત્ર પણ એટલું જ ખરાબ, હાલવામાં ચાલવામાં, બધાંમાં. મનમાં થયું કે આવું ન કર્યું હોત તો ઠીક થાત. (ચિત્ર જુઓ અંક ૩૬૯માં)

આ ત્રડભાંજ ચાલતી હતી ત્યાં નાટક પૂરું થતાં આંદ્રે માલરોને ફૂલ આપવામાં આવ્યાં. ત્યાં થીએટરમાં એટલે કે ઑડીટેરીઅમમાં, તખ્તા પર નહિ. આન્દ્રે માલરોના પચાસ વર્ષના ઉજવણાનો એ પ્રસગ હતો, અને એના માનમાં આ 'ઓરીએન્ટલ' નાટકો કરવામાં આવેલાં.


આન્દ્રેએ પોતાના અનુભવો કહ્યા ને પછી આખરે ઉમેર્યું કે હવે પછી જમવાનું છે, એમાં આન્દ્રે મુખ્ય મહેમાન છે. સાથેસાથે, એની માફક ઓગણીસસો એકમાં જન્મેલા કોઈ આ જલસામાં હાજર હોય તો આન્દ્રે એ સૌને પોતાના મહેમાન તરીકે આગ્રહપૂર્વક જમવા નોતરે છે એવી જાહેરાત કરી! એના ફ્રેન્ચમાં કંઇ સમજ પડી નહિ, પરંતુ અંગ્રેજીમાં એ સમજાવવામાં આવતાં ૧૯૦૧માં જન્મેલો હું તૈયાર થયો! સારા નસીબે મારો પાસપોર્ટ ગજવામાં જ હતો તે મોકલી આપ્યો. તે જોતાં જ આન્દ્રે દોડ્યો આવ્યો. આવી સભામાં એક જ અને તે પણ હિન્દી ૧૯૦૧માં જન્મેલો જાણી તે ખૂબ ખુશ થઈ ગયો.

'સમવયસ્કાવામ્ આનંદેન પુલકિતં મમ હૃદયમ્' એવું કંઇક સંસ્કૃતમાં એ બોલ્યો ને મને ભેટ્યો. પછી તો એણે અંગ્રેજીમાં વાતો કરી.

આ આન્દ્રે માલરો એશિયાની ઠીકઠીક ભાષાનો જાણકાર. સંસ્કૃત સારું આવડે. ફ્રાન્સનો વિચક્ષણ નવલકથાકાર. 'મેન્સ ફેઇટ' લખીને પ્રખ્યાત થયો. જમવામાં સાથે એની દેખાવડી વહુ મેદેલીન લીયુ પણ હતી. પછીથી ખબર પડી કે એ તો એની બીજી કે ત્રીજી વારની વહુ! મારા મનમાં તો ફરીથી ગીત્રી અને પિકાસો ઘૂમવા લાગ્યા. અહીં ચારપાંચ વહુઓ બદલવી એ તો જાણે સાધારણ વાત જ સમજવાની! આપણા જોષીઓ પાંચથી સાત વરસનો તફાવત જોઈ ગ્રહો મેળવે છે, પણ અહીં તો પાંચ આમ કે પચ્ચીસ તેમ, એની ઉમરનો ભેદ તો કોઈ જોતું જ નથી. મન મળી જવાં જોઇએ. (અને મન નહિ તો આંખ!) એ મળ્યાં કે બેડો પાર. પછી મન માણું ચંચળ અને આંખ અધીરી તે ફરકતાં શી વાર?! તરત લગ્ન ફોક, અને બેડો ગુલ! આ આન્દ્રે માલરો



આન્દ્રે જીદ



આન્દ્રે માલરો

પણ સૌપ્રથમ પોતાથી ચારપાંચ વર્ષે મોટી ફ્લારાને પરણ્યો હતો. ફ્લારા ખૂબ જ પૈસાદાર. એ બંનેએ ઇન્દોચાઈનાનાં જંગલોમાં પ્રાચીન સ્થાપત્યોના અવશેષો ખોદવા જહેમત ઉઠાવી હતી ને ખૂબ રખડ્યાં હતાં, ભારેના જોખમી પ્રવાસો ખેડ્યા હતા. એમ કરતાં બંને ચીન પણ ઊપડ્યાં, અને આન્દ્રે ભાઈ કૉમ્યુનિસ્ટ પણ થઈ ગયા. વચગાળે ચાંગ કાઈ શેકને પણ મળેલા, ને એના તરફ નફરત થતાં, ચીનથી પાછા સ્વદેશ પણ ફર્યા. સ્પેનમાં લડ્યા, આફ્રિકા ઘૂમ્યા, ૧૯૪૦ની લડાઈમાં પડ્યા, પકડાયા, ઘવાયા, નાસી છૂટ્યા, છૂપા રહ્યા, દ ગૉલ સરકારમાં જોડાયા. પ્રચારખાતામાં કામ કર્યું. એમ તલવાર ને કલમ બંને ચલાવ્યાં. આવા જાતજાતના સાહસભર્યા અનુભવોને પરિણામે પોતાની નવલકથાઓમાં એણે ખૂબ રસ ને ઓજસ છલકાવ્યાં.

આન્દ્રેએ પોતાની નવલકથાઓ વિષે ચર્ચા કરવાની ચોખ્ખી ના પાડી. ટાગોરના પોસ્ટ ઑફિસ માટે એ પણ સંમત થયો: બરાબર નહિ. પણ આન્દ્રેએ જીદના તરજુમાનાં ભારોભાર વખાણ કર્યાં. જીદ માટે એને બહુ માન. એણે પોતાને માટે તો એકે વાત ન કહી, પણ આન્દ્રેએ જીદની અનેક વાતો કરી અને એક નાની નવલિકાનો સાર કહ્યો:

"જીદ લગભગ એંશી ઉપરનો થયો છે, અને કમનસીબે હમણાં હમણાં બીમાર જ રહે છે. પણ એની કલમમાં હજી એવી જ તાજગી છે. એણે એક પાદરીને શું ચીતર્યો છે! અહા! એ એક ગામડામાં ગરીબ ડોશી મરવા પડી છે, ત્યાં આખરની પ્રાર્થના કરાવવા જાય છે. ડોશી મરી જાય છે. પાછળ કંઈ જ નથી, સિવાય કે ખૂણામાં સબડતી એક છોકરી. છોકરી નાની છે, બુધ્ધુ છે, ભાગ્યે જ કંઈ બોલે છે, આંધળી છે. પાદરી એને પોતાની સાથે ગાડીમાં બેસાડી ઘેર લાવે છે ને પોતાની વહુને સોંપે છે. વહુને આ ગંદી છોકરીની માથાકૂટ ગમતી નથી અને ટૂંક સમયમાં છોકરી ઘરમાં કંકાસનું કારણ થઈ પડે છે.

છોકરી ઉમરમાં વધે છે, પાદરી અને છોકરી હરરોજ સાંજે ફરવા જાય છે, રસ્તે જાતજાતની વાતો ચર્ચે છે, બાઈબલની તારવણીઓ પણ કરે છે. છોકરી એક દિવસ દેવળમાં પિયાનો વગાડતી બેઠી હતી ત્યાં પાદરીનો દીકરો બાજુમાં ઊભો હતો. વગાડવાનું પૂરું થતાં દીકરાએ છોકરીનો હાથ ઝાલ્યો ને ચૂમ્યો. એ દેખાવ દૂરથી પાદરીએ જોયો, ને દીકરાને બોલાવી કૉલેજની એ રજાઓ બહારગામ ગાળવા જવાનું એણે ફરમાન કર્યું અને દીકરાએ બાપની આજ્ઞા માથે ચડાવી.

સાંજે બંને એકલાં ફરવા જતાં ત્યારે છોકરી પૂછે છે: 'તમે પાદરી! કહો છો કે દુનિયામાં બધું જ સારું છે, એ કેમ મનાય? પરણ્યા વિના છોકરાં થઈ શકે?' આમ છોકરી પૂછે છે, અને પાદરી એની એવી અસંખ્ય જિજ્ઞાસાઓનો એની રીતે જવાબ આપ્યે જાય છે. પાદરીનો એક મિત્ર ડાક્ટર છે. તે કહે છે કે એક ઑપરેશન કરું તો છોકરીની આંખ સારી થાય પણ ખરી, અને છોકરી ઑસ્પિટલમાં જાય છે.

બે ત્રણ મહિના પછી છોકરી પાછી આવવાની છે. એની આંખે રોશની આવી છે. એ જોઈ શકે છે. પાદરી એને મળવાને ઉત્સુક છે. ઘરમાં બધી તૈયારી થઈ રહી છે... પણ અંતે છોકરી નથી આવતી! એ અધવચ્ચે જ કશા અકસ્માતથી પડી ગઈ તે પાછી ઑસ્પિટલમાં છે ત્યાં પાદરી અને મિત્રો એને જોવા જાય છે.

હું તમને બહુ ઝડપભેર કહી જાઉં છું, પણ હવે આખર મામલો. દેખતી છોકરી પાદરીને એકલો બાજુ પર બેસાડી કહે છે 'તે દિવસે તમે મને ચૂમી, અને પાપ વિશે કંઈક કહ્યું હતું, યાદ છે? તમે મને પૂછ્યું હતું કે મને કોને માટે લાગણી છે, બરાબર? મને તમારે માટે લાગણી હતી, છે, પણ તમારા દીકરા માટે પ્રેમ છે. મારી કલ્પનામાં એનું મોં જ રમતું હતું, અને દેખતી થતાં મેં કલ્પ્યું હતું એવું એનું તાજગીભર્યું મોં મને ગમ્યું. અમે અમારો ધર્મપંથ પણ બદલીને એક કરી નાખ્યો હતો. પાદરીએ પૂછ્યું કે દીકરાએ કે—? પણ છોકરીએ તરત કહ્યું કે મેં બદલ્યો કે એણે બદલ્યો એ જાણીને શો ફાયદો? અને એ છે પણ નજીવી વાત. આખરે તો અમે બંને ક્રિશ્ચિયન જ છીએ ને? જવા દો એ વાત. મૂળ વાત પર આવીએ. હવે મારી છેલ્લી ઘડીઓ છે. પરણ્યા પહેલાં સંતાન થાય એ પાપ એમ તમે મને કહ્યું હતું, યાદ છે? અને તમે તો મારી સ્થિતિ જાણતા હતા. ઠીક. એથી હું રસ્તે જાણે પડી ગઈ, અને અકસ્માત વહોર્યો. ટૂંકમાં મરવાનું મેં પસંદ કર્યું.

તમે તમારા દીકરાને શહેર બહાર ચાલ્યા જવાનું ફરમાન કર્યું હતું, એ ઠીક ન કર્યું. ચાલો હશે, તમે હવે બહાર જાઓ, કારણ મારી આખર ઘડીઓ મારે તમારા દીકરાના સાન્નિધ્યમાં ગાળવી છે. મેં એને બોલાવી મંગાવ્યો છે. એ બહાર રાહ જોતો હશે.

પાદરી બહાર નીકળ્યો, દીકરો ખંડમાં દાખલ થયો, અને બંનેએ આખર ઘડી ઉત્કટ પળોમાં વીતાવી. પ્રથમ આંધળી, પછી દેખતી અને પ્રણયસાગરમાં હેલાં ખાતી એવી એણે પોતાના પ્રાણ છોડ્યા."

આન્દ્રે માલરોએ જ મન જીદનો રસ લગાડ્યો. અજબનો વાતોડિયો! કંઈક વાતો કરી, કંઈક તુક્કા હાંક્યા. ગમ્મતમાં રાત પણ મમતે ચડી જાણે હઠવા ના પાડતી હતી.

તે અરસામાં ફ્રાન્સની પાર્લામેન્ટના એક સભ્યની વહુએ પોતાના ધણીને સામી પિસ્તોલે મારી નાખ્યો હતો, એ વાતની બહુ ચર્ચા થતી. આપણો આન્દ્રે કહે કે એને પણ એક સ્ત્રી મળી હતી. તે કહેતી કે એણે એક દિવસ એના ધણીના કૉફી-કપમાં કાતિલ ઝેર ભેળવ્યું હતું, કારણ ધણીથી એ તદ્દન કંટાળી ગઇ હતી! 'પણ મારું દિલ એટલું બધું પોચું કે છેલ્લી ઘડીએ મેં મૂર્ખીએ એને ચેતવ્યો, અને ખરી હકીકત કહી દીધી!' બાઈએ માલરોને કહ્યું. માલરો કહે, 'બાનુ! હું જો તમારો પતિ હોત તો કૉફીનો પ્યાલો હું ગટગટાવી ગયો હોત!'

તે રાતે માલરોએ એક જ વાક્યમાં એક ભૂતકથા કહી, એ તો મને આબાદ યાદ રહી ગઈ છે. માલરોનો દાવો છે કે દુનિયાના સાહિત્યમાં એ સૌથી ટૂંકામાં ટૂંકી ભૂતકથા છે: 'હું હમણાં જ મારા એક જૂના દોસ્તને મળ્યો, જેની સાથે એની વિધવા હતી...'

પારીસ! બહુ જોયું; બહુ લખ્યું. વોલ્તેરથી માંડી અત્યાર સુધીના વિધવિધ સાહિત્યપ્રવાહો નિહાળ્યા. હવે તારી વિદાય લઇએ?

રોજ ઢગલાબંધ મુસાફરો અહીં ઠલવાય છે; ઉઠાવાય છે. કેટલાક અહીં થાણું નાખી ઉત્તર-દક્ષિણ ભમતા રહે છે. છેલ્લો દિવસ હતો, મળસ્કે ચાર વાગ્યે ડૉ. ઈન્દુભાઈ, એમનાં વહુ અને કેશવચન્દ્ર અમીન કૅલે તરફ મોટર હંકારી જવાનાં હતાં. હું આખો દિવસ ત્યાં ગાળી રાતે પશ્ચિમ તરફ ટ્રેઈનમાં બેર્ન જવાનો હતો.

મળસ્કે હજી પોતાની મુલાયમ આંખ અધૂરી જ ખોલી હતી, તોયે વાતાવરણની માધુરી આહ્લાદક હતી. થોડા દિવસ સાથે રહેતાં સ્વાભાવિક માયા બંધાય. ને જો એમાં ખુલ્લા મને હસી રમી આનંદ માણ્યો હોય તો મિત્રમિત્રમાં છૂટાં પડતાં અકારું પણ લાગે છે. સાડા ચારે એમની મોટર હંકારાઈ. 'આવજો, આવજો, પાછાં મળતાં રહેજો' કરતાં અમે છૂટાં પડ્યાં. હોટેલના બહારના દરવાજા આગળ હું એમ કંઇક વાર ઊભો રહ્યો. રસ્તે દૂરથી રણકાર કરતો, પારાવારની મધુરતા ભર્યો, આખા મહોલ્લાને ભર્યોભર્યો બનાવતો એક સાદ સંભળાયો, અને એ સાંભળતાં હું થંભી જ ગયો. સમજ નહોતી પડતી પણ અવાજમાં અજબ છટા અને જોમ હતાં. ઉપરાંત હૃદય સોંસરી ઊતરતી મીઠાશ હતી. અજવાળે જાણે ગળું ખોલ્યું, એમ એણે પોતાનાં ગીતનો લલકાર સ્પષ્ટ ને તાજગીભર્યો કર્યો. પાંચ નહોતા વાગ્યા છતાં મજલા

ઉપર બારીઓના પરદા ખસેડાયા અને ખણખણતા સિક્કાઓ રસ્તા પર પડવા લાગ્યા. કદાવર, વિશાળકાય, પગે લંગડો, હાથમાં હૅટ, એવો એ કોઇ દર્દીલું ગીત લલકારતો ચાલ્યો જતો હતો. મને એકલો જોઈ જરા પણ ખમચ્યો નહિ, ઊભો પણ નહિ. બારીએથી આવતા પૈસા ઉપાડી આગળ વધતો હતો. આજે હવે મારે ફ્રેન્ચ નાણું વાપરી નાંખવું જ પડશે, એમ ગણી, મારી પાસે જેટલો નાનોમોટો ખુરદો હતો તે મેં એને આપ્યો. એ મલક્યો, મારો હાથ પકડી, હલાવી ચૂમ્યો, ને ગીતના લલકાર સાથે આગળ વધ્યો.

અને હું પણ એની પાછળ અનાયાસ ઘસડાયો. લગભગ પાંચેકને શુમારે પારીસની અતિરળિયામણી પગથારશાંસ ઍલી પર અમે આવ્યા. એના મદીલા ગીતનો ઘોર હજી એટલી જ મસ્તીથી ટંકારાતો હતો.

આ મશહૂર રસ્તા ઉપર વહેલી સવારે પણ મેળો જામે છે. રસ્તા ઉપર તાજાં સમોસાં તળેલાં મળે તે ત્યાં ને ત્યાં જ ખાવામાં લિજ્જત માનનારા કંઈક શોખીનો ટોળે વળે છે. અજવાળામાં શહેરે પોતાનો ચળકાટ વધારવા માંડ્યો, અને બાજુ ઉપરના એક કાફેમાં પેલો પંગુ પોતાની ખુરશી ઠીક કરી બેસવા ગયો, પાછો ફર્યો, અને સારા જેવા અંગ્રેજીમાં મને ચા પીવા નોતરવા આવ્યો. લડાઇમાં જખમાએલો, બૂરી હાલતમાં ઝડપાએલો, અત્યારે તદ્દન એકલવાયો પોતે કેમ નિર્વાહ કરે છે એનું એણે દાસ્તાન કર્યું, એ સાંભળવાની મજા આવી. અંગ્રેજી સારું આવડે. કલાકેક વાતો કરી. આખરે એણે જ ચાપાણીના પૈસા આપ્યા ત્યારે એ સંતોષાયો, અને મીઠાશથી, અદાથી હાથ મિલાવી એ છૂટો પડ્યો. મને એનું નામ પણ ખબર નથી. ભિખારી! કેટલો હસમુખો, ઠરેલ અને ખાનદાન! હું વિચાર કરું છું ત્યાં તો એક બૂટ-પૉલિશ કરનારો મારા એક પગના જોડાને ચળકાવવા મંડી પડ્યો, અને બંને બૂટની સફાઈ પૂરી થતાં, પૈસા કાઢું છું ત્યાં તો એ ન-ન-ન-ન કરતો ફ્રેંચમાં કંઈક નવસો બોલ બોલી ગયો. મારી જાણે બલારાત! પણ પૈસા ન લે, અને સલામ કરી ચાલવા માંડ્યું. આ તે છે શું? એટલામાં કાફેવાળો મૅનેજર આવ્યો અને એણે મને સમજાવ્યું કે 'પેલા પંગુએ આ બૂટપૉલિશવાળાને બોલાવ્યો હતો, અને એણે જ તમારા બૂટ સફા કરવા કહ્યું હતું, પણ પૈસા નહિ લેવાનું કહી ગયો હતો. કાલે સવારે એ પાછો અહીં આવશે, ત્યારે એને આપી દેશે. તમે કશી જ ચિંતા ન કરો. કંઈ બીજું ખાવું પીવું હોય તો કહો.'

હું તે શું કહું? એ ભિખારીની કથા વાગોળતો હું રસ્તે પડ્યો. કરોડો ફ્રાન્કની રોજિંદી ઉથલપાથલ કરનારી આ રમણીય નગરી, જાત-જાતના રંગરાગ કરી ભીખ નથી માગતી તો શું કરે છે? એના કરતાં પેલો અનામી પંગુ ભિખારી શો ખોટો?

કેટલાકને મળવાનં હતું એને મળી, એકાએક પાછો વેરસાઇ ગયો.



ડૉ. ઈન્દુભાઈ, સૌ. અનસૂયાબેન અને ચન્દ્રવદન વેરસાઈના બાગમાં

સમરસેટ
મૉમ



એના બાગની મોહિનીએ મને આકર્ષ્યો હતો. હજી એ નમણો ખૂણો મારાથી ભુલાતો નથી. મહેલાતો આલીશાન છે જ, પણ બાગ તો બહિશ્ત છે. એના સૌન્દર્યને માણનારા અનેક મુગ્ધ થયા છે, ત્યાં હું તે શી બિસાત! સાંજે બૅાની ભાવનગરી સાથે બહાર જમી અમે નાટકમાં જવાના હતા. ક્યું, એ બૅાની નક્કી કરવાનો હતો. વેરસા-ઈમાં સાંજના બેત્રણ કલાક એકલા મૌનમાં પસાર કરી, મારતી ગાડીએ હું નાટકમાં જવા ઊપડ્યો. વેરસાઈથી છૂટા થવું પણ સવાર જેટલું જ દુષ્કર હતું. મનમાં ચચણાટ અને દિલગીરી વધતાં હતાં. જમી કરી, હોમ ઍન્ડ બ્યૂટી (ઘર અને સૌન્દર્ય) નામનું નાટક જોવા જઈ બેઠા. બેઠા ન બેઠા એટલામાં જ પડદો ઊઘડ્યો.

૧૯૧૯ની સાલમાં લખાએલું એ નાટક પચાસમાં ફરીપાછું સજીવન થયું હતું. મૂળ અંગ્રેજીમાં. એને ફ્રેન્ચ લિબાસમાં જોતાં મઝા પડી. લેખક મશહૂર અંગ્રેજ નાટકકાર, રહેવાસી ફ્રાન્સની દક્ષિણે શાંતિમય વાતાવરણનો અને હિંદી ફિલ્સૂફીનો અચ્છો અભ્યાસી. નહિ તો એ 'રેઝર્સ એજ્જ' (અસ્ત્રાની ધાર) નામનું પુસ્તક લખી જ કેમ શકે? ઉપનિષદોનો અભ્યાસી એ સમરસેટ મૉમ. ચિંતનશીલ સ્વભાવના એ લેખકે નાટકમાં વાનગી એવી પીરસી હતી કે શરૂ થતાં જ મન ઉપરનો વિષાદ-પરદો ઉચકાઈ ગયો. વિક્ટોરિયા—રાણી નહિ, રંગમંચ-ની રાણી નાયિકા—ફરીથી પરણે છે; કેમકે એનો પહેલો ધણી મેજર જનરલ સો ઍન્ડ સો લડાઈમાં મરી ગયો છે. પણ પરણ્યા પછી એનો પહેલો ધણી જીવતો જણાય છે અને ઘરમાં આવી પણ પહોંચે છે;—અને બે ધણી અને એક ધણિયાણી સામસામાં ઊભાં રહે છે. બંને જણ વિક્ટોરિયાને માટે મરી ફીટવા, જાન આપવા, ખુવાર થઈ જવા તૈયાર છે, એટલા બધા એને ચાહે છે. ફ્રેન્ચ નટોને આ અભિનય કરતાં શીખવવું શું પડે? એ તો બંને એવા ખીલ્યા કે ન પૂછો વાત. પણ બંને પાછા હરામી. બેમાંથી એકે વિક્ટોરિયાને વહુ તરીકે રાખવા તૈયાર નહિ, કારણકે બંને વિક્ટોરિયાની ચંચળતા જાણતા હતા! ત્યાં આવ્યો સૉલિસિટર, કે ભાઇ, આનો હવે તોડ કાઢો. અને બંને મનમાં સમજનાર ધણી લળીલળી નાયિકા માટે ન્યોછાવરી જાહેર કરતા હતા. સૉલિસિટર સાહેબ પૂછે કે બાઇ આ બેમાંથી તને કિયો ધણી પસંદ? તો બાઇ આસાનીથી આખર જવાબ આપે છે કે બેમાંથી એકે નહિ! લડાઇના કાળાબજારમાં ખૂબ કમાએલો એક ત્રીજો જ કોઇ વેપારી છે તે!

પહેલો અંક પૂરો થયો અને બૅાનીએ બાજુમાં બેઠેલા એક અંગ્રેજ જેવા જણાતા સદ્‌ગૃહસ્થ સાથે વાતચીત શરૂ કરી, અને પછી ધીમે રહી મારી ઓળખાણ કરાવી. જૂનું નાટક, ત્રીસે વર્ષે ફ્રેન્ચ લેબાસમાં કેવું જાય છે એ જોવા આ બુઝર્ગ નાટકકારને દક્ષિણ ફ્રાન્સથી ખાસ આમં-ત્રણ આપી બોલાવ્યો હતો. એ સમરસેટ મૉમ. (અનુ. પૃષ્ઠ ૪૬૪મે)

પ્રગતિ

લેખક: પ્રબોધ જોષી

અમદાવાદ તા. ૧-૧-૪૭

પ્રતિ, શ્રીમાન રમણલાલ શેઠ,
શાહ ઍન્ડ કંપની, અમદાવાદ.
મહેરબાન શેઠ સાહેબ,

આપની મિલસ્ટોર્સની પેઢીમાં એક કારકુનની જગ્યા ખાલી છે માનીને હું ઉમેદવાર તરીકે અરજ ગુજારવાની આ નમ્ર તક લઉં છું. હું મુંબાઈ યુનિવર્સિટીનો ગ્રૅજ્યુએટ છું. મૅટ્રિકમાં મારા વિષયો ગુજરાતી, સંસ્કૃત અને ફીઝિક્સ કૅમિસ્ટ્રી હતા અને હું ૪૧૫ માર્ક સાથે પાસ થયો હતો. મૅટ્રિકમાં મને ગણિત અને વિજ્ઞાનમાં ડિસ્ટિંક્શન મળ્યું હતું. મૅટ્રિક થયા પછી હું આર્ટ્સમાં દાખલ થયો હતો. પ્રીવિયસમાં સેકન્ડ ક્લાસમાં પાસ થયા બાદ મેં ઈન્ટરની પરીક્ષા ગુજરાતી-સંસ્કૃત અને લૉજિક સાથે પસાર કરી છે. મારા માર્ક ૪૩ ટકા હતા. મેં બી.એ.ની પરીક્ષા ગુજરાતી અને હિસ્ટ્રી વિષયો સાથે આપી છે. મારા બી.એ.માં ૪૨ ટકા માર્ક હતા. હું અમદાવાદના એક ખાનદાન વણિક કુટુંબનો માણસ છું. અમારા કુટુંબનો આધાર મારા ઉપર છે. આપ જો મને નોકરી અપાવશો તો મારું કુટુંબ અને હું આપના જીવનભર ઋણી રહીશું. મારા કામથી આપને ખુશ કરવા મારાથી બનતું બધું કરીશ. ગમે તે પગાર મળશે તો મને વાંધો નથી. આપના તરફથી ફેવરેબલ જવાબની આશામાં,

આપનો નમ્ર સેવક
રમેશચંદ્ર પારેખ

અમદાવાદ તા. ૧૩-૬-૪૮

મહેરબાન રમણલાલ શેઠ,

આપ સુખરૂપ મહાબળેશ્વર પહોંચી ગયા હશો. બહેન અને સંતાનોને મુસાફરીમાં તકલીફ નહિ પડી હોય.

આપે જતી વખતે મને સીનિયર ક્લાર્કનો હોદ્દો આપી મારો મૂળ પગાર ૮૫નો વધારી ૧૧૦ કર્યો છે તે બદલ આપનો આભારી છું.

આપને મેં જણાવેલું કે બીજા કારકુનો બરાબર કામ નથી કરતા માટે નવા સારા રાખવા જોઈએ, અને આપે તે અંગે સંમતિ આપેલી. એટલે આપણે ત્યાં ધોળા હાથી જેવા જે ત્રણ કારકુન હતા તેમને પહેલીથી છૂટા કરીએ છીએ ને તેમને બદલે ભરોસાના નવા રાખીએ છીએ. એ ત્રણેને હું ઓળખું છું. તેઓ પ્રામાણિક ને ખંતીલા છે. તેમની ભલામણ કરું છું.

આ અંગે આપ મૅનેજર સાહેબને લખશો. આપના બંગલે રોજ જતો રહું છું. માળીને બે મહિના માટે રજા આપી છે,-ખોટો પગાર ચડે નહિ તે માટે. મારે લાયક કામકાજ લખશો. શેઠાણીઅને ભાઈબહેનોને નમસ્કાર.

લિ. આજ્ઞાંકિત
રમેશચંદ્ર પારેખના માનપૂર્વક સલામ

અમદાવાદ તા. ૧૨-૬-૪૯

રા. રા. શ્રી રમણલાલ શેઠ,

આપ, શેઠાણી સુધાબહેન અને નરેન્દ્રભાઈ તથા લીનાબહેન સુખરૂપ કાશ્મીર પહોંચી ગયાં હશો. પઠાણકોટ પછીની મુસાફરીમાં મઝા આવી હશે. આપ ઑફિસની ચિંતા કરશો નહિ. આપે જણાવ્યા મુજબ મેં પહેલીથી ઍકાઉન્ટન્ટનો હોદ્દો સંભાળી લીધો છે. સીનિયર ક્લાર્ક તરીકે ગયા વર્ષે રાખેલા ત્રણમાંથી મારા ખાસ ભલામણવાળા ચીમનલાલને રાખ્યો છે ને એક નવો કારકુન વધાર્યો છે.

ઍકાઉન્ટન્ટ તરીકેના બાર દિવસના અનુભવ પછી લાગ્યું કે આસિસ્ટન્ટ ઍકાઉન્ટન્ટ કામચોર છે માટે તેને પહેલીથી છૂટો કરી મારો એક ઓળખીતો બી. કૉમ છે તેને રાખીએ છીએ તે જાણશો. હમણાં બિઝનેસ ધમધમધોકાર ચાલે છે.

કામકાજ લખશો. બંગલે રોજ જાઉં છું. ડ્રાઈવરને રજા જોઈતીહતી તે આપી છે: પગાર વગર આપી છે. ગાડી ફરતી રહે અને બૅટરી વીકનથાય માટે ફેરવવાનો બંદોબસ્ત કર્યો છે.

મુ. સુધાબહેન, નરેન્દ્રભાઈ અને લીનાબહેનને નમસ્કાર. એજ. લિ. સેવક

રમેશચંદ્ર પારેખના નમસ્કાર

અમદાવાદ તા. ૧૦-૬-૫૦.

શ્રી રમણલાલ શેઠ,

આપ, સુધાબહેન, નરેન્દ્રભાઈ અને લીના આબુ પહોંચ્યાં તે જાણ્યું. મઝા આવતી હશે. ઑફિસની ચિંતા કરતા નહિ. સેલ્સમૅનો મિલમાં બરાબર જતા નહિ હોવાથી આપણી પેઢીના ચીફ સેલ્સમૅન તરીકેનો હોદ્દો મેં સંભાળી લીધો છે. બીજા બે સેલ્સમૅનને છૂટા કરી મારા બે ઓળખીતા બીજી મોટી ફર્મમાં હતા તેમને રાખ્યા છે.

ઍકાઉન્ટન્ટ તરીકે મારા આસિસ્ટન્ટને નીમ્યો છે. નવો પણ એક રાખ્યો છે. ધંધો હમણાં સારો છે. આપ ચિંતા કરશો નહિ. હું આપના ઘરનો માણસ હોઉં તેમ ચિંતા રાખું છું, એમ જણાવી આપ મને શરમમાં નાખો છો. આપે જતાં મૅનેજરને કરેલી ભલામણ મુજબ પહેલીથી મારો પગાર ચારસો થયો એ બદલ આપસાહેબનો આભારી છું.

બંગલે રોજ સૂવા જાઉં છું. સુધાબહેનને કહેજો કે બંગલાની ચિંતા કરે નહિ. નરેન્દ્રભાઈ તથા લીનાને મારી યાદ. કામકાજ લખશો. આબુમાં નિરાંતે રહેશો.

એ જ. લિ. રમેશચંદ્ર પારેખના નમસ્તે

અમદાવાદ તા. ૫-૬-૫૧

શ્રી. રમણલાલ,

આપ, સુધાબહેન, નરેન્દ્ર અને લીના મસૂરી પહોંચ્યાં તે જાણ્યું. મૅનેજર તરીકેનો ચાર્જ સંભાળ્યા પછી ટાઇમ ઓછો રહે છે. ચીફ સેલ્સમૅન તરીકે મારા માણસને મૂક્યો છે. તેને તાલીમ આપું છું. બધું બરાબર ચાલે છે. ધંધો વધશે. ચિંતા ન કરશો. આપ મસૂરી બહુ રહેશો નહિ. અહીં મારો બહુ ટાઇમ પેઢીમાં ધ્યાન આપવામાં જાય છે.

સુધાબહેન, નરેન્દ્ર અને લીનાને મારી યાદ. કામકાજ લખજો. ઑફિસમાં નવું ફર્નિચર કરાવ્યું છે. થોડો સ્ટાફ પણ બદલ્યો છે. બીજી નવાજૂની નથી. હાલ એ જ. લિ.

રમેશચંદ્ર પારેખ

અમદાવાદ તા. ૪-૬-૫૩

પ્રિય રમણભાઈ,

તમે બૅંગલોરમાં આરામ કરો છો તે જાણ્યું. તમે મને ભાગીદાર તરીકે લીધા પછી તરત જ તમે ગયા હોવાથી મારે ધ્યાન વધારે રાખવું પડે છે. ત્યાંથી તમે ક્યારે આવો છો? મેં નવું બિઝનેસ વધાર્યું છે. હવે તમે પણ થોડું ધ્યાન આપો તો સારું.

સૌ.સુધા ભાભી,ચિ. નરેન્દ્ર,લીના મઝામાં હશે. તમારા બંગલે હમણાં જવાતું નથી. હવે જલદી આવશો.

લિ. રમેશનાં વંદન

અમદાવાદ તા. ૧૦-૬-૫૩

પ્રિય રમણભાઈ,


તમે માથેરાન ગયા છો ત્યાંથી મહિના પછી આવશો તે ઠીક નથી. સાતેક દિવસમાં આવી પહોંચો. આપણી પેઢીનું નામ શાહ, પારેખ ઍન્ડ કંપની તરીકે બધી મિલોમાં રજિસ્ટર કરાવ્યું છે. તમારા તરફથી મિલોમાંથી બિઝનેસ ઓછું આવે છે, માટે હવે ધંધામાં ધ્યાન આપો અને ફરવાનું બંધ કરો તો સારું.

(અનુસંધાન પૃ. ૪૫૮મે)

ડેવેલપિંગનાં સાધન ને-પ્રકાર

ફોટોગ્રાફીનું વ્યવહારુ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપતી લેખમાળા : ૭

લેખક · **ગોવિન્દ એસ. મેવાડા**



ફોટોગ્રાફ ડેવેલપ કરવાની ક્રિયા


ફિલ્મ ધોવા માટે અસંખ્ય પ્રકારનાં ડેવેલપર, અનેક રીતો ને જાતજાતનાં સાધનો આવે છે. આમાંથી ક્યાં સાધનો અને ડેવેલપરનો ઉપયોગ કરવો તે નેગેટિવની જાત, કામનો પ્રકાર અને અનુકૂળતા પર અવલંબે છે. પહેલાં તો એમાં બે સાધાનોની જરૂર પડે છે: (૧) ડિશ (dish અથવા tray) અને ટૅન્ક (tank).

ડિશ : લંબચોરસ આકારની, પરાત જેવી છીછરી, માત્ર ઇંચ-દોઢ ઇંચ ઊંડાઈની 'ડિશ' અથવા 'ટ્રે'માં ફોટો ધોવાની પ્રથા ફોટોગ્રાફીના ઇતિહાસ જેટલી જૂની છે. પ્લેટ, કટ-ફિલ્મ તથા ઓછી સંખ્યામાં રોલ-ફિલ્મ ધોવા માટે એ ડિશ વાપરી શકાય છે. તેમાં સગવડ એ છે કે ફિલ્મ ધોવાતી હોય તે દરમિયાન બરાબર ધોવાઈ ગઈ છે કેમ તે જાણવા માટે સુરક્ષિત પ્રકાશમાં (સેઈફ લાઈટ=ઑર્થો ફિલ્મ માટે ઘેરા રાતા અને પૅન્ક્રોમૅટિક માટે ઘેરા લીલા પ્રકાશમાં) તે જોઈ શકાય છે. ડિશમાં ફિલ્મ ધોતી વખતે ઈમલ્શનને આંગળાં ન અડકે તે માટે ખાસ કાળજી રાખવી પડે છે, કારણકે તે પર એક વખત પડેલી આંગળાંની છાપ પછી કોઈ રીતે દૂર કરી શકાતી નથી. (જુઓ ચિત્ર) એ ઉપરાંત બીજી કોઈ વસ્તુ પણ તેને ન અડકે તે માટે પણ તકેદારી રાખવી પડે છે. ખાસ કરીને ધૂળનાં રજકણો તથા કચરા-ની અસર તે પર થઈ જાય તો તેના પર ઝીણાં કાણાં પડી જઈ પ્રિન્ટમાં તે કાળાં ટપકાં રૂપે આલેખાય છે. આમ હરગીઝ થવા ન દેવું.




ટૅન્ક : ધોવાનો સમય લગભગ દસ મિનિટનો હોય ત્યાં સુધી ડિશમાં ફિલ્મ ધોવી અનુકૂળ પડે છે. પણ તે કરતાં વધુ સમય લાગે તેમ હોય અથવા ફિલ્મ અઢી ફીટ કરતાં લાંબી હોય (દા. ત. મીની-એચર સીને-ફિલ્મ) તો ટૅન્ક વાપરવું સારું. એકાદ ફિલ્મ ધોવી હોય તો નાનું ગોળ ડબી જેવું બેકેલાઈટનું ટૅન્ક આવે છે તે વાપરવું. આ સામે તેનું ચિત્ર આપ્યું છે. તેમાં રહેલી ગરગડીનાં અંદરનાં સામસામાં બે ચક્કરમાં કરેલી ધીસીઓ (ખાંચા)માં અંધારામાં ફિલ્મ બરાબર ગોઠવી, ઢાંકણું બંધ કરી, તેને અજવાળામાં લાવવામાં આવે તો પણ ફિલ્મ પર કંઇ અસર થતી નથી. ગરગડીની પોલી ધરી વાટે બહારથી તેમાં ડેવેલપર રેડી શકાય છે અને તેની કિનાર પર રાખેલા કાણા વાટે તે પાછું બહાર કાઢી શકાય છે. તેમાં લગભગ ૫૦૦ સી. સી. જેટલું ડેવેલપર સમાઇ શકે છે. ચોક્કસ ઉષ્ણતામાને, અને અમુક સમય સુધી, પ્રકાશમાં ફિલ્મ ધોવા માટેનું આ ખૂબ સરસ સાધન છે. નાના કૅમેરાઓની ૩૫ મીલીમીટરની પટ્ટી કે જે 'ફાઇન ગ્રેઇન' ધોવાની હોય છે તે માટે તો આ ટૅન્ક આશીર્વાદ સમાન છે. હવે તો એવી રચનાવાળાં ટૅન્ક પણ આવે છે કે જેમાં ફિલ્મ ભરાવવા તથા ધોવા માટે ડાર્ક રૂમમાં જવું ન પડે, પરંતુ કૅમેરાની માફક બહાર અજવાળામાં જ આવી પટી અંદર ભેરવી શકાય. (જુઓ નીચેની આકૃતિ). પ્લેટ અથવા કટ-ફિલ્મ ધોવા માટે આવાં જ લંબચોરસ આકારનાં ટૅન્ક પણ આવે છે.

આવાં ટૅન્કમાં ફાયદો એ છે કે ડેવેલપર પ્રમાણસર જ વપરાય છે, ધોવાતી વખતે ફિલ્મને હાથ અડકતા નથી અને તે ઢાંકી દેવાનું હોવાથી તેમાં ધૂળનાં રજકણો કે કચરો પણ પડતો નથી. પરિણામે



પ્રકાશમાં ફિલ્મ ધોઈ શકાય તે માટેનું નાનું ટૅન્ક તથા તેમાં ફિલ્મ ધોવાની રીત : ડાબી બાજુએ ટૅન્કના ભાગ છુટા કરીને બતાવ્યા છે. જમણી બાજુ મથાળાની પહેલી આકૃતિ ઉપર ત્રાંસી લીટીઓ કરી છે, તે એમ દર્શાવવા કે ફિલ્મને અંધારામાં ટૅન્કમાં ગોઠવવી. તે પછી ધોવાની ક્રિયા અજવાળામાં કરી શકાય. તેમાં આકૃતિ બીજીમાં ફિલ્મને ડેવેલપરમાં ૧૦ મિનિટ સુધી ધોવાનું સૂચન તેને પડખે ઘડિયાળના ચિત્રથી કર્યું છે. આકૃતિ ૩ પાણીથી ધોવાનું સૂચવે છે. આકૃતિ ૪માં સૂચવ્યા મુજબ ૧૦ મિનિટ ફિક્સિંગ બાથમ રાખી છેલ્લે દર્શાવ્યા મુજબ ફિલ્મને પાણીથી ધોઈ નાખવી.



ડાર્કરૂમ વગર પ્રકાશમાં ફિલ્મ ભરાવી તથા ધોઈ શકાય તે માટેનું નાનું ટૅન્ક (ફક્ત ૩૫ મિલિમીટરની ફિલ્મ માટે); જમણી બાજુનાં સાત વર્તુલોમાં, ટૅન્કની પડખેના નાના ગાળા ઉપરનું પેચવાળું ઢાંકણું ઉઘાડી, તેમાં ડેવેલપર રેડી, ફરી ઢાંકણુ બંધ કરીને, ડેવેલપ થઈ રહ્યા બાદ ડેવેલપર કાઢી નાખવાની ક્રિયા બતાવી છે.

સરસ ને સ્વચ્છ નેગેટિવો ધોવાય છે. જે ગરગડી પર ફિલ્મ વીંટાય છે તેને બહારથી જ હાથ વડે ગોળગોળ ફેરવી શકાય તેવી રચના હોવાથી હલાવવાની ક્રિયા (agitation) પણ અસરકારક રીતે થઈ શકે છે. વળી, ગરગડીની પોલી ધરીમાં કાયમ ઉષ્ણતામાપક યંત્ર (થર્મોમીટર) રહી શકે તેવું હોવાથી ફિલ્મ તથા ડેવેલપરના પ્રકાર પ્રમાણે ઉષ્ણતામાનને અનુકૂળ સમય સુધી ફિલ્મ ધોઈ શકાય છે.

જ્યારે ઘણી લાંબી ફિલ્મો (સિનેમાની પટી) યા તો વધારે સંખ્યામાં ફિલ્મો કે પ્લેટો ધોવાની હોય ત્યારે જરૂર પ્રમાણે અઢી શેરથી માંડી દસ ગૅલન ડેવેલપર રહી શકે એવાં નાનાં-મોટાં ટૅન્ક આવે છે તે વાપરવાં જોઇએ. પરંતુ તેમને ઢાંકવાની ખાસ વ્યવસ્થા નહિ હોવાથી તેમાં ધોવાની ક્રિયા ડાર્ક-રૂમમાં કરવી પડે છે. ડેવેલપરને હલાવવા માટે તેમાં વિદ્યુત્-મોટરથી ફરતો એક રવૈયો (stirrer) ગોઠવેલો હોય છે.

ડેવેલપરના પ્રકાર

જુદાંજુદાં કામ માટે ભિન્નભિન્ન પ્રકારનાં ડેવેલપર વપરાય છે. તે ટૂંકમાં જણાવવાં હોય તો કામના પ્રકાર પ્રમાણે નીચેના પાંચ વિભાગોમાં વહેંચી શકાય: (૧) સાદાં-ચાલુ ડેવેલપર (૨) પ્રોસેસ માટેનાં કૉન્ટ્રાસ્ટિવ ડેવેલપર (૩) ઝડપી ડેવેલપર (૪) ટ્રૉપિકલ ડેવેલપર અને (૫) ફાઈન ગ્રેઇન ડેવેલપર.

સાદાં-ચાલુ ડેવેલપર: સર્વસામાન્ય (જનરલ) ફોટોગ્રાફી માટે જ આ ડેવેલપર વપરાય છે. તેનો વિગતવાર કોઠો નીચે આપ્યો છે.

પ્રોસેસ માટેનાં કૉન્ટ્રાસ્ટિવ ડેવેલપર: ઔદ્યોગિક અને પ્રેસ ફોટોગ્રાફીમાં પ્રોસેસનાં (બ્લૉક બનાવવાનાં) કામ માટે છબિને વધારે પડછો આપે તેવાં ડેવેલપરની જરૂર પડે છે. તેમાં—

(૧) કૉસ્ટિક ક્વિનૉલના ડેવેલપર (કોડૅક ડી. ૧૫૩)થી ઘણો પડછો આવે છે. પણ બન્નેનું મિશ્રણ લાંબો સમય રહી શકતું નહિ હોવાથી તેનાં જુદાંજુદાં દ્રાવણ બનાવી રાખવાં પડે છે. તેની રીત: (अ) ૧૦૦૦ સી. સી. પાણીમાં ક્વિનૉલ, પો. મેટાબાઈસલ્ફાઈટ અને બ્રોમાઈડ પચીસ પચીસ ગ્રામ ઓગાળો. (ब) તેટલા જ પાણીમાં ૫૦ ગ્રામ કૉસ્ટિક સોડા ઓગાળો. હવે अ અને ब સરખે ભાગે લઇ ૬૫ ડિગ્રી સેન્ટીગ્રેડ ઉષ્મામાનમાં બે મિનિટ ધુઓ.


(૨) સોડા-કાર્બવાળું દ્રાવણ પહેલા કરતાં સહેજ ઓછો પડછો આપે છે. તેમાં કોડૅકનું ડી. ૧૫૪ મેટૉલ-ક્વિનૉલ વપરાય છે. આમાં આલ્કલીનું દ્રાવણ જુદું રાખવાની જરૂર પડતી નથી. તેની રીત: મેટૉલ–૧·૧૨૫ ગ્રામ, સો. સલ્ફાઇટ–૨૨·૫, ક્વિનૉલ–૬, સો. કાર્બ–૩૦,

ડેવેલપરના પ્રકાર	દરેક પ્રકારનાં સાદાં-ચાલુ ડેવેલપર બનાવવાનાં માપ				
	મેટૉલ	ક્વિનૉલ	મેટૉલ-ક્વિનૉલ (કોડૅક. ડી. ૧૬૩)	ફોકલ-યુનિવર્સલ*	
મેટૉલ	ગ્રામ ૧૫		૨·૨	૩	૬૦ ગ્રેઈન
સોડિયમ સલ્ફાઈટ	,, ૭૫	૧૦૦	૭૫	૭૫	૩ ઔંસ
ક્વિનૉલ (હાઇડ્રોક્વિનૉન)		૩૩	૧૭	૧૧	૨૨૦ ગ્રે.
સોડિયમ કાર્બોનેટ	,, ૭૫	૪૦૦	૬૫	૭૫	૩ ઔં.
પોટૅશ્યમ બ્રોમાઈડ	,, ૨	૦·૫	૨·૮	૧	૨૦ ગ્રે.
પાણી	સી.સી. ૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦	૪૦ ઔં.
કાર્યનો પ્રકાર	સૉફ્ટ	હાર્ડ	નૉર્મલ		
ઉમેરવાના પાણીનું પ્રમાણ	૧ ભાગે : ૪ ભાગ	૧ ભાગે ૪ થી ૬ ભાગ	૧ ભાગે ૧ અથવા ૩		
૬૮ ડિગ્રી ફે. ઉષ્ણતામાને ધોવાનો સમય મિનિટમાં	૩ થી ૫	૪ થી ૫	૫ થી ૭		

*આ ફોકલ યુનિવર્સલ ડેવલપર બહુ જ પ્રખ્યાતિમાં આવેલું છે. પાણી નાખ્યા સિવાય વાપરવાથી ખૂબ પડછો આપે છે, ને ઝડપી છે. ક્ષ-કિરણોના ફિલ્મ અને પ્રોસેસના કામમાં ૩–૫ મિનિટ સુધી ધોવું. ડિશમાં ફિલ્મ ધોવા માટે પાંચ ગણું પાણી ઉમેરી ૫–૭ મિનિટ ને ટૅન્કમાં દસ-પંદર ગણું પાણી ઉમેરી ૧૦–૧૫ મિનિટ ધોવું. ક્લોરાઈડ પેપર માટે બમણું પાણી ઉમેરી ૪૫થી ૬૦ સેકન્ડ અને બ્રોમાઇડ પેપર માટે પાંચ-ગણું પાણી ઉમેરી દોઢથી બે મિનિટ સુધી ધોવું.

પો.બ્રોમાઈડ-૦·૫,પાણી ૧૦૦૦ સી.સી. વધારાનું પાણી વિના ૨-૩મિનિટ ધુઓ.

ઝડપી ડેવેલપર: પત્રકારત્વ માટે તત્કાલ છાપવાના ફોટો તથા શસ્ત્રક્રિયા કરવા માટે ક્ષ-કિરણોથી પાડેલા ફોટો જેમ બને તેમ જલદી તૈયાર કરવાના હોય છે, તેથી તેમાં તો ઓછામાં ઓછા સમયમાં ફિલ્મ ધોઈ શકે તેવું ડેવેલપર વાપરવું જોઇએ. આ ડેવેલપરમાં કૉસ્ટિક આલ્કલી વપરાતું હોવાથી તેને બે ભાગમાં બનાવવું પડે છે. તેની રીત આમ છે: (અ) લગભગ ૩૫૦ સી. સી. પાણીને સાધારણ ગરમ કરી તેમાં ક્વિનૉલ ૩૨ ગ્રામ, સો. સલ્ફાઈટ ૨૫ ગ્રામ, ફિનોસેફ્રેનીનનું ૦·૧ ટકા દ્રાવણ ૫ સી. સી. અને પો. બ્રોમાઈડ ૦·૫ ગ્રામ ઓગાળી બાકીનું પાણી ઉમેરી કુલ ૫૦૦ સી. સી. બનાવવું (બ) લગભગ ૩૫૦ સી. સી. ઠંડા પાણીમાં કૉસ્ટિક સોડા ૫૦ ગ્રામ અને સો. સલ્ફાઈટ ૦·૫ ઓગાળી, બાકીનું પાણી ઉમેરી, ૫૦૦ સી. સી. બનાવી લેવું. પછી, અ બ સરખે ભાગે લઈ ૨૦-૩૦ સેકન્ડ સુધી ધોવાથી છાયાવાળા ભાગમાં રહેલી બારીક વિગતો પણ સ્પષ્ટ થાય છે. ત્યાર બાદ તુરત જ તેને ઍસિડ-સ્ટૉપ બાથમાં ૧૦-૧૫ સેકન્ડ રાખી, ફિક્સિંગ બાથમાં ધોઈ, સ્પિરિટમાં ધોઈ ગરમ હવામાં સૂકવી દેવી. છબિમાં ખૂબ પડછો લાવવો હોય તો અમાં ૧૮ ગ્રામ પો. બ્રોમાઈડ નાખી અ, બ સરખે ભાગે લઇ તેમાં બે ભાગ પાણી ઉમેરેલું. આ વખતે અઢીથી ત્રણ મિનિટ સુધી ધોવું.



કૉસ્ટિક ઉમેરેલું ડેવેલપર એક જ વખત વાપરી શકાય છે, તેથી તે મોઘું પડે છે. તે વારંવાર વાપરી શકાય તે માટે અમાં ૧૮ ગ્રામ પો. બ્રોમાઈડ નાખી, તેમાં બે મિનિટ સુધી ફિલ્મ ધોઇ તુરત જ એક મિનિટ સુધી બમાં ધોવી. અમાં ધોવાની ક્રિયા બિલકુલ થશે નહિ: ફક્ત ફિલ્મના ઈમલ્શનમાં આ દ્રાવણ શોષાશે. ત્યાર બાદ બમાં ધોવાથી શોષાએલું દ્રાવણ કૉસ્ટિકની હાજરીથી છબિ વિકસાવવાનું કાર્ય કરશે. આ રીતે, પહેલા દ્રાવણનાં રસાયણો નિષ્ક્રિય થતાં નથી. તેથી તે બધું જ વપરાઇ ખલાસ થઇ જાય ત્યાં સુધી ચાલે છે અને બીજું દ્રાવણ સસ્તું હોવાથી ફેંકી દેવામાં કંઈ જ નુકસાન નથી.

ટ્રૉપિકલ ડેવેલપર: ભારત જેવા ગરમ દેશોમાં ફિલ્મના જિલેટીન ઉપર ગરમી અને આલ્કલીની વિપરીત અસર તથા 'ફૉગ' ન થાય તે માટે આલ્કલી વગરનું (ઍમીટૉલ ડેવેલપર) અથવા મંદ આલ્કલીવાળું (ફાઈન ગ્રેઇન) ડેવેલપર વાપરવું જોઇએ. વળી ગરમીથી જિલેટીનને નરમ પડતું અટકાવવા ફિલ્મને પ્રથમ ફૉર્મેલીનમાં ધોઈ, પાણીથી સાફ કરી, ડેવેલપરમાં ધોવી; અથવા ડેવેલપરમાં ધોયા બાદ ઍલમ (ફટકડી)ના દ્રાવણ (હાર્ડનર)માં ધોઈ લેવી.

બધાં સામાન્ય કામો માટેનું ટ્રૉપિકલ ડેવેલપર (કૉડૅક ડી. કે. ૧૫) નીચે મુજબ છે: મેટૉલ-૫·૭ ગ્રામ, સો. સલ્ફાઈટ-૯૦, કૉડાલ્ક-૨૨·૫, પો. બ્રોમાઇડ-૧·૯, સો. સલ્ફેટ-૪૫ ને પાણી ૧૦૦૦ સી. સી. જુદાજુદા ઉષ્ણતામાને તેમાં ધોવાનો સમય નીચે મુજબ છે:

ઉષ્ણતામાન (ડિગ્રી ફેરનહાઈટ)	૬૫	૭૦	૭૫	૮૦	૮૫	૯૦
ડિશમાં ધોવાનો સમય(મિનિટમાં)	૧૦	૮	૬·૫	૫	૩·૫	૨·૫
ટૅન્કમાં ધોવાનો સમય ,,	૧૨·૫	૧૦	૮	૬	૪·૫	૩

ફિલ્મને ધોયા બાદ પાણીથી સાફ કરી ત્રણ મિનિટ ક્રોમ-ઍલમ-૩૦ ગ્રામ, સો. સલ્ફાઈટ-૧૦૦ અને પાણી ૧૦૦૦ સી. સી.માં બનાવેલા દ્રાવણ(હાર્ડનર)માં ધોયા પછી ફિક્સિંગ-બાથમાં ધોઇ લેવી.

ફાઈન ગ્રેઇન ડેવેલપર: ઇમલ્શનને શક્તિશાળી સૂક્ષ્મદર્શક યંત્રમાં જોવાથી તેમાં સિલ્વર બ્રોમાઈડના કણ (grains) સ્ફટિક રૂપે સ્પષ્ટ દેખાય છે. આ સામેના ચિત્રમાં મથાળાની પહેલી આકૃતિમાં એવા બે કણ (એક ત્રિકોણ અને એક ગોળ જેવો) દેખાય છે. તે પર પ્રકાશે જ્યાં અસર કરી ચેતન-કેન્દ્રો (sensitive nuclei) બનાવ્યાં છે ત્યાં સૌ પ્રથમ ડેવેલપરની અસર થઈ (જુઓ તેની નીચેના બીજા ખાનામાંની આકૃતિ). પછી, તે પ્રકાશની પ્રબળતા અને ડેવેલપરની 'કાર્યશક્તિ'ના પ્રમાણમાં રિડ્યૂસ થઈ, સિલ્વરમાં ફેરવાઈ મોટા થતા જાય છે(આ.૩). આમ એકબીજાની વધુ નજીક આવેલા (આ.૪) આવા કણો આ પ્રમાણે ધીમેધીમે એકબીજા સાથે જોડાઈ જઈ એક મોટા કણમાં ફેરવાઈ જાય છે (આ.૫). આ પ્રમાણે જો આખી નેગેટિવમાં થાય તો તેની બધી બારીક વિગતો નાશ પામે, અને આવી અસરવાળી નેગેટિવ પરથી મોટાં ઍન્લાર્જમેન્ટ કાઢવામાં આવે તો છબિમાં જે સ્પષ્ટતા આવવી જોઈએ તે આવે નહિ. તેને 'ગ્રેઈનીનેસ' કહે છે. આમ 'ગ્રેઈનીનેસ' એ ઈમલ્શનના પ્રકાર ઉપરાંત ડેવેલપરની અસરનું પણ પરિણામ છે. આમ થતું બિલકુલ તો ન અટકાવી શકાય, પણ ડેવેલપરમાં વપરાતાં રસાયણોમાં તથા તેમના પ્રમાણમાં યોગ્ય ફેરફાર કરી કંઈક અંશે ઓછું તો જરૂર કરી શકાય. આવા ડેવેલપરને 'ફાઇન ગ્રેઈન' કહે છે. તેમાં બે વસ્તુઓ વાપરવી જોઇએ: (૧) સિલ્વર બ્રોમાઈડને કંઈક અંશે ઓગાળી શકે તેવા તથા ઓછી 'કાર્યશક્તિ'વાળા ડેવેલપિંગ એજન્ટ તથા (૨) ઓછી ઝડપે ધોવાથી કણો ભેગા થઈ જતા ન હોવાથી અતિ મંદ આલ્કલી. અને તેમાં પાણીનું પ્રમાણ વધારે વાપરી ઓછા ઉષ્ણતામાને (૬૫ ડિ. ફે.: ૧૮ ડિ. સેં.) ફિલ્મ ધોવી જોઇએ.

પૅરા-ફિનીલીન ડાઈઅમાઈન, સિલ્વર બ્રોમાઈડના દ્રાવક (solvent) તેમજ ડેવેલપર તરીકે કામ આપતું હોવાથી તે ઘણું જ પ્રખ્યાતિમાં આવેલું; પણ તે ઝેરી હોવાથી તેમજ ફિલ્મને રંગી નાખતું હોઈ તથા આંગળાં પર ડાઘ પાડતું હોઇ તેની જગ્યાએ વધુ સોડિયમ સલ્ફાઈટ સાથે બિનઝેરી ઑર્થો-ફિનીલીન ડાઈઅમાઈન શોધાયું. તેવી જ રીતે સોડિયમ સલ્ફાઈટ અને મેટૉલ સાથે ગ્લીસીન પણ વાપરી શકાય. જૉન્સન્સ ઍન્ડ સન્સે 'મેરીટૉલ'નું 'સુપરફાઈન ગ્રેઈન' ડેવેલપર જાહેરમાં મૂક્યું ત્યારથી પૅરા-ફિનીલીન ડાઇઅમાઈન વિદાય લેવા માંડયું. આ પ્રમાણે 'ફાઈન ગ્રેઈન ડેવેલપર'માં ઓછી કાર્યશક્તિવાળો ડેવેલપિંગ એજન્ટ, અતિ મંદ આલ્કલી અને વધારે સલ્ફાઈટ વાપરવાનું કારણ સમજી શકાશે.

'ફાઈન ગ્રેઈન' ફિલ્મને મેરીટૉલ જેવા 'સુપરફાઇન ગ્રેઈન' ડેવલપરમાં ધોવાથી ઘણાં જ સરસ પરિણામ આવે છે. ઝડપી ફિલ્મને ફાઈન ગ્રેઈન ધોવી હોય તો તેની ઝડપમાં ઘટાડો થયા સિવાય કૉડૅકની ડી. કે. ૨૦ અથવા ડી. ૨૫ પ્રમાણેનું દ્રાવણ વાપરી શકાય છે.

ફોટોગ્રાફીમાં ફાઈન ગ્રેઈન ડેવેલપર માટે જેટલાં જુદાંજુદાં પ્રમાણો (ફૉર્મ્યુલા)છે તેટલાં બીજા કોઈ કામ માટે નથી. તેમાં સંતોષકારક કામ

આપે તેવાં કેટલાંક મુખ્ય ડેવેલપર નીચે પ્રમાણે છે:

રસાયણો	ડેવેલપરનો પ્રકાર (વજન ગ્રામમાં)					
	ડૉ. સીઝ પ્રમાણે	કોડેક ડી. ૮૨	કોડેક ડી. ૨૫	કોડેક ડી. ૭૬	મેરીટૉલ સુપર-ફાઈન ગ્રેઈન	(મીનીએચર ફિલ્મ) એમ.સી.એમ. ૧૦૦
પૅરા-ફિનીલીન ડાઈઅમાઈન	૧૦					
મેરીટૉલ					૧૬	૧૬
મેટૉલ		૫	૭.૫	૨		
ક્વિનૉલ				૫		
ગ્લીસીન	૬થી૧૨					
સો. સલ્ફાઇટ	૯૦	૧૦૦	૧૦૦	૧૦૦	૯૦	૮૮
કોડાલ્ક		૨				
બોરૅક્સ				૨.૦૫		૨.૩
પો. સલ્ફોસાઈનાઈડ		૧				
ટ્રાઈસોડિયમ ફૉસ્ફેટ						૬.૯
સોડિ. બાઇસલ્ફાઇટ			૧૫			
પો. બ્રોમાઈડ		૦.૫				૦.૨
પાણી	દરેક માટે ૧૦૦૦ સી. સી. (૧ લીટર)					
૬૫ ડિ. ફે. ધોવાનો સમય મિનિટમાં	૧૫	૧૫	*	૧૫	+	+

* ડી. ૨૫ માટે ૭૭ ડિગ્રીએ ધોવાનો સમય ૧૫થી ૧૮ મિનિટ.
+ મેરીટૉલ સુપરફાઈન ગ્રેઈન તથા એમ.સી.એમ. ૧૦૦ માટે ૭૦ ડિગ્રીએ ધોવાનો સમય ૧૫ થી ૧૮ મિનિટ.

સીધી પૉઝિટિવ મેળવવા માટેની રીત :

ચલચિત્રના કૅમેરામાં પાડેલી ફિલ્મ-નેગેટિવને પૉઝિટિવ કર્યા પછી જ પ્રોજેક્ટર વડે પડદા પર ફરી બરાબર જોઈ શકાય. સામાન્ય બાબતોમાં નેગેટિવ ઉપરથી પૉઝિટિવ કાઢવાની રીત બહુ ખર્ચાળ થઈ જાય છે. તેથી મૂળ ફિલ્મને ધોતી વખતે જ સીધી પૉઝિટિવમાં ફેરવી નાખવામાં આવે છે. રંગીન છબિકળામાં પણ આ રીતનો ઉપયોગ થાય છે, કારણ કે એમાં પણ સીધી પૉઝિટિવ છબિ જ લાવવાની હોય છે.

આ રીત બહુ અટપટી છે તેથી બહુ સાવચેતી ને કુશળતા માગી લે છે. તેમાં રહેલી વિગતો નીચે પ્રમાણે છે: (૧) કોઈપણ યોગ્ય ફિલ્મ-ડેવેલપરમાં ફિલ્મને ધોવી. (૨) ફિલ્મ પર વિકસેલી નેગેટિવને પોટાસ પરમૅંગેનેટ અથવા ડાઇક્રોમેટ નાખેલા અતિમંદ ગંધકના તેજાબના દ્રાવણમાં ધોઇ અદૃશ્ય કરવી. (૩) નેગેટિવ પર છીંકણી રંગના ડાઘ પડયા હોય તો સોડિયમ સલ્ફાઈટના દ્રાવણમાં ધોવાથી તે દૂર થઇ જશે. (૪) ત્યાર બાદ નેગેટિવને બીજું એક્સપોઝર આપવું, જેથી પહેલી વખત અસર નહિ પામેલા સિલ્વર બ્રોમાઈડ પર અસર થાય.

આ પછી નેગેટિવને ફરી (૧) પ્રમાણે ડેવેલપરમાં ધોઇ નાખવાથી પૉઝિટિવ છબિ આવશે. આ પૉઝિટિવમાં પડછાનો આધાર બીજી વખત પ્રકાશ પામતા સિલ્વરબ્રોમાઇડના પ્રમાણ પર રહેતો હોઈ, શરૂમાં તથા (૪)માં જણાવ્યા પ્રમાણે કરેક્ટ એક્સપોઝર આપવું. જુદીજુદી ફિલ્મો સાથે જુદાંજુદાં ડેવેલપર વપરાતાં હોવાથી જે તે ફિલ્મ સાથે આવતી સૂચનાઓ પ્રમાણે કામ કરવું. આવી ફિલ્મ વેચતી લગભગ બધી જ સંસ્થાઓ જાતે પૉઝિટિવ બનાવી આપે છે. (ચાલુ)

કચ્છનાં જંગલી ગધેડાં

સૌરાષ્ટ્રની ધરતી તો ઘણીઘણી બાબતો માટે પ્રખ્યાત છે: દુકાળ માટે, બહારવટિયાઓ માટે, તેના રાજવીઓની મહેમાનગીરી માટે, એશિયાભરમાં દુર્લભ એવા નરકેસરી સિંહ માટે, કાઠિયાવાડી ઘોડીની જાત માટે, અને માંકડને માટે પણ 'હોસ્ટેલ' રાખતા પવિત્ર એવા જૈન લોકો માટે! આવા સૌરાષ્ટ્રની ઉપરના ભાગમાં, કચ્છના નાના રણમાં થતાં જંગલી ગધેડાંઓ માટે પણ તે એટલી જ પ્રખ્યાત છે એ બહુ ઓછા જાણતા હશે. દુનિયામાં એની ઓલાદ અતિ જૂજ સ્થળે જોવા મળે છે એ તેની ખાસિયત છે.

આશરે ૧૬૦૦ ચોરસ માઇલનો વિસ્તાર ધરાવતા કચ્છના નાના રણનું ભૂપૃષ્ઠ સામાન્ય રીતે ચોમાસા સિવાયના દિવસોમાં ખારાશ પડતી કઠણ માટીવાળું હોય છે, જેના ઉપર ઝડપથી મોટર પણ હાંકી શકાય. જોકે કયાંક કયાંક દગો દે તેવી નરમ જમીન પણ હોય છે ખરી. વચ્ચે કો'કકો'ક જગ્યાએ રણની સપાટી કરતાં ઊંચા બેટ જેવું હોય છે, જ્યાં આછું ઘાસ તથા થોડી ઝાડી થાય છે. બાકી બીજા કોઈ પ્રકારની વનસ્પતિ આ ખારાપાટમાં થતી નથી.


ઝાંઝવાનાં જળ, એ તો આ રણની ખાસ વિશિષ્ટતા છે, અને રણની સપાટી ઉપરના મીઠાના કણને લીધે તે વિસ્તૃત પ્રમાણમાં જોવા મળે છે. એને લીધે આજુબાજુનો માઈલોના માઈલો સુધી પથરાએલો વિસ્તાર અસ્થિર પાણીની સપાટીવાળા એક વિરાટ સરોવર જેવો દેખાય છે, અને એમાં દૂરદૂર આકૃતિઓનાં પ્રતિબિંબ વિકૃત સ્વરૂપમાં જોવા મળે છે. દાખલા તરીકે કોક પ્રાણીઓનાં સગડ-ચિહ્નો મોટા ગઢની દીવાલો (machicolated wall) જેવાં લાગે છે! પણ વર્ષાઋતુમાં કચ્છના અખાતનાં પાણી, તેમજ બનાસ વગેરે નદીઓનાં જળ અહીં એવાં તો પથરાઈ જાય છે કે તે ઓળંગી પણ શકાતાં નથી.

આવું છે એ જંગલી ગધેડાંનું રહેઠાણ. તેઓ હૃષ્ટપુષ્ટ નાના ઘોડા જેવાં અને પુખ્ત વયની ઉમરે, ૬ થી ૮ હૅન્ડ * (ઘોડા વગેરે માપવાનું લગભગ માણસની પ્રસારેલી હથેલી જેટલું ખાસ માપ ૧ હૅન્ડ=૪ ઈંચ) ઊંચાં હોય છે. તેના કાન સાધારણરીતે લાંબા હોય છે, પણ આપણાં ગધેડાં જેટલા તો નહિ જ. રણના અફાટ વિસ્તાર પર દૂરથી કાળાં ટપકાં જેવાં ફરતાં દેખાતાં, રંગે આછા પીળાશપડતાં, ભૂખરા ખભાવાળાં, અને નીચેના ભાગમાં સફેદ પટ્ટાઓવાળાં આ ગધેડાંને આછી કેશવાળી હોય છે અને એની પીઠની વચ્ચે નીચેના ભાગ ઉપરના પહોળા પટ્ટા પણ આકર્ષક લાગે છે.

ચોમાસામાં આ ગધેડાં રણમાં આવેલા ઉપર્યુક્ત બેટો ઉપર જ રહે છે અને ત્યાં થતું ઘાસ વગેરે ચરે છે. પણ જ્યારે રણનું પાણી સુકાઈ જાય છે ત્યારે રાત્રે નીકળી આવી કિનારા ઉપરનાં ખેતરોનો પાક તેમજ ઘાસ ખાઈ જાય છે તથા સવાર પડયે પાછાં પોતાના સલામત રહેઠાણે ચાલ્યાં જાય છે. રણ એ તેમની સલામત જગ્યા છે, કારણકે કોઈ રડયાખડયા વરુ સિવાય ત્યાં તેમનો કોઈ દુશ્મન હોતો જ નથી. અને હોય તો પણ ખુલ્લા રણમાં દૂરદૂરથી તે દેખી શકાય છે. જ્યારે માણસની બીક તો તેને રહેતી જ નથી, કારણકે આ તરફના માણસો તેનો શિકાર કરતાં નથી.

આ જંગલી ગધેડાં વિષે આમ તો બહુ જ ઓછી આધારભૂત માહિતી મળે છે. પણ મારો ખયાલ છે ત્યાં સુધી મુંબાઈના નૅચરલ હિસ્ટરી સોસાએટી (પ્રકૃતિમંડળ) તરફથી શ્રી સાલિમ અલીએ, ઈ. ૧૯૪૬માં આ ગધેડાંનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ અભ્યાસ કર્યો હતો. તેમના

જેનો ઓલાદ દુનિયામાં અતિ જૂજ સ્થળે જોવા મળે છે તે કચ્છની એક વિશિષ્ટ પેદાશ



શ્રી એમ. એ. વિન્ટરબ્લીધના મૂળ અંગ્રેજી લેખ ઉપરથી
અનુવાદક : **એ. કે. દેસાઇ**

કહેવા પ્રમાણે આ પ્રાણીઓનો સંવનનકાળ ઑગસ્ટથી ઑક્ટોબર છે. અગિયાર મહિના સુધી તે બચ્ચાંને પેટ રાખે છે અને ફક્ત એક જ બચ્ચાને જન્મ આપે છે. તેમની ગણતરી મુજબ તે વેળા નાના રણમાં તેની સંખ્યા ૩૦૦૦ થી ૫૦૦૦ હતી અને તેનું પ્રમાણ વધતું જતું જણાતું હતું. અમને પણ લાગ્યું કે તેમનું પ્રમાણ વધુ જ હશે કેમકે અમને તો એ મોટાંમોટાં ટોળાંમાં જ જોવા મળતાં. શરૂઆતની દોડમાં તેમની ઝડપ કલાકના લગભગ ૪૦ માઈલ જેટલી હોયછે, પણ પછીથી ઘટી જઈને ૨૫ થી ૩૦ની આસપાસ રહે છે. પણ આ ઝડપે તો પછી તે કલાકોના કલાકો સુધી દોડી શકે છે. કચ્છના નાના રણ સિવાય બલુચિસ્તાન, ઈરાન, સીરિયા, કચ્છનું મોટું રણ ને દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનમાં આ ગધેડાં મળી આવે છે. એમ કહેવાય છે કે પુખ્ત વયનાં ગધેડાંને કાબૂમાં રાખવાં મુશ્કેલ હોય છે. અને અમારા અનુભવ ઉપરથી આ ખોટું તો નથી જ લાગ્યું.

આ નવતર જાતનાં છ ગધેડાંને પકડીને તેના ઉછેર તથા જીવન નિરીક્ષણ માટે લશ્કરને ભેટ આપવાનો એક પ્રોગ્રામ ધ્રાંગધ્રાના નામદાર રાજસાહેબે ગોઠવ્યો હતો. તેને પકડવાની રીત પણ તેઓએ જ શોધી કાઢી હતી: એક લાંબા મજબૂત દોરડાને એક છેડે સરકણી ગાંઠવાળો ગાળિયો કરી, તેને વધુપડતી ભીંસ ન આવી જાય માટે બાજુમાં એક ગાંઠ વાળી દેવામાં આવે છે. દોરડું, બીજે છેડેથી એક વાંસ સાથે બાંધીને લટકતું રાખવામાં આવે છે. સાથે જોઇએ બે મોટર: એક જીપ અને બીજી ખુલ્લી ટૂરિંગ કાર, કે જેમાં પકડનાર સહેલાઇથી ઊભો રહી શકે ને આજુબાજુ હરીફરી શકે. જે ગધેડાને પકડવું ધાર્યું હોય એને મોટર વડે ટોળામાંથી આંતરીને જુદું તારવી લે છે. પછી તેને બંને દોડતી મોટરો વચ્ચે ભિડાવવામાં આવે છે, એટલે દોરડાવાળો વાંસ ઝાલીને ટૂરિંગ કારમાં ઊભી રહેલી પકડનાર વ્યક્તિ વાંસને લંબાવીને પાછળથી તેના ગળામાં ગાળિયો નાખે છે. સામેથી તો ગાળિયો નાખવાનો પ્રયત્ન મિથ્યા જ છે, કેમકે ગાળિયો જોઇને જ તે આડોઅવળો નાસી જવા પ્રયત્ન કરે છે, કે કાં તો એકાએક ઊભો રહી તે પછી તરત લોંચી ખાઇ બીજી બાજુએ દોડવા માંડે છે!

ગળામાં ગાળિયો પરોવાઇ ગયા પછી, વાંસ સાથે દોરડાનો વધારાનો ભાગ બાંધી રાખેલી સૂતળી તોડી નાખવામાં આવે છે અને પકડ ન આવે ત્યાં સુધી તેને સરકવા દે છે. આ દરમિયાન ગધેડો, પોતાના ગળામાંથી ગાળિયો કાઢી ન શકે તેવી રીતે બંધ થઈ જાય છે.

આમાં મોટરો બે તો જોઇએ જ, કેમકે બે મોટરો ગધેડાને વચ્ચે ભિડાવીને સમાંતર દોડતી હોય તો જ તે આડોઅવળો નાસી જઈ શકતો નથી. વળી જીપની બાજુએ ગધેડો જોઈ શકે તેવી રીતે કોઈ રંગીન કપડું રાખવું જોઈએ, નહિતર તે મોટરથી ભડકશે. આ યુક્તિથી ઘણાંખરાં ગધેડાં સહેલાઈથી પકડાઈ જાય છે. કોઈક કોઈક આજુબાજુ કૂદડી ફેરવે છે, કેટલાંક અચાનક ઊભાં રહીને પછી લોંચી ખાઈ નાસી જાય છે અથવા મોટરોને લાતો પણ મારે છે! તેમનાં આ તોફાન એટલાં તો ઝડપી હોય છે કે તેને પહોંચી વળવા માટે બંને મોટરોના ડ્રાઈવર ખૂબ કુશળ હોવા જોઈએ.

આવાં છ ગધેડાંને પકડવા માટે અમારી એક ટુકડી ધ્રાંગધ્રાના રાજસાહેબની આગેવાની નીચે નીકળી. કિનારાનો કાદવકીચડ ઓળંગીને સપાટ રણમાં પહોંચતાં જ દૂરથી એક નાનું ટોળું દેખાયું. તેમાંથી એક ગધેડું જુદું તારવી કાઢીને બંને મોટરોની વચ્ચે ભિડાવી તો લીધું, પરંતુ તે પૂરું લાગમાં આવતું નહોતું. વળી તેણે બે વખત તો મોટરની બાજુમાં લાતો પણ મારેલી. છતાં પણ રાજસાહેબે કુશળતાથી તેને પકડી લીધું. ત્યાં કમનસીબે ગાળિયાનું દોરડું તેઓશ્રીના હાથમાંથી છૂટી ગયું, પરંતુ આટલી ઝડપે પણ તેમણે સમયસૂચકતા વાપરીને મોટરની બહાર ટીંગાઇને દોરડું પકડી લીધું.

આવી રીતે અમે છ ગધેડાં પકડ્યાં,—બે નર ને ચાર માદા. પકડ્યા પછી શરૂશરૂમાં તો તેમણે અમને બહુ તકલીફ આપી, પરંતુ અમારું તેમના તરફનું વર્તન માયાળુ હતું તેથી ધાર્યા કરતાં જલદી શાંત થઈ ગયાં.

ફરી પાછા કાદવકીચડમાંથી રસ્તો શોધતા શોધતા અમે પાછા વળ્યા. બીજા દિવસે માત્ર પહેલા ગધેડા સિવાય બીજાં બધાં સ્વસ્થ હતાં. પહેલું બીચારું માંદું પડ્યું હતું, જે બેચાર દિવસમાં મરી ગયું.

[અંગ્રેજી સાપ્તાહિક The Field(ધ ફીલ્ડ)ના સૌજન્યથી]

સ્નેહ એક આગ જેવો છે, જેનો કોઈ વીમો જ નથી ઉતારતું.

અનુભવ એટલે આપણી ભૂલોને આપણે જે નામ આપીએ છીએ તે.

પત્રકારત્વ એટલે નહિ વાંચવા જેવું, અને સાહિત્ય એટલે નહિ વંચાએલું.

રાજ્યનીતિજ્ઞ એટલે એટલો બધો કામગરો માણસ કે જેને પ્રામાણિક રહેવાનો પણ સમય નથી મળતો.

જ્યૂરી એટલે કયા પક્ષ પાસે સારો વકીલ છે તે નક્કી કરવા માટે નિમાતા સાધારણ અક્કલનાં બાર માણસો.

પચ્ચીસ વર્ષ પહેલાં



કારતક '૮૭
અંક ૭૧

પંદર-સત્તર વર્ષની વયના એક બંગાળી છોકરાનાં લખેલાં અંગ્રેજી કાવ્યો જોઇને કવિવર રવીન્દ્રનાથ ઠાકુર જેવી જગત-વિભૂતિએ, એ કુમારની કવિત્વશક્તિ ને પ્રતિભા પર મુગ્ધ થઈ પ્રશંસા કરી એમ જ્યારે વાંચ્યું ત્યારે એ તેજસ્વી કુમારને વિષે જાણવાની સ્વાભાવિક ઇચ્છા થએલી. થોડા જ વખત પછી 'શમા' નામનું ઊંચી કોટિનું ત્રૈમાસિક જોવામાં આવ્યું; એમાં એનાં કાવ્યો વાંચવા સાથે માલૂમ પડી ગયું કે એ હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય તે 'શમા'ના તંત્રી મૃણાલિની ચટ્ટોપાધ્યાય અને સરોજિની નાયડુના નાના ભાઈ.

'જુવાનીની મેજબાની' અને 'પૃથ્વીનો સુગંધ' એ એણે એ વયે બહાર પાડેલા કાવ્યસંગ્રહો. એમાં ચમકતી પ્રતિભા અને માધુર્યે અંગ્રેજી વાંચનાર આલમને દંગ કરી મૂકેલી.

એની કલમ નાટકો પર પણ ચાલેલી. પહેલું નાટક 'અબુહસન' તો એણે ૧૪ વર્ષની વયે લખેલું. એ નાટકો પણ કાવ્યોમાં જ રચાએલાં છે. 'ઝેર કોણે પીધું ?' એ મીરાંબાઈના સુંદર કથાનક ઉપરાંત તુકારામ, સકુબાઈ, દામાજી, પુંડરિક વગેરે દક્ષિણ હિંદના સંતોની આખ્યાયિકાઓ અને જીવનલીલાને પોતાની પ્રવાહી અને અર્થગંભીર કાવ્યવાણીમાં એણે રમતી કરી મૂકી. એમાં એ સંતોના જીવનના મૃદુકઠોર પ્રસંગોનાં માધુર્ય અને તેજસ્વિતા આલેખ્યાં છે, તેટલા જ, સબળ અને સોંસરી વાણીમાં સમાજનાં દૂષણો પર સપાટા લગાવ્યા છે.

એની જીવનકથામાં કોઈ ખાસ આકર્ષક પ્રસંગો નથી. અઘોરનાથ ચટ્ટોપાધ્યાયના એ નાનકડા પુત્રને સંસ્કારી અને પ્રતિભાવાન કુટુંબના વાતાવરણમાં યોગ્ય ઉછેર ને શિક્ષણ મળતાં જ તેની સ્વાભાવિક શક્તિઓ આપમેળે ખીલી ઊઠી. એ શક્તિઓનો ચમકાર જગતમાં પડ્યો ન પડ્યો અને તે ઇંગ્લંડ ગયો. પુષ્પના પહેલાં તેની સૌરભ ત્યાં પહોંચી ગઈ હતી. ઇંગ્લંડ અને યુરોપમાં તે ખૂબ ફર્યો; ઘણું જોયું અને જાણ્યું. ખાસ કરીને પશ્ચિમની રંગભૂમિએ તેને અત્યંત આકર્ષણ કર્યું અને હિંદની રંગભૂમિની કાયાપલટ કરવાના તેને મનોરથ જાગ્યા. કાવ્યપ્રતિભાને ઓથે અભિનયની પણ પ્રતિભા–તરણા ઓથે ડુંગરની પેરે–છુપાઇને ઊભી હતી, તે એ મનોરથોના પ્રેર્યા ઉત્સાહથી જાગ્રત થઈ ઊઠી. એ ધોધમાર વહેતા શક્તિપ્રવાહને યોગ્ય માર્ગે વાળવા અને ભારતીય રંગભૂમિના મેલ ધોવા તે હિંદ પાછો ફર્યો.

આ જ અરસામાં એને કમલાદેવી નામનાં એક સંસ્કારી, સુશિક્ષિત બંગાળી બાળવિધવાનો ભેટો થયો. અંતરે અંતરને ઓળખ્યાં અને સમાજનાં દૂષણો પર ચાબખા લગાવનાર એ કવિએ, એવા એક દૂષણના નિવારણના ઉદાહરણ રૂપ, પોતાની માન્યતાને આચરણમાં મૂકી, કમલાદેવીનું પાણિગ્રહણ કર્યું.





સોના સાથે સુગંધ મળે તેમ હરીન્દ્રનાથની અંતરેચ્છામાં કમલાદેવીની વૃત્તિઓએ પણ સાથ પુરાવ્યો. જાતે રંગમંચ પર ઊતરી લોકોને ખરું માર્ગદર્શન કરાવ્યા વિના હિંદી રંગભૂમિનો પલટો લાવવો અશક્ય છે એ માન્યતાને આચરણમાં મૂકવા હરીન્દ્રનાથ તથા કમલાદેવીએ પોતાના જ જેવા થોડા મિત્રો સાથે નાટકો ભજવવા માંડ્યાં. દક્ષિણ હિંદની રૂઢિચુસ્તતાથી જેઓ વાકેફ છે તેઓ જ માત્ર સમજી શકે કે એ કારણે તેમને શું ખમવું પડ્યું હશે. ધીરજ ને શ્રદ્ધાથી તેમણે પોતાના પ્રયત્નો કશી પરવા વિના ખંતપૂર્વક જારી રાખ્યા અને અંતે તેમની શક્તિઓની કદર બુઝાવા માંડી.'

આજથી પચીસ વર્ષ પર હરીન્દ્રનાથે ગુજરાતમાં આવી નવી રંગભૂમિની હવા જગાડી ત્યારે લખાએલા આ પ્રશસ્તિલેખ પછી આજે તો એ બંનેના જીવનની હવા ફરી ગઈ છે. છૂટાછેડા લઈ કમલાદેવી સમાજવાદી પક્ષ અને હરીન્દ્રનાથ સામ્યવાદી વિચારસરણી હેઠળ કામ કરે છે. પણ એમના એ કાળે શ્રી રવિશંકર રાવળે આલેખેલા સ્કેચ સાથે આપેલા પરિચયનો આટલો ફકરો ઉતારવા જેવો હતો.

એવી જ ઉતારવા જેવી છે શ્રી પ્રાણભાઈ મહેતાની એક સોરઠી કથા :

'સત્ રામ હરિ!' સંધ્યાના સમયે એક પડછંદ આદમી માણસુર બશિયાની છાતીપુર ઓસરી પાસે ઊભો રહી ઉપર પ્રમાણે બોલ્યો.

ફાટેલ લૂગડાં, ભૂખનું દુ:ખ અને વહાલાંઓનો વિજોગ એ ત્રણે બાબતો આ આદમી સામે જોતાં જ જણાઈ આવતી હતી. પોતાને કોઈ ઓળખી જતું તો નથી ને, એવી બીકથી તેની લાલ આંખો સંધ્યાના લાલ રંગ સાથે ફરતી રમતી પોપચાં નીચે ઘડીભર છુપાઈ જતી હતી.

'કેવા છો મા'રાજ !' હોકાની ઘૂંટ તાણતા માણસુર બશિયાએ પૂછ્યું.

'સાધુ છીએ બાપુ! ક્યાંક નાનકડી જગ્યા



રૂપ અને રેખા : પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલું એક નાના ઊર્મિકાવ્ય જેવું શ્રી રવિશંકર રાવળનું ચિત્ર

હોય તો દેવની પૂજા કરીએ અને પેટ ભરીએ.' મળેલા અનાજ ઉપર ચીંથરા જેવો પાઘડીનો છેડો ઢાંકતો સાધુ બોલ્યો.

'સાધુ છો તો દૂધ કોનું?'

'દૂધ તો વાઘેરનું, બાપુ!'

'હમણાં તો ખેટલાની જગામાં એક બાવો છે અને નાગબાપાનું પૂજન અમારા ગામોટીનો ગગો કરે છે. જો તમારે ગામનો હવાડો રાખવો હોય તો ભલે. હવાડા હેઠે દસ વીઘાં જમીન છે. તે વાવો ને મોજ કરો. ગામમાં રોટલા બાંધી દેશું ને બે વાછડા લઇ દેશું. કોસ-વરતાં તો ધર્માદાના ખજાનામાં છે. વિચાર કરીને સવારે જવાબ દેજો.'

સાધુ ચોરે જઈ વાળુ કરી સૂઈ રહ્યો.

'આવ્યા કે મા'રાજ?' ડેલીએ સવારે બાપુએ પૂછ્યું: 'બેસો બેસો બાપ! ભેખ ક્યાંથી? અમારે તો તમારી સેવા કરવા મળે એટલે બસ. જુઓ, અમારા ગામનું પાણિયારું ગામથી બહુ દૂર છે અને વખત તો તમે જુઓ છો ને? કોઈ આસપાસના ગામવાળા ઝડ કરીને પાણિયારીને લૂંટે તો હુશિયાર રે'જો.'

તે દિવસથી સાધુ ગામનો હવાડો ભરે ને ત્યાં જ પોતાની ઝૂંપડી બાંધી પોતાનું કામ કરે. સાંજ પડયે 'સત્ રામ હરિ!' બોલતો બે-ચાર ઠેકાણેથી રોટલો લાવી પોતે ખાય, ને અતિથિને ખવડાવે. રાત પડતાં નાનકડા એકતારા ઉપર બાવાની આંગળીઓ રમે ને આકાશના તારાઓ આ બાવાનાં ગેબી ભજન સાંભળવા લાગે. એનાં ભજન શું? એ ગાતો કે:

એક વાર બાપુને મળવાને આવો રામજી!
તમને બોલાવું રૂડા દેવજી!
પંખીડો તલખે ને આતમ ટહુકે
આંસુડાંની રેલ રેલાવે હો રામજી!
તમને બોલાવું રૂડા દેવજી!

આ એનું પહેલું ભજન. પછી તો બીજાં ઘણાં ગવાતાં: મીરાંનાં, પ્રીતમનાં, દેવા'ત પંડિતનાં.

રંભાના માનનું ચૂર્ણ કરે તેવી પનિહારીઓ કૂવે પાણી ભરવા આવતી ને કાંબી કડલાંના ખણખણાટ કરતી વાર્તાના આલાપ દેતી નિર્ભય ચાલી જતી. જ્યાં સાંજ કે સવારમાં કોઈ પનિહારી પાણી ભરવા ન જઈ શકતી ત્યાં એ સાધુના પ્રતાપે એકલી જવા લાગી.

એક વખત પાંચછ ઘોડાં હવાડાના તાજા નીરની સપાટી ઉપર મોઢું બોળી ચસક ચસક પાણી ચૂસવા લાગ્યા. તેના પછડાતા પગને અવાજે સાધુની સ્મૃતિ જગાડી. ઓથે રહી જોયું તો કંઇક શક પડયો. બીજું તો કંઈ હથિયાર ન મળ્યું, પણ જાડા હાથાવાળી ઘાસ ખોદવાની કોદાળી લઈ ચીંથરેહાલ ફેંટો કેડ ઉપર વીંટાળી ભગવાં લૂગડાં તરફ એક વખત દૃષ્ટિ ફેંકી. તેને તેનો રંગ કેસરિયો દેખાયો.

પટેલના બે દીકરાની વહુવારુઓ આવી ને નિર્ભયતાથી ગાગર ને ઘડો સરરર કરતાં પાણીમાં ઉતાર્યાં. ત્યાં ઘોડાવાળાઓએ હાકલ કરી, 'બાઇ! ઘરાણાં ઉતારી ઘેર જજો!' પનિહારીઓ ધ્રુજી ઊઠી, પણ ત્યાં તો પહાડ શો સાધુ વાડીના છીંડામાં દેખાયો: 'ભાઇઓ! ઘોડાં હવે પાણી પી ધરાયાં હશે માટે મારગ પકડો. અસુરા થઇને તડકો વેઠવામાં માલ નહિ!' ઠંડે કલેજે બાવાએ કહ્યું.

'જોગટા! છાનોમાનો ઝૂંપડીમાં ગરી તંબૂરો વગાડય!' એમ બોલી એકે તલવાર ખેંચી.

'હે રામજી! દેવજી! દર્શન દેજો.' એટલું બોલી દાંત પીસી બાવાએ દોટ દીધી. બધા સવારોએ ઝબોઝબ તલવારો ખેંચી, પણ બાવાની કોદાળી જેનેજેને પડી તેણેતેણે મારગ પકડી લીધો. એકેક ઘાવે બબ્બે ત્રણત્રણ ઠેકાણે માર પડે એવી અદ્ભુત ઘાવ કરવાની શક્તિને લીધે છયે સવારો પલાયન કરી ગયા. પનિહારીઓ આંખે આડા હાથ દઈ ઘાવના કડાકા સાંભળી રહી હતી. મૂછ ઉપર તાલ દઇ ખોંખારો ખાઈ બાવો તેમને ઉદ્દેશી બોલ્યો, 'બહેનો, જાઓ બાપ! બેડાં લઈ ઘેર પધારો. સાસુ વાટ જોતાં હશે.' એટલું કહી ઝૂંપડીમાં ગયો.

'રંગ છે બાવા! રંગ છે જનેતાને! આ તો ભગત ને વળી શૂર જન્મ્યો. ભલી ગામની લાજ રાખી. એલા મેઘા! વડગઢ જઈને શેલું લઇ આવ્ય. બાવાજીને દાયરા વચ્ચે બંધાવીએ.'

કચેરી વચ્ચે બાવાને શેલું બંધાવી બાપુએ પોતાના હાથની હથેળીમાં ભરીને કસુંબો પાયો. તેની ફાટલ કફનીમાંથી બાપુએ જોયું તો વાંસામાં ગણ્યા ન ગણાય તેટલા ઘા હતા.

'બાવાજી એકાદ બે ભજન ગાઓ.' દાયરાની એવી માગણીથી બાવાએ ભજન ઉપાડયું :
'એક વાર બાપુને મળવાને આવો હો રામજી!
તમને સંભારું રૂડા દેવજી!'

એક દિવસ સાંજે 'સત્ રામ હરિ!' બોલતો સાધુ બાપુને ઘેર રોટલો લેવા ગયો. બાપુ આજ એક વર્ષથી પોતાના લીમડા પર બોલતી એક ચીબરી પછવાડે બંદૂકના ઘા કરતા હતા, પણ ચીબરી મરતી નહિ ને બાપુ તેને અપશુકનિયાળ જાણી દુખાતા. 'બાપુ! સત્ રામ હરિ! શું બંદૂક લઈ બેઠા છો?' બાવો બોલ્યો.

'બાવાજી! આ લીમડા ઉપર ચીબરી બોલે છે ને મારો જીવ જાય છે. કેમે ય મરતી નથી.'

'લાવો જોઉં. આજ બંદૂકનો ઘા મારા હાથથી કરવા દ્યો. લાગે તો બાણુ નહિ તો થોથું.'

ખીલીલીલી! કરતોક ચીબરીનો અવાજ થયો. એ અવાજ ઉપર બંદૂક છોડી સાધુએ ઘા કર્યો. ફડફડ કરતી ચીબરી નીચે પડી. સાધુએ બંદૂકને બાપુના હાથમાં મૂકી ને રામપાતરમાં વાણુ લઈ અંધારામાં ચાલતી પકડી. આજ સુધીના અનુભવે બાપુ શંકામાં તો હતા, તેમાં આ અનુભવે હદ કરી! સાધુના હાથે આવી બંદૂક ક્યાંથી બેઠી હોય? નક્કી કોઈ છૂપે વેશે ફરનારો બહારવટિયો હશે.

બીજે દિવસે સવારમાં સાધુના ભજનમાં ગવાતા રામજી અને દેવજીએ ગામને પાદર આવી કોઈ માણસને પૂછપરછ કરી અને પિતા નાગાજણ અહીં સાધુને વેશે રહે છે તે જાણ્યું. તેઓ કૂવાની પડોશમાં આવેલા ખેતરમાં છીંડા વાટે પેઠા. નાગાજણ વેલા પરનાં નાનાં કોળાં સાથે વાતો કરી સજળ નયને પાછો ફરતો હતો.

'બાપુ નાગાજણ!'

'અરે આ કોણ મારા રામજી! મારા દેવજી!' એમ બોલતો નાગાજણ દોડચો, ભેટચો, ને... તેનો અંતરાત્મા ચાલ્યો ગયો. આટલા મિલન માટે જ એનો આત્મા આશાના બંધથી દેહ સાથે જડાઈ રહ્યો હતો.

બાપુ ત્યાં આવ્યા ને દિલગીર થયા. પાછળથી જ તેમણે જાણ્યું કે પુત્રોને મળવા તલસતો ને વાટ જોતો તે બહારવટિયો જ હતો.

ત્યારે સુરતના ગુજરાતી સાહિત્યમંડળે એક લલિતકળા સમારંભ યોજેલો. તેમાં શ્રી રવિશંકર રાવળે આપેલા વ્યાખ્યાન 'કળા અને કેળવણી'માંના વિચારોની થોડી વાનગી :

'હિંદનો ઔદ્યોગિક અને સામાજિક ઇતિહાસ એક વાત તો સાબિત કરે છે કે વિવિધ પ્રસંગ અને કાળ પ્રમાણે રૂપો ઉત્પન્ન કરવાનું સામર્થ્ય હિંદુ માનસમાં હતું અને છે.

પ્રભાત થતાં મંદિરોની નોબતના ભૈરવીના સૂરો વડે વાતાવરણમાં સંસ્કૃતિના રંગ પ્રેરાય અને મનુષ્યો તેમાં રંગાય. હિંદી સંસ્કૃતિના સ્વરૂપમાં સંગીતને બહુ વિશિષ્ટ સ્થાન મળ્યું છે અને સંગીતે એટલો મર્યાદાવિસ્તાર કરી લીધો છે કે આજના વિશારદો તેમાં નવું કરવા અશક્તિ બતાવે છે.

મંદિરોનાં મકાનો દિનભર માણસોને કોઈ ઉન્નત ભવ્ય સ્થિર વ્યક્તિત્વનો ખ્યાલ આપ્યા જ કરે. રંક-રાય સૌ વર્ગને તેની અંદરની શિલ્પસમૃદ્ધિનાં દર્શન, મનન અને તૃપ્તિનો અધિકાર એકસરખો અને સદા ખુલ્લો રહે. મંદિરને અંગે થતા સમારંભો ને ઉત્સવો પ્રજામાં આનંદ તથા નવીન ઉત્સાહનાં આંદોલનો પ્રેરે. મંદિરોની ચિત્રશાળાઓમાંના ઇતિહાસપુરાણના પ્રસંગો સજીવ બની તેમને સંસ્કાર પ્રેરે ને તે સાથે મંદિરો મારફત ચાલતી ધર્મશાળાઓમાં વિદ્વાનો, સંન્યાસીઓ અને યાત્રીઓ આવી દેશભરની દંતકથાઓ ને ગંભીર જ્ઞાનની સુવાસ મૂકતા જાય. રંક જનોને પણ સુલભ કરી મૂકેલી જ્ઞાન અને સંસ્કારની આવી વહેતી ગંગા ઉપરાંત ઇતિહાસ અને પુરાણવાર્તાનો પ્રચાર કરતા કીર્તનકારો, માણભટ્ટો અને ભાટચારણો ગામડાંમાં હળે ચડેલા ખેડૂત સુધી માનવ સંસ્કૃતિ ને જીવનકળાના પાઠો પહોંચાડી દે. પ્રજાના હૈયામાં શાંતિ ને ઉલ્લાસના આવા શ્વાસ પુરાતાં કોઈ વાર ઉત્સવના હિંડોળે ચડે. વસ્ત્રો, પદાર્થો, ગૃહ ને આંગણાં પર સુંદરતાના થાપા પડે. ક્રિયાકુશળતામાં કળાની પ્રેરણા ઊતરે ત્યારે સ્ત્રીઓના હાથમાંથી પણ વેલબુટ્ટીનાં ચિતરામણ ફૂટે, સાથિયા પુરાય ને મોતીનાં તોરણ રચાય. કુંભાર, લુહાર કે સુથાર ઘાટ ઘડતાં વિશ્વકર્મા બની જાય અને રંગબેરંગી ચિતરામણ, ઘડતર કે કોતરણી સર્જે.

કેળવણી જ્યાં સુધી આ રીતે પ્રજાહૃદયનો નાદ ઝીલે નહિ ત્યાં સુધી તે પારકી જ રહેવાની. જે કામ દેવમંદિરોએ પડતું મૂક્યું છે તે કામ કેળવણીની સંસ્થાઓનું જ છે. કળાની સ્વયંપ્રકાશિત નજર વગર હિંદની કેળવણીની ગતિ દિશાશૂન્ય બની છે. આ વંધ્ય કેળવણીથી પ્રજાને મુક્ત કરવાને દેશની કળાઓ જ એક અચૂક સાધન છે. સંગીત તેમના પ્રાણ જગાડશે, મૂર્તિ પ્રેરણા આપશે, ચિત્રકળા કલ્પના સજીવ કરશે, નૃત્ય જોમ આપશે. મહાન વૈજ્ઞાનિક કે મહાન ઋષિ તેના તત્ત્વચિંતનની પહેલી દશામાં કળાકાર જ હોય છે. એની કલ્પનાને મૂર્તિમંત કરવાની ક્રિયા પૂરતો જ તે જ્ઞાનને સાધન બનાવે છે. કેળવણી માત્રની શરૂઆતમાં મનુબાળને માટે કળાનું પારણું જોઇશે.

આપણી શાળાઓ દેવમંદિર જેવી દેદીપ્યમાન અને આકર્ષક બને; તેનું દર્શન આ દેશની પરંપરા મુજબ મનોહર લાગે; દેશની સુંદર આકૃતિઓ ને મૂર્તિઓ તેના ચણતરમાં ગોઠવાય; તેની દીવાલો પર દેશના પ્રેરક ઇતિહાસપ્રસંગો અને ભવ્ય જીવનકથાઓ તેમજ ભૂગોળનાં સુંદર દશ્યો હોય; બાળકો અને બાળકીઓનું તે આશ્રયધામ બને; નગરજનોનું તે સન્માન પામે અને ત્યાં ચિત્ર, સંગીત, કથા ને સ્વપ્રેરિત પ્રયોગોનું ક્રિયાગૃહ હોય; ત્યાંનાં પુસ્તકો અને પદાર્થો લેતાં જોતાં કોઈ મનાઈ પામે નહિ; ત્યાં શિક્ષકો ચોકીદાર ન હોય પણ સહાયકર્તા મિત્ર બની રહે; એવા કળા અને કેળવણીના સહકારની રેલ ચોમેર પ્રસરે તો સમૃદ્ધ, સંસ્કારી અને સર્જક બુદ્ધિનાં નરનારીઓ સત્વર દેશને પ્રાપ્ત થાય.'

(**પ્રગતિ**: અનુસંધાન પૃ. ૪૫૦થી ચાલુ)

સુધાભાભી, નરેન્દ્ર, લીના તો આગ્રહ કરે, પણ તમે જલદી આવો તો સારું. પછી મારે દિલ્હી જવું છે. ઑફિસમાં કોઈ જોઇએ ને?

બીજી નવાજૂની નથી. તમે આવો પછી થોડી વાતચીત કરી લઇએ. ધંધામાં ચોખવટ કરી દેવી સારી. બધાંને આશીર્વાદ.

લિ. રમેશચંદ્રના યથાયોગ્ય

જાહેર નોટીસ

આથી સર્વે લાગતાવળગતાને જણાવવાનું કે તા. ૧-૭-૫૪થી શાહ, પારેખ ઍન્ડ કંપની માત્ર પારેખ ઍન્ડ કંપની તરીકે ઓળખાશે અને તેમાંથી રમણલાલ શાહ ભાગીદાર તરીકે છૂટા થાય છે. હવે એ કંપની માત્ર રમેશચંદ્ર પારેખની માલિકીની રહેશે. આથી રમણલાલ શાહ જોડે કોઇએ પણ પેઢીના નામે લેવડદેવડ કરવી નહિ. જો કોઈ કરશે તો તેને માટે અમે જોખમદાર નથી. તા. ૧૭-૬-૫૪

રમેશચંદ્ર પારેખ, માલિક, પારેખ ઍન્ડ કંપની

નોટીસ

એવું જોવામાં આવ્યું છે કે કેટલીક પેઢીઓના માણસ ધીમેધીમે કળા શીખી પછી પેઢીને હાનિકર્તા નીવડે છે. માટે પારેખ ઍન્ડ કંપનીના નીચેના સ્ટાફને પહેલી ઑગસ્ટથી છૂટો કરવામાં આવે છે: મૅનેજર, ઍકાઉન્ટન્ટ, ચીફ સેલ્સમૅન ને સીનિયર કલાર્ક. તેઓએ પહેલી ઑગસ્ટે નોટીસનો પગાર લઈ લેવો.

લિ. શેઠ રમેશચંદ્ર
માલિક, પારેખ ઍન્ડ કંપની

કાયાની કરામત

લેખમાળાનું એ નામ સાર્થક કરતું પ્રકરણ • લેખક: ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આપણું શરીર ક્ષણભંગુર છે એમ આપણે જાણીએ છીએ. ડૂબવાથી, વીજળીના આંચકાથી કે ઝૅરના ઝેરથી થતા તાત્કાલિક મરણમાં શરીર વિષે કોઇ પણ જાતની એવી દેખીતી ઇજા નથી હોતી, કે જે શરીરની કામગીરીઓ બંધ પડી જવાના કારણ રૂપ સમજાય. મગજમાં જતું લોહી જો ક્ષણભર માટે પણ અટકી પડે તો મગજની કામગીરી બંધ પડવા સાથે મૂર્છાવસ્થા આવી પડે છે; અને મગજમાં જતું બધું લોહી જો માત્ર સાત કે આઠ મિનિટ માટે બંધ થાય તો બુદ્ધિશક્તિના કોષો કાયમ માટે નાશ પામે છે! અને આપણા શરીરની ઉપલી સપાટી પણ ક્યાં કાયમી છે? ઘસારા ને વપરાશથી તે સતત ઘસાતી રહીને નિરંતર નવી બંધાય છે.

આવું આપણું શરીર, કે જે બહારના બધા સંજોગો સામે તદ્દન ખુલ્લું છે, અકસ્માતોનો જે સાહજિક શિકાર છે, જે કુદરતી બળોના જરાસરખા પ્રકોપથી પણ બગડે એવું છે, અને નાશ પામતાં જે જલદી વિઘટન પામે એવું છે,—એવું અતિ અતિ અસ્થિર, નાજુક, ચંચળ, ક્ષણભંગુર આપણું શરીર સાઠસાઠ સિત્તેરસિત્તેર વર્ષ લગી સતત કામ કરતું ને જીવતું રહે, એથી અદકું બીજું કયું આશ્ચર્ય હશે?

કોઈ પણ વિષમ સંજોગો વચ્ચે આવા શરીરને ટકાવી રાખવાની પ્રાણીઓની શારીરિક શક્તિ અદ્‌ભુત છે. પ્રાણી જેમ જીવનકક્ષામાં ઊંચું એમ એની જીવનશક્તિ વધારે અટપટી અને સંપૂર્ણ હોય છે. એ શક્તિ વડે પરિસ્થિતિના આકરા ફેરફારો વચ્ચે અને કપરા પ્રતિકૂળ સંજોગોમાં પણ શરીર ઉપર વિપરિત અસરો ઉપજ્યા વિના તે ટકી રહે છે. જુઓને, માનવીને ૨૩૯ થી ૨૬૧ અંશ ફેરનહાઇટ ગરમીમાં થોડો વખત રાખવા છતાં યે એના શરીરનું ઉષ્મામાન વધતું નથી, અને ધ્રુવપ્રદેશમાં આંચળવાળાં પ્રાણીઓ શૂન્યથી ૩૧ અંશ ઓછા ફેરનહાઇટ ઉષ્મામાનવાળી સિતમ ઠંડીમાં રહેવા છતાંયે એમના શરીરનું ઉષ્મામાન ઘટતું નથી. રણપ્રદેશોના અતિ સૂકા હવામાનમાં રહેનારાઓનાં શરીરનાં પ્રવાહી શોષાઈ જતાં નથી. હવાઈ સફરો અને પર્વતારોહણમાં પ્રાણવાયુની અછતવાળા વાતાવરણમાં રહેવા છતાં પણ માનવીને એની ખોટની ગંભીર અસરો નડતી નથી.

બહારના આવા ઉત્પાતોની પેઠે શરીરના આંતરિક ઉત્પાતો માટે પણ તેનામાં પ્રતિરોધક શક્તિ રહેલી છે. વીસ મિનિટ પર્યંતના સતત ને ભારે શ્રમથી શરીરમાં એટલી બધી ગરમી ઉત્પન્ન થાય છે કે એનાથી શરીરનાં આલ્બ્યુમિન દ્રવ્યો કઠણ થઈ જાય; સાથે સાથે એ સતત પરિશ્રમથી માંસપેશીઓમાં એટલો બધો લૅક્ટિક ઍસિડ ઉત્પન્ન થાય છે કે જો એનાં પ્રતિકાર-દ્રવ્યો ઉત્પન્ન થઇ એને ન રોકે તો થોડા સમયમાં લોહીની આલ્કલી શમ (neutralize) બની જાય.

આવા બધા બાહ્ય અને આંતરિક ઉત્પાતો વચ્ચે આપણા આ નાજુક ને ક્ષણભંગુર શરીરની સ્વસ્થતા શી રીતે જળવાતી હશે? લોહીમાં પાણી, ક્ષાર, શર્કરા, પ્રોટીનો તથા ચરબીનો જથ્થો સ્થિર ને સપ્રમાણ શી રીતે જળવાતો હશે? ભાવિ જરૂરિયાત માટે આ દ્રવ્યો શી રીતે સંઘરાતાં હશે? અગર તો તેના વધારાની જરૂર પડતાં ભૂખ તથા તરશની સંવેદનાઓ શાથી જાગતી હશે? ઠંડી-ગરમીની બધી ઋતુઓમાં શરીરનું સમતોલ ઉષ્મામાન જળવાવું, શરીરમાંની પરાઈ ઈજાકારી વસ્તુઓથી તેને રક્ષવા કાજે આપણને ઉધરસ છીંક ને ઉબકા આવવાં, રોગના જીવાણુઓથી શરીરને રક્ષવા તેમાં તેના પ્રતિકણો પેદા થવા, ઈજા કે માંદગી પછી શરીર ફરી પાછું નરવું બની જવું, વગેરે શરીર વિષેની અનેક ગહન ક્રિયાઓ આપણને વિસ્મય પમાડે એવી છે.

બહારના અને આંતરિકઉત્પાતો વચ્ચે પણ શરીરની સ્થાયી સ્થિતિ જાળવનારી કાયાની એ કરામતોનું આપણે ઊડતું વિહંગાવલોકન કરીએ.

એમ કહેવાય છે કે આપણે હવાના મહાસાગરમાં રહીએ છીએ. જોકે ખરી રીતે તો આપણી ચામડીનું ફક્ત ઉપલું પડ જ હવાના સંપર્કમાં રહે છે; બાકી અંદરની માંસપેશીઓ ને અવયવો, મગજ અને જ્ઞાનતંતુઓના કોષો તો પ્રવાહીમાં તરબોળ રહે છે. આ પ્રવાહી તે લોહી અને લસી છે. એ બંને પ્રવાહીઓ દ્વારા જ પાસેના તેમજ આઘેના કોષોને પોષણ, પ્રાણવાયુ તથા પાણી મળે છે; અને કોષોનાં વ્યય-દ્રવ્યો પણ એ પ્રવાહીમાં જ ઠલવાય છે.

આપણા શરીરના કુલ વજનના આઠ ટકા જેટલું તેમાં રહેલું લોહી કોઇ અદ્‌ભુત પ્રવાહી છે. એમાં અતિસંખ્ય લાલ કણો (જેની સંખ્યા એક ક્યૂબિક મિલિમીટર લોહીમાં પચાસ લાખની છે) અને અસંખ્ય ગતિવાળા ધોળા કણો છે, જે 'રક્તજલ' નામના દ્રાવણમાં તરતા રહે છે. એ રક્તજલમાં ક્ષારો, શર્કરા અને આલ્બ્યુમિન દ્રવ્યો હોય છે. લોહીના લાલ કણો ફેફસાંમાં બધો પ્રાણવાયુ ઝડપી લઈ શરીરના જે ભાગોના કોષોમાં જરૂર હોય એને આપી દે છે, અને ત્યાંથી ફેફસાં ભણી પાછા ફરતાં તેઓ જીવન-ક્રિયા દરમિયાન ઉદ્‌ભવેલું કાર્બન ડાયૉક્સાઈડ નામનું વ્યય-દ્રવ્ય ઘસડી જાય છે. ગતિવાળા ધોળા કણો લોહીને બગાડનારાં પરાયાં દ્રવ્યો તથા રોગના જીવાણુઓનો નાશ કરીને શરીરમાં રક્ષણાત્મક કામ ઉપાડે છે.

લોહીના કુલ વજનના અરધા કરતાં પણ વધારે પ્રમાણ રોકતું રક્તજલ આપણા ખોરાકનો શરીરમાં તૈયાર થએલો પરિપાક શરીરના અણુએ અણુએ પહોંચાડે છે. ઉપરાંત, શરીરની કામગીરીથી તેમાં જે વ્યય-દ્રવ્યો અને વિષદ્રવ્યો ઉત્પન્ન થાય છે તે પણ એ રક્તજલમાં ઠલવાય છે, જેને તે ગુરદામાં લઇ જાય છે, અને ત્યાંથી પેશાબ વાટે તે શરીર બહાર ફેંકાઇ જાય છે.

'લસી' એ કેશવાહિનીઓના રક્તજલમાંથી ઝમીને એકઠું થએલું જલ છે. એમાં લાલ કણો નથી હોતા, પણ ધોળા કણો, શર્કરા ને ક્ષારો હોય છે. આ લસીનું સ્થાન લોહીની નળીઓ અને કોષોની વચ્ચે છે. આથી ભ્રમણ કરતા લોહી અને કોષો વચ્ચે દ્રવ્યોની હેરફેર એની દ્વારા થાય છે. લસી અને લોહીનું આ વહન સમજવા માટે નદી, અને જેમાંથી તે પસાર થતી હોય એવા મોટા ધરાનો સંબંધ વિચારવા જેવો છે. લોહી માત્ર લોહીની નળીઓમાં જ વહે છે, જ્યારે શરીરના ખૂણાઓ અને પોલાણો લસીથી ભરેલા છે, જે લસી નળીઓમાં એકઠી થઈને વહેતી રહે છે. આપણા શરીરના કોઇ ભાગને ચપટી આવી જતાં કે કંઈ વાગવાથી જ્યારે માત્ર ચામડીના ઉપલા પડને જ ઈજા થાય છે, ત્યારે ત્યાં લસી ભરેલો ફોલ્લો ઊઠે છે. પણ ઊંડાં પડોને ઈજા થતાં લોહી વહેવાથી ત્યાં લોહીનું ઢીમણું થઇ આવે છે.

લોહી અને લસીનો જથ્થો શરીરમાં મર્યાદિત પ્રમાણમાં જ હોવાથી પોષણ અને પ્રાણવાયુનું શરીરમાં એકધારું વહન કરવા માટે તે ને તે લોહી-લસ્સી વારંવાર વપરાય છે. આમ થવા માટે હૃદયને

અવિરત ધબકતા રહેવું પડે છે, અને તેથી જ લોહીનું સતત ભ્રમણ થયા કરે છે. આ 'રુધિરાભિસરણ' ચાલુ રહેવા માટે લોહી એકસરખા પ્રમાણમાં અને એકસરખા સમયમાં હૃદય, ફેફસાં, નળીઓ, શિરાઓ તથા કેશવાહિનીઓમાં વહેવું જોઈએ. ધમનીઓ અને શિરાઓ કરતાં કેશવાહિનીઓમાં લોહીનું ભ્રમણ ઘણું ધીમું થાય છે. વળી કોષોની જરૂર પડે ત્યારે રુધિરાભિસરણમાં પણ ફેર પડવો જોઈએ. આ થવા માટે જ્ઞાનતંત્ર મદદે આવે છે. 'વેગસ' નામની નાડીના કામથી હૃદય ધીમું ધબકે છે, અને 'સિમ્પૅથેટિક' નામની નાડીઓની ક્રિયાથી તે જોસથી ધબકે છે. શરીરના કોઈ ભાગમાં લોહીની વધારે જરૂર હોય ત્યારે લોહીની નાની નળીઓ આપમેળે જરૂર પ્રમાણે પહોળી કે સાંકડી થઈ જાય છે અને એક ભાગમાં લોહી ઓછું જઈ જરૂરવાળા ભાગમાં તે વધારે જાય છે. આમ, સ્થિતિ અનુસારના ફેરફાર કે 'અનુવર્તી ક્રિયા' ઉપાડી લઇને 'સિમ્પૅથેટિક' જ્ઞાનતંત્ર, આપણા શરીરમાં સ્થિરતા અને સમતોલપણું જાળવે છે. આ સ્થિરતા પાણી, એકધારું ઉષ્મામાન, અને ક્ષારો, ચરબી, શર્કરા વગેરે શરીરનાં પોષણો માટેની છે.

શરીરને પોષણ ને પ્રાણવાયુ પહોંચાડી તથા વ્યય દ્રવ્યોને બહાર ખેંચી જઇ કોષોને જીવતા રાખવાનું કામ ઉપાડનાર આ લોહીના નાશનો જ્યારે ભય ઊભો થાય છે ત્યારે કાયાની કરામતો કામે ચડી એ ભયનો ભાર હળવો કરે છે. દાખલા તરીકે શરીરમાં પડેલા કોઈ ઘામાંથી આવું કિંમતી લોહી વહી જતું બંધ થવા માટે કપાએલી લોહીની નળીઓ સંકોચાઇ જાય છે અને ત્યાં લોહી જામી જઇને ઘા ઉપર દાટો વાગે છે. સાથેસાથે ખૂબીની વાત એ છે કે એવી જગ્યાએ લોહીસ્રાવ ચાલુ થતાં શરીરમાં જેવું લોહીનું દબાણ ઘટે કે તત્કાલ સિમ્પૅથેટિક જ્ઞાનતંત્ર કામ કરવા માંડે છે અને તેની અસર નીચે 'ઍડ્રેનિન' નામનો સ્રાવ શરૂ થઈને તે લોહીની જમાવટને ઝડપી બનાવે છે.

કોષોના જીવન કાજે આમ લોહીનો જથ્થો ટકી રહેવો જેમ જરૂરી છે તેમ તેનો પ્રાણાધાર પ્રાણવાયુ પણ પહોંચાડવો જરૂરી છે, અને તે માટે લોહીનું યથેષ્ટ ગતિએ ભ્રમણ થવું જોઇએ. કોષોને જો પૂરતા પ્રમાણમાં પ્રાણવાયુ ન મળે તો માંસપેશીઓના હલનચલનથી તેમાં જે લૅક્ટિક ઍસિડ ઉત્પન્ન થાય છે તેનું દહન થતું નથી. તે જો બાળી નાખવામાં ન આવે તો તે લોહીમાં ભળીને સોડિયમ લૅક્ટેટ બને છે, જેને લીધે લોહીનું અલ્કલીપણું ઘટે છે ,અને એવો લાંબા સમયનો વધારે પડતો ઘટાડો શરીરને ભયપ્રદ નીવડે છે.

લોહીના સ્રાવ વખતે સૌ પ્રથમ સિમ્પૅથેટિક જ્ઞાનતંત્રની કામગીરી શરૂ થાય છે. લોહીસ્રાવ થવા લાગે એટલે લોહીનું દબાણ નીચું જાય છે. આથી માથાના નાડી-અગ્રો (નાડીના છેડા) ઉત્તેજાય છે અને તેને લીધે તરત સિમ્પૅથેટિક જ્ઞાનતંત્ર કામે લાગે છે. વહી જતા લોહીનો પૂરવઠો પૂરવા માટે આખા શરીરની ચામડી, માંસપેશીઓ અને ચરબીડેપોની લોહીની નળીઓ સાથે બરોળ પણ સંકોચાય છે. આ બધાંમાંના લોહીનો જથ્થો ધીમેધીમે લોહીમાં આવી ભળી લોહીની ખોટ સંતોષભરી રીતે ભરપાઈ કરી દે છે. આમ કામચલાઉ લોહીનો પૂરવઠો મળવાની વ્યવસ્થા થવાથી હૃદય ને મગજ જેવા નાજુક તેમજ મહત્ત્વના અવયવોને લોહી મળતું રહી જીવનને રક્ષણ મળે છે.

પણ આ ક્રિયામાં શરીરના જે ભાગોની લોહીની નળીઓ સંકોચાય ત્યાં પાછી લોહીની તંગી પડે તેનું શું? તેને માટે લસીમાંથી પાણી અને ક્ષારો ધસી આવી લોહીમાં ભળે છે અને આમ, પહેલાંના જેવો જ લોહીનો જથ્થો બની રહે છે. વળી, લસીમાંથી પાણી અને ક્ષારો જતા રહેવાથી તેની ખોટ ભરપાઈ થવા કાજે તરશની સંવેદના થાય છે. ઘવાએલા સૈનિકો પાણીની બૂમો નથી પાડતા હોતા?

પ્રાણીના કલ્યાણ માટે શરીરમાંની બીજી વ્યવસ્થાઓની પેઠે તેમાં ખોરાક તથા પાણીનો પૂરવઠો પણ પૂરાતો રહેવો જોઇએ. આ માટે ભૂખ તથા તરશની સંવેદનાઓ થાય છે.

શરીરમાં પાણીની અગત્ય તો સૌ જાણે છે. આપણા વજનનો ૨/૩ ભાગ પાણી છે. અન્નમાર્ગમાંથી શોષાએલા આહારનું વહન એ જ કરે છે. આપણી કામગીરીઓમાં થતા રાસાયણિક ફેરફારોનું માધ્યમ પણ એ જ છે. શરીરનું ઉષ્ણતામાન જાળવવા માટે પણ એની જ જરૂર છે. ઉપવાસ દરમિયાન જો શરીરમાંનું સંઘરાએલું બધું ગ્લાઇકોજન, બધી ચરબી અને અરધું પ્રોટીન સુદ્ધાં નાશ પામે તો પણ કશું જોખમ નથી પહોંચતું, પરંતુ શરીરમાંથી દસ ટકા યે પાણી જો ઘટે તો તે ભયરૂપ ગણાય છે અને વીસ ટકા પાણી ઘટતાં તો મૃત્યુ આવી પડે છે!

શરીરમાંથી પાણી ઘટતાં લોહીનું બંધારણ બદલાઈ જાય છે. આને લીધે ગંભીર પરિણામો ઊભાં થાય છે. દાખલા તરીકે મરડો અને કૉલેરામાં ઝાડા વાટે બહુ પાણી જતું રહેતું હોવાથી અને પીવેલું પાણી પૂરું ત્યાં ન ટકવાથી લોહીનું કદ ઘટે છે, તે જાડું અને વધુ ચીકણું (viscous) થઇ જવાને લીધે તે બહુ મુશ્કેલીથી ફરી શકે છે. પરિણામે, હૃદયમાંથી પૂરતા પ્રમાણમાં લોહી શરીરમાં ધકેલાતું નથી. આથી લોહીનું દબાણ ઘટે છે અને માણસને આઘાત(shock)ની સ્થિતિ આવી પડે છે.

આ જ રીતે બહુ પાણી પીવાથી પણ વિપરિત અસરો થાય છે. જેવી કે માથું દુખવું, ઉબકા આવવા, ચક્કર ચડવા, અશક્તિ આવવી, અસ્થિર ગતિ લાગવી વગેરે. પણ આ સ્થિતિ પાણી 'ઘટવા' જેટલી ભયપ્રદ કે ગંભીર નથી નીવડતી.

દિવસો સુધી પાણી ન લેવાથી કે જરૂર કરતાં વધારે પાણી પીવાથી ઝડપથી ફરતા લોહીના બંધારણમાં કશો ફેર પડતો નથી. આ કેમ બનતું હશે? પાણી વધારે પડતું પિવાય ત્યારે ખપવગરના પાણીનો નિકાલ શ્વાસ, પરસેવા ને ગુરદાઓ–મૂત્રાશય વાટે થાય છે. લોહીના કિંચિત પણ ફેરફાર પરત્વે ગુરદાઓ તો એટલા બધા સતેજ છે કે પાણીની અછત વખતે પણ તે થોડું પાણી તો શરીર બહાર પેશાબરૂપમાં કાઢે જ છે. એટલે વધારે પાણી લેવાયું હોય તો તે નિશ્ચિત સમયમાં મોટા પ્રમાણમાં એ પાણીને પેશાબ વાટે બહાર કાઢી નાખે છે.

પણ લાંબા સમય સુધી પાણી ન પીધું હોવા છતાં યે લોહીમાં એનું પ્રમાણ શી રીતે જળવાય છે? આપણા શરીરમાં ચામડી અને માંસપેશીઓમાં પણ પાણી સંઘરાએલું રહે છે. લોહીસ્રાવ કે ખૂબ પસીનો થયા બાદ લોહીની સ્થિતિ જાળવી રાખવા માટે એ સંઘરામાંથી પાણીનો પૂરવઠો તત્કાલ આવી પહોંચે છે. એ શી રીતે આવી મળે છે એ ઘટના હજુ સમજાઈ નથી. પણ એ તો ચોક્કસ છે કે વધારે પ્રમાણમાં પાણી પિવાયું હોય તો શરીર તેનાથી લોહીને પાતળું પડવા દેતું નથી. કાં તો તે એને સંયોજક પેશીઓનાં પોલાણોમાં સંઘરી લે છે અગર તો ગુરદાઓ વાટે બહાર કાઢી નાખે છે. પસીનો, પેશાબ ને શ્વાસ વાટે શરીરમાં જ્યારે પાણીની ખોટ ઊભી થાય છે ત્યારે આ સંઘરામાંથી તે ભરપાઈ થતી રહે છે. ૯૮ ટકા પાણી ધરાવતું આપણું થૂંક પણ પાણીના જ સંઘરારૂપ છે. શરીરની માગ વખતે એના પાણીમાં પણ ઓટ આવે છે અને મોઢામાં પૂરતા પ્રમાણમાં પાતળું થૂંક ન હોવાથી મોઢું તથા ગળું સુકાય છે અને તરશની સંવેદના જાગે છે. આ વખતે પાણી પીવાથી શરીરના પાણીનો જથ્થો ભરપાઈ થવા સાથે લાલ ગ્રંથિઓનું કામ પણ નિયમિત બને છે.

પ્રયોગોથી સાબિત થયું છે કે પાણી સાથે મીઠું લેવાથી પાણીનું પરિગ્રહણ (retension) વધે છે. આપણા રક્તજલ અને લસીમાં મીઠું (nacl), પોટાશિયમ ક્લોરાઈડ, કૅલ્શ્યમ ક્લોરાઈડ અને સોડિયમ

પોટાશિયમ તથા કૅલ્શ્યમના સલ્ફેટો અને ફૉસ્ફેટો છે, પણ આ બધાંમાં મીઠાનું પ્રમાણ સૌથી વધુ છે.

મીઠા વગરનો ખોરાક ખાવાથી થતાં ચિહ્નો નોંધતાં ટેલર લખે છે કે 'ખૂબ પસીનો થાય છે, ભૂખનો નાશ થાય છે, પાંચમા દિવસે સુસ્તી, આઠમા અને નવમા દિવસે માંસપેશીઓનું આળાપણું ને અક્કડપણું અને પછી અનિદ્રા આવે છે ને માંસપેશીમાં ખેંચ શરૂ થાય છે.'

વળી છોકરાંઓને વધારે પડતું મીઠું આપવાથી પણ તાવ (salt-fever) આવે છે. જોકે સાધારણરીતે તો જરૂર કરતાં વધારે મીઠું ખાવાથી કશો ઉપદ્રવ થતો નથી. શરીરમાં મીઠું આપણાં ફેફસાં, ગુરદા, લોહી ને ચામડીમાં સંઘરાઇ રહે છે. ખૂબીની વાત તો એ છે કે પુષ્કળ પાણી પીવા છતાંયે તે ધોવાઈ જતું નથી.

પાણીની જેમ શરીરમાંથી મીઠું પણ થોડું પસીના ને પેશાબ વાટે શરીર બહાર જતું રહે છે. લોહીમાં મીઠાનું પ્રમાણ સ્થિર રાખવાનું કામ ગુરદાઓ ઉપાડે છે ગુરદાના કોષો એટલા બધા સતેજ છે કે જરૂરી મીઠું લોહીમાં પાછું આપી દઇને વધારાનું મીઠું પકડી લઈ પેશાબ વાટે દૂર કરે છે. જો લોહીમાં મીઠાનું પ્રમાણ ઘટતું હોય તો ગુરદામાં મીઠું રોકાઇ રહી તે લોહીમાં પાછું ભળે છે. જો મીઠું ખાવામાં ન આવે તો ચામડીના સંઘરામાંથી તે ખેંચાઇને લોહીમાં એનું પ્રમાણ જળવાઈ રહે છે.

મીઠાની જેમ લોહીમાં શર્કરા–સાકરનું પ્રમાણ પણ સમતોલ રહે છે. સામાન્યરીતે ૧૦૦ ક્યૂબિક સેન્ટીમીટર (ટૂંકામાં ૧૦૦ સી. સી.) માં ગ્લુકોઝ(શર્કરા)નું પ્રમાણ ૧૦૦ મિલિગ્રામ છે. આનાથી પ્રમાણ વધવું કે ઘટવું ન જોઇએ. મિષ્ટાન્ન ખાધા બાદ એનું પ્રમાણ ૧૮૦ મિલિગ્રામથી વધારે થઈ જતાં તે પેશાબ વાટે શરીર બહાર ફેંકાઈ જાય છે ઉલટાનું જો એનું પ્રમાણ ૭૦ મિલિગ્રામ જેટલું થઈ જાય તો અશક્તિ, થાક, ભૂખની વેદના ધ્રુજારી વગેરે 'હાઇપોગ્લાઇસિમિક (Hypoglyseemic) રી-ઍકશન'નાં ચિહ્નો આવી પડે છે. જો આથી પણ ખાંડનું પ્રમાણ વધારે ઘટે તો પુષ્કળ પરસેવો, મોં પર ફિક્કાશ, ઝડપી નાડી અને સન્નિપાત થઈ આવે છે. આ વખતે જો ગ્લુકોઝનું ઈન્જેકશન આપવામાં આવે તો મરણોન્મુખ દરદી એકદમ સાજો થઈ જાય છે.

ગ્લુકોઝ(શર્કરા)નું કામ શરીરને શક્તિ આપવાનું છે. આથી તે સતત વપરાયા કરે છે. લોહીમાં તે સતત આવ્યા જ કરે છે, તે અત્યંત અને ચોક્કસ રીતે : ન વધારે પ્રમાણમાં કે જેથી શક્તિદાતા દ્રવ્ય નકામું વેડફાઈ જાય, કે નહિ ઓછા પ્રમાણમાં કે જેથી શરીર વિષે મોટી કે નાની વિક્રિયાઓ ઊભી થાય.

શરીરમાંની વધારે પડતી શર્કરા કામચલાઉ સંઘરવાનું સ્થાન ચામડી છે. લોહીમાં ફરતી શર્કરા શક્તિ માટે વપરાય યા તો તે શરીરના કાયમી સંઘરા માટે કલેજામાં ચાલી જાય, તે વખતે તેનો પુરવઠો ચામડીના કામચલાઉ સંઘરામાંથી લોહીને મળે છે.

પણ તે કાયમી સંઘરવાનું સ્થાન કલેજું અને માંસપેશીઓ છે. આનો આધાર ઇન્સ્યુલિન ઉપર છે. ઈન્સ્યુલિન એટલે અગ્ન્યાશય (pancreas–પૅન્ક્રિયાસ)ના કોષસમૂહોનો આંતરસ્રાવ. એની મદદ વડે જ શર્કરા કલેજામાં સંઘરાય છે. સંઘરાએલી શર્કરા ગ્લાઇકોજનના રૂપમાં હોય છે. તેમાંથી તે કલેજાના કોષોની ક્રિયા વડે ગ્લુકોઝ(શર્કરા)ના રૂપમાં ફેરવાઈને લોહીમાં ભળે છે અને શરીરમાં જ્યાં જરૂર ઊભી થઈ હોય તે સ્થાનમાં પહોંચી જાય છે.

પુષ્કળ કાર્બોહાઈડ્રેટવાળો ખોરાક લેવાથી કલેજામાં ગ્લાઈકોજનના ભંડાર ભરાય છે. લાંબા સમયનો શ્રમ લેવાયાથી આ ભંડાર ઘટે છે. ખૂબીની વાત તો એ છે કે ગ્લાયકોજન લોહીમાં એટલા જ જરૂરી પ્રમાણમાં ભળે છે કે જે જરા પણ વધુકું પડીને ગુરદા બહાર ફેંકાઈ ન જાય કે ઓછું પડીને હાઇપોગ્લાઇસિમિક ચિહ્નો ઊભાં થાય.

આમ લોહીમાં શર્કરાનું પ્રમાણ જાળવવા માટે બે પરસ્પર વિરોધી બળો કામ કરે છે : લોહીમાં શર્કરાનું પ્રમાણ ઘટે ત્યારે કલેજામાંથી ગ્લાઇકોજનને બહાર લાવનાર સિમ્પૅથેટિક જ્ઞાનતંત્ર છે, પણ જ્યારે લોહીમાં શર્કરાનું પ્રમાણ વધુકું હોય ત્યારે તેને સંઘરાના રૂપમાં લઈ જવાનું કામ ઈન્સ્યુલિન ઉપાડે છે. તે માટે જો ઈન્સ્યુલિનનો સ્રાવ અપૂરતો થતો હોય તો લોહીમાં શર્કરાનું પ્રમાણ વધી જાય છે, અને તે ૧૮૦ મિલિગ્રામ થતાં તો તે ગુરદા વાટે શરીર બહાર ફેંકાઇ જાય છે.

કાર્બોહાઇડ્રેટની પેઠે શક્તિ માટે પ્રોટીન પણ ઉપયોગી છે, પરંતુ એ વધારે ઉપયોગી તો રોજિંદી કામગીરીથી ઘસારો કે ઈજા પામેલા શરીરના અવયવોની દુરસ્તી માટે છે. મુશ્કેલીની વાત તો એ છે કે ખોરાકના બીજા ઘટકોની પેઠે આહારમાં પ્રોટીન ચાલુ લેવાતું નથી એટલે એની સતત ઉપયોગિતા હોવાથી, જ્યારે તે આહારમાંથી ન મળે ત્યારે શરીરના ભંડારોમાંથી તો મળવું જ રહ્યું.

કાર્બોહાઇડ્રેટની જેમ કલેજું પ્રોટીન પણ સંઘરે છે. જોકે બીજા અવયવોમાં પણ તે સંઘરાય છે ખરું. પરંતુ એના સંઘરાવાની કે છૂટા થવાની રીતો હજુ પૂરી સમજાઈ નથી. અત્યાર સુધી પ્રયોગોથી માત્ર એટલું અનુમાનવામાં આવ્યું છે કે એને સંઘરવાનું અને છૂટા કરવાનું કામ થાઇરૉઈડ ગ્રંથિ ઉપાડે છે.

રક્તજલમાં કુલ્લે છ ટકા પ્રોટીન હોય છે, જે આલ્બ્યુમીન, ગ્લોબુલિન અને ફાઈબ્રોનેજેનના રૂપમાં છે. ફાઈબ્રોનેજેન લોહીની જમાવટ કરવામાં ઉપયોગી છે. એનું પ્રમાણ ફક્ત ૦.૨ થી ૦.૪ ટકા જેટલું છે. ઉપવાસ દરમિયાન કે પ્રોટીનથી ભરપૂર ખોરાક ખાવા છતાં યે રક્તજલમાં પ્રોટીનનું ઉપરનું પ્રમાણ આશ્ચર્યજનક રીતે સ્થિર રહે છે.

પ્રોટીનની જેમ ચરબીનું પ્રમાણ પણ લોહીમાં સ્થાયી રહે છે. ચરબી-સમૃદ્ધ ખોરાક ખાધા બાદ લોહીમાં એનું પ્રમાણ વધે છે. ચરબી શરીરમાં શક્તિનું મુખ્ય સાધન છે—કાર્બોહાઇડ્રેટ કરતાં પણ વધારે. પોતાના જેટલા પ્રમાણના કાર્બોહાઇડ્રેટના કરતાં તે બેવડી શક્તિ આપે છે. શ્રમભર્યા કામ વખતે એનો ખાસ વપરાશ થાય છે.

આ ચરબી ચામડી તળે, માંસપેશીઓના તંતુઓ વચ્ચે ને પેટના પોલાણમાં સંઘરાય છે. કયાં કારણોસર કોઈમાં વધારે કે ઓછી ચરબી સંઘરાય છે એ સમસ્યા હજી અણઉકેલ છે. પણ એ તો ચોક્કસ છે કે એનો સંઘરો ને વપરાશ સિમ્પૅથેટિક જ્ઞાનતંતુના કાબૂમાં છે. ભૂખમરા વખતે ચરબીની માગ ઊભી થતાં તે ચામડીના સંઘરામાંથી વપરાય છે. પણ લોહીમાં તો એનું પ્રમાણ સતત જળવાઈ જ રહે છે, સંઘરામાંથી ચરબી લોહીમાં શી રીતે આવે છે તે હજુ અકળ રહ્યું છે પણ એમ નક્કી થયું છે કે લોહીમાં ચરબીનું પ્રમાણ વધી પડે ત્યારે તેને સંઘરવા માટે અને જરૂર પડે તો ત્યાંથી છૂટી કરવા માટે આથવણની અમુક ક્રિયા તેમાં થાય છે.

શરીર માટે મીઠાના જેવો બીજો ઉપયોગી ક્ષાર કૅલ્શ્યમ છે. હાડકાં તથા દાંતની વૃદ્ધિ, ભાંગેલાં હાડકાંનું સમારકામ, લોહીની જમાવટ, દૂધનું ઉત્પાદન આવાં વિધવિધ કાર્યો માટે શરીરમાં કૅલ્શ્યમની ઉપયોગિતા છે. લોહીમાં એનું પ્રમાણ ૧૦૦ સી. સી.માં ૧૦ મિલિગ્રામનું છે. આ પ્રમાણ વધતાં કે ઘટતાં ભયપ્રદ ચિહ્નો આવી પડે છે. પ્રમાણ ઘટતાં માંસપેશીઓની ખેંચ અને તાણ શરૂ થાય છે. ઇન્જેકશનથી કૅલ્શ્યમનું પ્રમાણ ભરપાઇ થવાથી આરામ થાય છે.

પણ જો કૅલ્શ્યમનું પ્રમાણ શરીરમાં બેવડા જેટલું વધી જાય તો લોહી એટલું બધું ચીકણુ બને છે કે એના ભ્રમણમાં અંતરાય ઊભો થાય છે. આમ, શરીર વિષે કૅલ્શ્યમનું પ્રમાણ ન વધે કે ન ઘટે એ રીતે

સેન્ટ્રલ ગ્લાસ ઍન્ડ સેરામિક રીચર્સ ઈન્સ્ટીટ્યૂટ

કાચ અને ચીની માટીને લગતી શોધખોળ માટેની કલકત્તાની મધ્યસ્થ સંસ્થા



આપણી
વિજ્ઞાનસંસ્થાઓ-૧૦

આપણી સંસ્કૃતિમાં કાચનો હિસ્સો ઘણો જૂનો અને મહત્ત્વપૂર્ણ છે. છેક મોહેં-જો-ડેરોના અવશેષોમાંથી મળેલા કાચના મણકા અને બીજી ચીજો દર્શાવે છે કે કાચ બનાવવાનું જ્ઞાન આપણને પાંચ હજાર વર્ષો પૂર્વે પણ હતું. ઇજિપ્તના પુરાતત્ત્વના અવશેષોમાંથી ઈ. સ. પૂર્વે ૧૩૭૦ના સમયનું જૂનું કાચનું કારખાનું મળી આવ્યું છે. આસીરિયામાં પણ કાચ બનાવાતો.

આપણા રોજિંદા જીવનમાં કાચની ચીજોનો ઉપયોગ અતિ વિસ્તૃત છે. કાચનાં વાસણો, બંગડીઓ, ચશ્માં વગેરે તો સર્વસામાન્ય છે. કાચ વિના વીજળીના ગોળા કે ફાનસના પોટા શે બનત? કાચ વિના આપણાં ઘરોને બારીબારણાંમાંથી પ્રકાશ કેમ મળત?

અને વિજ્ઞાનની પ્રગતિમાં પણ કાચનો હિસ્સો નાનોસૂનો નથી. સૂક્ષ્મદર્શક યંત્ર અને દૂરબીનની શોધોએ વનસ્પતિશાસ્ત્ર તથા ખગોળનું આપણું જ્ઞાન કેટલુંબધું આગળ વધાર્યું છે? રસાયનશાસ્ત્રના અભ્યાસમાં પણ કાચનાં ઉપકરણો વિના પ્રગતિ સંભવત જ નહિ. આ બધું છતાં કાચની બનાવટ આજ સુધી આપણે ત્યાં માત્ર એક કલા તરીકે જ ખીલી હતી. તેના ઉદ્યોગમાં વિજ્ઞાનની દૃષ્ટિ ભળી નહોતી.

હિંદમાં કાચના ઉદ્યોગના ઇતિહાસ પર ઊડતો દૃષ્ટિપાત કરી જઈએ. ઉત્તર પ્રદેશમાં બસ્તી જિલ્લામાં ૨૫૦૦ વર્ષ જૂનું કાચનું કારખાનું મળી આવ્યું છે, એ બતાવે છે કે આપણા દેશમાં કાચનાં વાસણ અને મણકા બનાવવાનું જ્ઞાન હતું. આ જગ્યા મૌર્ય વંશની રાજધાની પીપ્પલીવણા (આજનું પીપ્રવા) નજીક આવેલી છે. બૌદ્ધ ધર્મનાં શાસ્ત્રો અનુસાર બુદ્ધ ભગવાનના અવશેષોનો ભાગ અહીંના ક્વાર્ટ્ઝના કુંભમાં રાખવામાં આવ્યો હતો. આ કુંભ અત્યારે કલકત્તામાં ઇન્ડિયન મ્યૂઝિયમમાં છે. ટૂંકમાં, કાચ બનાવવાની કલા જૂના કાળમાં પણ આ દેશમાં ખીલેલી હતી. પરંતુ તે વિકાસ પામી હોય એમ લાગતું નથી. મુસલમાન કાળમાં ઉત્તર પ્રદેશના ફીરોઝાબાદમાં શીશગર લોકો કાચની બંગડીઓ અને અત્તર રાખવાની નાનીનાની શીશીઓ બનાવવાનો ઉદ્યોગ હજી હમણાં સુધી ચલાવતા હતા. તે આ સદીના પ્રારંભમાં જ પડી ભાંગ્યો.

બ્રિટિશ અમલ દરમ્યાન આપણા દેશમાં કાચનો ઉદ્યોગ સ્થાપવા ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા હતા, પરંતુ જુદાંજુદાં અનેક કારણોને લીધે આ ઉદ્યોગ દેશમાં આબાદ ન થઈ શક્યો. આ સંબંધમાં પૂના પાસે તળેગાંવની પૈસાફંડ ગ્લાસ ફૅક્ટરીનો ઉલ્લેખ કરવો જોઈએ. અનેક મુશ્કેલીઓ છતાં તેણે માર્ગદર્શક કામ કર્યું છે. અત્યારે આપણા દેશમાં કાચનાં ૮૦ કારખાનાં અને પૉટરી માટે(ચીની માટી)નાં ૪૦ કારખાનાં ચાલે છે. આ બધાં દર વરસે ચાર કરોડ રૂપિયાનો માલ પેદા કરે છે અને એક લાખ માણસોને તેમાં રોજી મળે છે. આ ઉપરાંત બે કરોડ રૂપિયાનો કાચનો સામાન અને ૭૦ લાખ રૂપિયાનો ચીની માટીનો સામાન આપણે પરદેશથી આયાત કરીએ છીએ.

કાચની બનાવટમાં ઉપયોગી થાય તેવા કાચા માલની આપણા દેશમાં ઊણપ નથી. પરંતુ જો આ ઉદ્યોગને ખીલવવો હોય તો પરદેશી હરીફાઈ સામે ટકી રહેવા તેને વૈજ્ઞાનિક પદ્ધતિસર વ્યવસ્થિત કરવો જોઈએ અને કાચની ટેક્નૉલૉજીના અભ્યાસ માટે એક એવી સંસ્થા સ્થપાવી જોઈએ કે જે ઉદ્યોગ સાથે ગાઢ સંબંધ રાખી કામ લે અને ઉદ્યોગને સંશોધન દ્વારા મદદ કરે. આ પરિસ્થિતિ ઈ. ૧૯૧૮માં ઇન્ડિયન ઈન્ડસ્ટ્રિયલ કમિશને બરાબર સમજી લઈ આજથી છેક પાંત્રીસેક વર્ષ પર એક સંશોધન સંસ્થા કાઢવાની ભારપૂર્વક ભલામણ કરી હતી. ગયા યુદ્ધ વખતે દેશમાં કાચ અને ચીની માટીના ઉદ્યોગની ઊણપ સાલી હતી. પરંતુ તે વખતની સરકારની હિંદી ઉદ્યોગ પ્રત્યેની નીતિ સાવકી મા જેવી હોવાથી કાંઈ ખાસ પ્રગતિ થઈ નહિ. છેવટે ૧૯૪૨માં C.S.I.R.ની આગ્રહભરી ભલામણ સ્વીકારાઈ અને ૧૯૪૫માં મર્હૂમ સર અરદેશર દલાલે કલકત્તામાં સેન્ટ્રલ ગ્લાસ અને સેરામિક રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટના મકાનનો પાયો નાખ્યો અને ૧૯૪૮માં તેનું કામ શરૂ થયું.

એ સેન્ટ્રલ ગ્લાસ અને સેરામિક રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ નીચેનાં કાર્યો હાથ ધરે છે: (૧) કાચ અને ચીની માટીને લગતાં રસાયનોની જુદીજુદી શાખાઓમાં મૂળભૂત સંશોધન, (૨) માલની પરીક્ષા અને તેનું ધોરણ (સ્ટાન્ડર્ડ) નક્કી કરવું, (૩) ઉદ્યોગને ટેક્નીકલ મદદ આપવી, (૪) માહિતી અને પ્રચાર તથા (૫) ખાસ કાર્ય માટે ટેક્નૉલૉજિસ્ટોને તાલીમ.

આ ઉપરાંત કાચ બનાવવાની ભઠ્ઠીની રચના અંગે તેમજ તેમાં વપરાતા પદાર્થો વિષે પણ સંશોધન કરવામાં આવે છે. ઊંચી જાતનો કાચ બનાવવા માટેના અખતરા થાય છે અને ચીની માટીના રાસાયનિક બંધારણ અંગે પણ સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

આ બધાં કાર્યો બર લાવવા આ ઈન્સ્ટીટ્યૂટ યુનિવર્સિટીઓ, સંશોધન-સંસ્થાઓ અને સરકારી ખાતાંઓ સાથે સહકારપૂર્વક કામ લે છે. કાચની બનાવટમાં જરૂરી કાચા પદાર્થો અંગે ઉપયોગી માહિતી આપતી પુસ્તિકા ઇન્સ્ટીટ્યૂટના જોડિયા નિયામક ડૉ. આત્મારામે પ્રગટ કરી છે. આ ઉપરાંત ઉદ્યોગને ઉપયોગી માહિતી આપતી પત્રિકાઓ પણ વખતોવખત પ્રગટ કરવામાં આવે છે.* **નરસિંહ મૂ. શાહ**

* કાચની બનાવટ અને તેની જાતો સંબંધે માહિતી આપતા બે લેખ 'કુમાર' અંક ૧૬૭ તથા ૩૦૫માં આવી ગયા છે તે જિજ્ઞાસુએ વાંચી લેવા, અથવા આ જ લેખકકૃત 'માનવજીવનમાં વિજ્ઞાન'નાં પ્રકરણ ૨૬ અને ૨૭ વાંચી જવા વિનતિ છે.

તેને માપસર રાખવા માટે કાયાની શી કરામતો હશે? લોહીમાંનું વધારાનું કૅલ્શ્યમ હાડકાંમાં સંઘરાય છે. શરીરના વૃદ્ધિકાળમાં ને સગર્ભાવસ્થામાં તેને કૅલ્શ્યમના વધુ પ્રમાણની જરૂર રહે છે. એ જો આહારમાંથી પૂરતા પ્રમાણમાં મળી ન રહે તો હાડકાંમાંના એના સંઘરામાંથી એ લોહીમાં આવી જાય છે. શર્કરાની જેમ કૅલ્શ્યમ પણ ત્યાં વધારે સંઘરાય છે અને જરૂર પડે ત્યારે એમાંથી વપરાશ થાય છે. ગળામાં આવેલી ચાર પૅરાથાઇરૉઇડ ગ્રંથિઓ કૅલ્શ્યમનું આ પ્રમાણ જાળવવામાં અગત્યનો ભાગ ભજવે છે. સગર્ભાવસ્થામાં ને ધાવણ આવવાના સમયમાં કૅલ્શ્યમનું વધુ પ્રમાણ આપવા કાજે સ્ત્રીઓમાં આ ગ્રંથિઓ કદમાં વધે છે.

આમ આપણે પાણી, મીઠું, શર્કરા ને કૅલ્શ્યમની લોહીમાં જળવાતી સ્થિરતા (stability) વિષે જોઈ ગયા. (ચાલુ)

પ્રવાસ


ટ્રાન્કોબાર

શાન્તિલાલ શાહ

મદ્રાસથી દોઢસો માઇલ દક્ષિણે બંગાળી ઉપસાગર ઉપર આવેલું આ બંદર પહેલાં ડચ લોકોના કબજામાં હતું, તેની સાક્ષી પૂરતો દરિયાકાંઠે જ આવેલો પુરાતન કિલ્લો જોવા જેવો છે. ગામનાં સ્થાપત્યોની રચના પણ ડચ બાંધણીની છે. એક વખતનું જાહોજલાલી ભોગવતું ધીકતું બંદર આજે માત્ર તેના અવશેષ સમાં પુરાણાં ખંડેરો બતાવતું ધીમા શ્વાસ લઇ રહ્યું છે. દરિયાકાંઠો રમણીય હોઈ હાલ માત્ર હવા ખાવાના સ્થળ તરીકે તે જાણીતું છે.

હું તામિલ ભાષા જાણતો નહિ હોવાથી મોટરમાંથી ઊતરી સામેથી ચાલ્યા આવતા એક વૃદ્ધ મુસ્લિમ ગૃહસ્થને હિંદીમાં પૂછ્યું, 'યહાં એકદો દિન ઠહરને કે લિયે કોઈ અચ્છા ચૌલ્ટ્રી યા છત્રમ મિલેગા?

'ઐસા તો કોઈ સુભીતા યહાં નહિ. લેકિન આપ મુસાફિર હૈ તો યહાં કે ઝમીંદાર જંબુકેશ નાડાર કે વહાં શાયદ આપકા બંદોબસ્ત હો જાયગા.' એમ કહી એમણે ગામ વીંધી દરિયાકાંઠે જતો સીધો રસ્તો ચીંધી જણાવ્યું કે ત્યાં દરિયાને કાંઠે જ શ્રી નાડારનો બંગલો છે. દરિયાકાંઠે સગવડ મળી જાય તો તો ઘણું સારું એમ વિચારતો સામાન ઉપડાવી હું શ્રી નાડારને ત્યાં પહોંચ્યો. ત્યાં સહજ વિનંતી કરતાં—ગુજરાતથી માત્ર આ બાજુના પ્રદેશો જોવા માટે જ સફર ખેડી રહ્યો છું તેમ જણાવતાં—તેમણે આસાનીથી બાજુના ખંડમાં મારી વ્યવસ્થા કરાવી દીધી. તેઓ અત્રેના મોટા જમીનદાર છે ને મારા જેવા એકલદોકલ પ્રવાસીઓની આગતાસ્વાગતા માટે પંકાએલા છે.



ટ્રાંકોબારની શ્યામરંગી અને તામ્રવર્ણી નમણી માછણો (સ્કેચ: શાન્તિ શાહ)

નમતા બપોર પછી ગામમાં ફરવા નીકળી થોડાક સ્કેચ કર્યા. કિલ્લાનાં ખંડેરો તથા મંદિરોના સ્તંભ-શિખરોના અવશેષોને આવરી લેતા દરિયાનું રેખાચિત્ર ઠીક બન્યું. ઉપરાંત ઢળતી સાંજે સમુદ્રતીરે રેતીમાં પલાંઠી લગાવી આથમતા અજવાળામાં પુરાણા નગરના અવશેષો રંગમાં ઉતારી લીધા.



ટ્રાંકોબારના દરિયાકાંઠે આવેલો ડચ કિલ્લો (શાન્તિલાલ શાહ)

રાત્રે અજવાળી આઠમના આછા ઉજાસમાં નાહી રહેલા સાગરના ઊર્મિતરંગો જોવામાં મન તલ્લીન થયું. દૂધ-નીતરતી ચાંદનીમાં મસ્ત મહેરામણ ગર્જી રહ્યો હતો. મકાનની ઓસરીમાં ઢાળેલા ખાટલા પર સૂતાંસૂતાં સાગરે તેનાં હાલરડાં વડે ક્યારે સુવાડી દીધો તેની ખબર ન પડી. વહેલી પરોઢના આછા ઉજાસમાં નિંદર વિદાય લેવાની તૈયારી કરતી હતી ત્યાં જ સાગરના ગુંજનમાંથી સ્પષ્ટ તરી આવતા શંખધ્વનિ સાથે વૈતાલિકે પોતાનું ભજન ગાઇ ઘંટારવ કર્યો ત્યારે મારી આંખ ઊઘડી ગઈ. લાગ્યું કે જાણે ખરેખર મંગલ પ્રભાત થયું. સુભગ સવારની એંધાણી આપતા તે મધુર ભજન-સરોદો વચ્ચે પરોઢ પ્રકટ્યું. આ વૈતાલિકોની પ્રથા કોણે શરૂ કરી હશે? જાગતાંવેંત પ્રભુસ્મરણની સુંદર તક અનાયાસે મેળવી આપતી આ મંગલ પ્રથા પ્રત્યેક દિવસને અને એમ ઉત્તરોત્તર સમગ્ર જીવનને સુભગ મંગલ બનાવી રહે છે.

વહેલી સવારની તાઝગીભરી ને સમદરમાની ઠંડી હવામાં આવતું સાગરગુંજન, બીજી બાજુ શંખધ્વનિ સાથે ભજનિકના સૂર, ત્રીજી બાજુ આંખ ઉઘાડી જોતાં ક્ષિતિજોને આવરી લેતા ઉદધિને પેલે પાર આછી પીળી ટશરોમાં સૂચવાતું ઉષાનું આગમન, ને તે સૌ વચ્ચે ઊંચે આકાશમાં સાગર પરથી પૃથ્વીને ઉષાની વધાઈ ખાવા જલદી જલદી ધસવાથી લાલ લાલ થએલાં કેસરવર્ણી વાદળાં તો જાણે મંદિરે શિખર શોભે તેમ સમગ્ર વાતાવરણમાં શોભી રહ્યાં હતાં. આમ પવિત્ર સરોદ ને રંગીન વાતાવરણે આજનું સવાર પ્રેરણાદાયી બન્યું.

સુભાષિત

(અનુષ્ટુપ)

यथा बलं क्रियाहीनं क्रिया वा बलवर्जिता ।
नेह साधयते कार्यं समायुक्ता तु सिध्यति ॥

(અનુવાદ)

બલ કાર્યં વિહોણું ને ક્રિયા જે બલહીન છે,
નકામાં એકલાં બન્ને, ભેગાં બે કાર્ય સાધશે.

[વિવરણ: મહાભારતના આ પ્રસિદ્ધ શ્લોકનો અર્થ બહુ સ્પષ્ટ છે. નિર્બળની ક્રિયા નકામી છે; અને બળવાન આળસુ હોય તે પણ નકામો છે. દુનિયાના દેશોના ઇતિહાસ જોઈશું તો જણાશે કે પશ્ચિમના દેશોએ જે પ્રગતિ સાધી તે બલ-સમાયુક્ત-ક્રિયાથી સાધી છે. આપણો છેલ્લાં હજાર-બારસો વર્ષનો ઇતિહાસ જોતાં શું દેખાય છે? સમાજના અમુક વર્ગોમાં બલ હતું તો ક્રિયા નહોતી, અને ક્રિયાઓ હતી તો તે સમાયુક્ત નહોતી, વગર વિચારેલી હતી. સમાજના બીજા વર્ગોમાં ક્રિયા હતી ત્યારે એમાં બલ નહોતું. આ પરિસ્થિતિને લીધે આપણે પરદેશીઓથી માર ખાતા ખાતા સ્વતંત્રતા ગુમાવી બેઠા. જે આવ્યા એમણે આપણને લૂટ્યા. છુટાંછુટાં બળ અને ક્રિયા કાંઈ કામમાં ન આવ્યાં. મહાભારતકારે લખેલું આ મોટું સત્ય આપણે ભૂલી ગયા. રાજકીય અને સામાજિક ઇતિહાસમાંથી આનાં અનેક ઉદાહરણો મળે છે. —ર. ભી.]

આશરે સાતેક વાગે ભાંગેલ કોટનાં ઇંટ-મટોડાં પર આસન લગાવી પુરાતન કિલ્લાનાં ખંડેરો પર પછડાટ મારતા સાગરનું પ્રભાતરંગી દૃશ્ય ઉતાર્યું. બપોરે માછીમારોનાં ઝૂંપડાં તરફ જઈ થોડાંક રેખાચિત્રો કર્યાં. શ્રમવડે ઘડાઇને ઘાટીલાં બનેલાં અહીંની નમણી માછણોનાં શરીર અનેરું લાલિત્ય ધરાવે છે. તેમાં કોઈક તો એવી સપ્રમાણ દેહરેખા જોવા મળે કે ભલભલી પુરવાસિની પણ એ શ્યામા સાગરનારી પાસે ઝાંખી પડી જાય ને શાંતનુ રાજા મત્સ્યગંધા પર કેમ મોહી પડ્યો હશે તેનું રહસ્ય સમજાય! કોઇકોઇ તામ્રવર્ણી નારી એટલી તો સપ્રમાણ ને ઘાટીલી હોય છે કે જાણે કાંસે ઢાળેલી કોઈ પ્રાચીન કલાપ્રતિમા!

મારી આ ચિત્રચર્યાથી કુતૂહલના પ્રેર્યા મારી સાથે ફરતા ગામની શાળાના વિદ્યાર્થીઓને હું મારા દુભાષીઆ બનાવી લેતો ને તેમની દ્વારા માછી કન્યાઓને મારા માટે ઘડીક ઊભવાની વિનંતી કરતો. કોઈક શરમથી સંકોચાઇને ઘડીભર ઊભી રહેતી, તો કોઈ વળી છણકો કરી નાસી જતી. ઘણાં તો વળી એમ માનતાં કે હું લશ્કરમાં ભરતી કરવા આ બધી નોંધો કરતો જાઉં છું! તો બીજાં કહેતાં કે તેઓને ફિલ્મમાં લઈ જવા માટે હું ચીતરી રહ્યો છું! સપ્રમાણ દેહવાળી બેચાર યુવતીઓનાં રેખાચિત્રો પાડ્યા પછી મારા કામને તાકીને જોઈ રહેલી એક આધેડ સ્ત્રીએ મારી આકરી (પણ સાચી) ટીકા કરી કે હું તો માત્ર જુવાન છૈરાંઓનાં જ ચિત્રો પાડતો ફરું છું! મેં તેમની ભૂલ ભાંગતાં કહ્યું કે હું સૌંદર્યને સર્વ સ્વરૂપમાં પ્રમાણવાનો પ્રયત્ન કરું છું, અને કરચલીવાળા આધેડ ચહેરાની ખૂબીઓ જણાવતાં મેં તેમનો પણ સ્કેચ કર્યો.

વહેલી સવારથી શરૂ કરી બારેક વાગ્યા સુધી કરેલા આ માનસિક શ્રમથી કંટાળેલું શરીર બંગાળી ઉપસાગરનાં ઘૂઘવતાં નીર જોઈ સ્નાન માટે તલસી રહ્યું, અને ખભા-ઝોળી તથા પહેરેલાં કપડાં રેતીમાં જ મૂકી જાંગિયાભેર સાગરમાં ઝંપલાવ્યું. ત્યાંનો જ પરિચિત થએલો એક વિદ્યાર્થી સાથમાં હતો, એટલે અહીં પહેલી જ વાર મોજાંઓ પર સવાર થઈ તરવાની મઝા લીધી. ત્વરિત ગતિએ ક્ષણવારમાં મોજું અદ્ધર લઈ લે, ને તેટલી જ ઝડપથી તમને નીચે ઉતારી મૂકે, તે પળોમાં શરીર પાણી સાથે એકતાર થઈ શકે તો જ તેની મઝા લઈ શકાય. ક્યાં તાંબાકૂંડીનાં કે ઓરડીનાં સ્નાન ને ક્યાં આ અફાટ પથરાએલા ઘૂઘવતા દરિયાનું સ્નાન! નાખી નજર ન પહોંચે ત્યાં સુધી પથરાએલો નીલો-ભૂરો જલરાશિ આપણને ખોળે ઝુલાવી સ્નાન કરાવી રહ્યો છે એ કલ્પનામાત્ર અલૌકિક સુખનો અનુભવ કરાવે છે. સાગર-સ્નાનમાં સાવચેતીની પણ ખૂબ જરૂર પડે છે. તમને આવડે તો તેના હજાર હાથો વડે છાલકો મારીમારીને તમારો થાક ઘડીભરમાં ઉતારી નાખે, ને ન આવડે તો એ થપાટો એવી તો વાગે કે દરિયે નહાવાની ખો ભૂલાવી દે!

મન ભરીને નાહ્યા પછી બહાર નીકળ્યો ત્યારે ભૂખ કકડીને લાગી હતી. અજાણ્યા તરીકે ગામમાં આવી, જતી વખતે સૌનો જાણીતો બની, તે દિવસના નમતા પહોરે હું કારાઇકલ જવાની બસમાં બેઠો.

બાંધ ગઠરિયાં (અનુસંધાન પૃષ્ઠ ૪૫૦થી) એને તો ફ્રેન્ચ બરાબર આવડે, એટલે એને તો બહુ મજા પડી. મુંબઈમાં અદી મર્ઝબાને એનું 'સેક્રેડ ફ્લેમ' ભજવ્યું હતું તે નાટક જોયાનું મને યાદ આવ્યું, અને બૉનીએ તેમજ મેં એ વિષે વાતો કરી. બીજા અંકને અંતે અમે સાથે કૉફી પીધી. જૈફ, પણ બુદ્ધિના ભારે ચબરાક એ મૉમને અનાયાસ મળવામાં મને ઘણો આનંદ આવ્યો, અને ત્રીજો અંક પૂરો થતાં હું સ્ટેશને જવા દોડ્યો. સવારના ચાર વાગ્યાનો રખડતો, ભરી ભરીને પારીસ જોતાં ખૂબ જ થાક્યો હતો, એટલે કોચના આલા બર્થ પર પડતાં જ ઊંઘી ગયો: છતાં મધરાતે આ ચંચલશ્રેષ્ઠ નગરીની ગોદમાંથી સરકી જતાં જીવને ગમતું નહોતું.

કંઇક આવશે ને જશે પણ પારીસનો દિમાગ એ જ રહેશે. આધ્યાત્મિક ઉન્નતિના બોધપાઠ લેવા ત્યાં જનારા ભોંઠા પડશે; નીતિ અનીતિની ચર્ચા કરનારા ત્યાં ગૂંચવાઈ જશે; શાંતિ શોધનારા ત્યાંની અશાંતિમાં ભૂલા પડશે; કંજુસો ત્યાંથી નાસી જશે; જિંદગીને અફળાવવાને માટે, વેડફી નાંખવા માટે ખરાબાઓ શોધવા જશો તો ઠેરઠેર સાંપડશે; પણ સ્થાપત્ય, સૌન્દર્ય, ચિત્રકૌશલ્ય, સાહિત્યનું સામગ્રી-વૈવિધ્ય; જોવા જનારાની આંખોના પોપચાં કલાદેવી જાતે આવી એવી તો મૃદુતાથી આંજશે કે સૌકોઇને રસસમાધિ પ્રાપ્ત થતાં વાર નહિ લાગે. ટ્રેન વેગીલી થઈ અને હું મુલાયમ બિછાનામાં ઊંઘતો હતો, પણ મૉમે ઉપનિષદમાંથી તારવી ફરી ફરી વાર કહ્યું છે, તેમ ઊંઘમાં યે હું જાગ્રત હતો. હ્યુગો કાળજાને સંકોરતો, તો વોલ્તેર જિગરને વલોવતો; મૉપાસાં જિંદગીની શતરંજ ઉપર વિવિધ રંગબેરંગી પાસા નાખતો જણાતો, તો આંતોલ કલ્પનામાં અનેરી તલવારબાજી ખેલી બતાવતો. મારી આંત્વા અને જોન ઑવ્ આર્ક ફેરફૂદડીએ ઘૂમતી. એની આસપાસ પરી જેવી પારી નગરી ચકરડી ભમરડી ફરતી. પારીસનો છાક, એનો છટપટાટ, ઠાઠમાઠ, એના તોરદોર, એ સર્વ ઉપરના તકલાદી રંગરોગાન રાતે ભભકશે, સવારે ઓસરી જશે. ઘણું ઓગળી જશે. પણ એ બધાંમાં ઝબોળાતી, ઝેર અને અમૃત પીતી એક કલમ માત્ર સતત આલેખતી જીવતી રહેશે. પારીસ, તારી એ કલમને ધન્ય છે. (ચાલુ)

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

પ્રિય નરેન્દ્ર, લંડન ઈ–૫ તા. ૧૬-૭–'૫૪

તમારા પત્ર તથા સાથે મોકલેલી ટિકિટો માટે આભાર. એના બદલામાં તમને હું શું મોકલી શકું?

હું તમને તટસ્થ અભિપ્રાય આપવાને હમેશાં પ્રયત્નશીલ રહું છું, પછી ભલે તે રાજકીય બાબતને સ્પર્શતો હોય યા બીજી કોઇ. છતાં, તમને સૂચના આપું છું કે હું અહીંની રાજદ્વારી મંડળીના નાના એવા વિભાગમાં કામ કરું છું. મારા જૂથથી ભિન્ન અભિપ્રાયો મેં કેટલી યે વખત દર્શાવ્યા છે, પરંતુ તેમ કરવાથી મારા જૂથને કાંઈ આંચ આવી નથી. તેથી તમે જોઇ શકશો કે હું કોઇ વાર એક જૂથ તરફ ઢળતો લાગીશ, જ્યારે હું એમ માનું છું કે તેમ કરવામાં મેં સંયમ રાખ્યો છે.

હાઈડ્રોજન બૉંબ(અને નાઇટ્રોજન બૉંબ સુદ્ધાં)થી ઉપસ્થિત થએલી પરિસ્થિતિ ભયાનક છે. હું માનું છું કે તેના ઉત્પાદન ઉપર પ્રતિબંધ હોવો આવશ્યક છે. પરંતુ, જો રશિયા હાઈડ્રોજન બૉંબનું ઉત્પાદન ચાલુ રાખે તો અમેરિકાને તે બંધ કરવાનું કહેવું અજુગતું લેખાશે. મારા માનવા પ્રમાણે તો રશિયાની અમેરિકા પ્રત્યેની શુભનિષ્ઠામાં સંશય છે. છતાં જો આપણે તે બૉંબના ઉત્પાદન ઉપર અંકુશ મૂકવો જ હોય તો એક આંતરરાષ્ટ્રીય પંચ ચૂંટવું હિતાવહ છે. તે પંચને ગમે ત્યાં અને ગમે ત્યારે કોઇ પણ જાતની અગાઉથી ખબર આપ્યા સિવાય જવાની સત્તા હોવી અત્યંત જરૂરી છે. તેથી જો કોઈ રાષ્ટ્ર ચોરીછૂપીથી તેનું ઉત્પાદન કરતું હશે તો તે પકડાઈ જવા પૂરેપૂરો સંભવ છે. હું ધારું છું કે આવા એક પંચ માટે થોડાં વર્ષો પૂર્વે દરખાસ્ત મુકાઈ હતી, પરંતુ 'તેમ કરવાથી તેના સભ્યો જાસૂસી કરશે' એમ કહી રશિયાએ એ વિચારોને પુષ્ટિ ન આપી. મને લાગે છે કે શાંતિમય પ્રયાણ તરફ અણુપ્રયોગો આગળ બઢાવવા જોઇએ; છતાં સાથેસાથે કોઇ અણઘટતો બનાવ ન બને એ માટે પૂરેપૂરી તકેદારી રાખવી જોઇશે.

હું શા માટે ટિકિટસંગ્રહ કરું છું તે વિષે થોડું કહું. ખરે જ, હું જે કામ કરું છું તેનાથી તે તદ્દન નિરાળી ચીજ છે. તેનાથી મારા ભૌગોલિક જ્ઞાનમાં ઉમેરો થાય છે. તમારા મિત્રોમાંના કેટલા આ સ્થળો વિષે જાણે છે—Antigua, Anderra, Grahamland, Mayotte, Hayti? તેનાથી પરપ્રદેશના ઇતિહાસનું પણ વિજ્ઞાન સાંપડે છે. જો હું મારી ટિકિટો ધ્યાનપૂર્વક ખરીદ કરું તો મને તેનું પૂરેપૂરું વળતર મળી રહે છે. તે કદાચ તમારી પૂરીનો આસ્વાદ લેવા જેવું છે! ટિકિટસંગ્રહમાં રસ ધરાવતા અસંખ્ય લોકો સાથે મેં આનંદમાં સમય ગાળ્યો છે. જોકે મારો સંગ્રહ ઘણી થોડી જગા રોકે છે, છતાં હું કામમાં હોઉં ત્યારે તેને નવરાશના સમય ઉપર છોડી દઉં છું. પ્રતિદિન માનસિક વ્યાધિઓથી સુદૂર રાખી ઉરઊર્મિઓને ચિત્તપ્રસન્ન વાતાવરણમાં ટહેલવાની તે તક આપે છે. બસ ત્યારે, તમારા પ્રત્યે મારી શુભેચ્છાઓ સાથે વિરમું. —સપ્રેમ, લેસ્લી ગ્રીન (Leslie green)

અમેરિકન પત્રમિત્રની વિનતિ

જોહાના ઍન્ડરસન, ટાવર વ્યૂ, રેડ વિંગ, મિનેસોટા (યુ. સ્ટે. અમેરિકા)નું નામ 'કુમાર'માં છપાએલું તે પરથી ઘણા વાચકોએ તેમને પત્રો લખ્યા છે; પણ એ બહેન ખેદ સાથે લખી જણાવે છે કે પોતાના અભ્યાસ તથા કામકાજને લીધે તે કોઇની પણ સાથે પત્રવ્યવહાર કરવા અશક્ત છે. માટે જેમણે પત્રો લખ્યા છે તેમણે તેમના ઉત્તરની અપેક્ષા રાખવી નહિ, અને હવેથી કોઇએ તેમને પત્રો લખવા નહિ.

માહિતી જોઇએ છે

નવીનચન્દ્ર પ્રેમચંદ શાહ(નાગજી ભૂધરની પોળ, માંડવીની પોળ, અમદાવાદ) જે હાલ અમેરિકામાં એમ. એસસી. તથા પીએચ. ડી. થઇને ત્યાંના કૅન્ટકી પરગણાના લૂઇવિલે ગામમાં રહે છે તેમનું પૂરું સરનામું મેળવી આપવા તેમના એક મિત્રે અમને લખ્યું છે, પણ અમારી પાસે તે મેળવવાનું કોઈ સાધન નથી. કોઈ પત્રમિત્ર મેળવીને અમને જણાવશે તો તે પ્રકટ કરીશું.

આભાર

આજથી છ વર્ષ પહેલાં જ્યારે હું વડોદરા હતો ત્યારે 'કુમાર'ના પત્રમિત્ર વિભાગમાં મારું નામ વાંચીને સિકંદરાબાદના એક ગુજરાતી યુવકે મારી સાથે પત્રમિત્રતા શરૂ કરી હતી. ગયા મહિનામાં અચાનક મારે ધંધાર્થે સિકંદરાબાદ જવાનું થયું અને હું તેમને મળવા ગયો. કમનસીબે તેઓ મુંબઈ ગયા હતા. પરંતુ તેમના પિતાશ્રી તથા નાના ભાઈ હતા અને તેઓ અમારી પત્રમિત્રતા વિષે જાણકાર હતા, તેથી તેમના તરફથી મને ઘણો જ સારો આવકાર મળ્યો. ઘેર જમવાનું રાખ્યું, ફરવા લઈ ગયા અને જાણે વર્ષોજૂનો સંબંધ કેમ ના હોય તેવું વર્તન દાખવ્યું. —મહેશચંદ્ર પટણી

પરદેશી પત્રમિત્રો

(1) Madhur G. Bhanji, P. O. Box No. 134, Zanzibar (British East Africa)—19, Reading, Cycling; (2) Raman L. Bhanji, Add. as above—16, Reading, Stamps; (3) Navnitlal shamji Vora, P.O. Box N0. 1437, Mombassa (K. C.)—18, Stamps, View & Post Cards, Reading; (4) Rajnikant S. Bhavsar, C/o Bhikku & Co., 133 Mogul Street, Rangoon (Burma)—20, First Day Covers, Autographs, Reading; *German girl Pen-Friends, interested in Correspondence & Stamps', add 'Germany' to each address* (5) Gerlinde Conrad, Ludwigshafen, Lie Bermann Strasse 1, Age 17; (6) Ilse Faasch, Mannheim-Rheinau, Bruchsaler Strasse 66, Age 19; (7) Renate Zimmermann, Michefeld (Baden) Luisen Strasse 18, Age 18; (8) Marliese Unglaub, Nussloch Ibei, Heidelberg, Hilda Strasse 40, Age18; (9) Lore Baumeister, Mannheim-Feudenheim, Haupt Strasse 118, Age 17; (10) Anita Janson, Ludwigshafen-Rhein, Oppauer Strasse 19, Age 17 (જર્મન પત્રમિત્રોનો ઉલ્લેખ: નરેન્દ્ર પરીખ); (11) Yeshwantri C. Desai, P. O. Box No. 355, Dar-es-Salaam (British East Africa)—17, English Literature, Photography, Music, Languages; (12) Inge Schruffer, Aschaffen Burg, Grunewald Strasse 18, Germany, Age 20, People & Customs of far countries, Her Preference-Female; (13) Luitgard Fischer, Add. as above, Age 21, Theatre, Literature, Politics, Cinema, Indian Things, Her Preference-Female: (અનુક્રમ નં. ૬,૭-ઉલ્લેખ: - Kirtikumar F. Doshi, Shri Mahavir Jain Vidyalaya, Gowalia Tank Road, Bombay-26).

હિંદી પત્રમિત્રો

(69) Jashvantrai Kalidas Bibodi, Bibodi Street-1, Jamnagar (Saur.)—22, Stamps, Travelling; (70) Pri-

yadarshika Dave, C/o Bhogibhai H. Dave, Mahalakshmi Street, Anjar (Cutch)—17, Literature, Music, Travelling, Knitting; (71) T. G. Bukhari, Nagarwada, Vasavad, Via Lunidhar (Saur.)—20, Art, Travelling, Speech; (72) Sureshchandra Virchand Shah, 1261 Shamala's Pole, Raipur, Ahmedabad—20, View-cards, Reading; (73) Kanu Mehta, Damji Lalji's Shop, In Vokra, Mandvi (Cutch)—19, Politics, Literature, Games; (74) Miss Reemah S. Ezekiel, C/o S. D. Ezekiel, Asavale Bldg., 3rd. floor, Jail Road East, Dongri, Bombay-9—15, Stamps (ઉલ્લેખ: પ્રવીણ શાહ); (75) Kirtikumar C. Shah, C/o Chandulal Shivlal Shah, Kirti Bldg., Ramnagar, Sabarmati, Ahmedabad-5—16, Stamps; (76) Kantilal M. Thakkar, Branch Manager–'World Pen-Pals' Club,' 28 Ladiwala Bldg., Maninagar, Ahmedabad-8—22, Photography, Driving, Business, Theosophy; (77) P. M. Morzaria, Near Naranwadi, Khambhalia (Saur.)—16, Films, Literature; (78) Jashvant, C/o L. M. Sanghvi, Green Chowk, Dhrangadhra (Saur.)—20, Photography, Stamps, Novels, Swimming; (79) M. P. Mistry, C/o P. N. Mistry, Tennis Club, Dhrangadhra (Saur.)—20, Films, Novels, Photography, Cricket, Science; (80) Kapoor Manoharlal, C/o V. N. Kapoor, 1304/1 Talia's Street, Sarangpur, Ahmedabad—16, Stamps, View Cards; (81) Atmanand D. Mistry, Station Road, Lati, Ranuj (N. Guj.)—21, Philosophy, Photography, Stamps; (82) Samarsinh S. Bhatia, 15/1 Elgin Road, Calcutta-20–20, Politics, Travelling. (83) Lalji G. Furia, C/0 Ramji Ganaji & Co., Bombay-12—19, Stamps, Reading, writing, Literature; (84) Parekh Vinod Dinkerray, Sobhag Bhavan, Navroj Lane, Ghatkopar (C.R.), Bombay—20, Physical Exercises, Stamps, Films, Psychology, Literature, Drawing, Playing Cards, Match-Labels, Trips, Discussions; (85) Siddhartha R. Parekh, C/o R. C. Parekh, Shahi Bag, Camp-Road, Ahmedabad-4—16, Cricket, Stamps, Sports; (86) Bharat-kumar D. Desai, Secretary–Everest Pen-Pal-Circle, Pipalawali Golwad, H. N. 1519/1, Opp. Dolatkhana, Sarangpur, Ahmedabad-1—21, Stamps; (87) Niranjan Shankerlal Thakore, Acharwad Road, Broach—16, Stamps, Drawing; (88) Vipin K. Oza, 661 Dery Road, Bhavnagar—19, Stamps, Photography; (89) Ibrahim M. Kothawala, 2227 Kalupur, Suigara's Pole, Ahmedabad-1—17, Stamps, Drawing, Manuscript-Magazine; (90) Arvindkumar L. Thakkar, Ayurved Niketan, Hanuman Road, Vile Parle (East), Bombay-24—15, Stamps, View Cards, Swimming. Table Tennis; (91) Manilal P. Laiya. Khadkhad Line N0. 2, Veraval (Saur.) —20, Stamps, Drawing; (92) Indravadan Manilal Soni, Napo Garden, Matunga, Bombay-19—18, Reading, Drawing, Stamps; (93) Shashikant Karamchand, 7/456 Hathikhana Street, Rajkot (Saur.)—20, Stamps, Coins, New & Old Languages; (94) Sushilkumar Mehta, E. P. 238 Hathikhana Street, Rajkot (Saur.)—18, Swimming, Stamps; (95) Amritlal Ramji Gandecha, Kutiyana (Saur.)—16, Stamps, Swimming, Cricket, Travelling, Music; (96) Rameshchandra M. Ringwala, Mandvi-Pole, Near Vinchhi-Pole, Ahmedabad—20, Dancing, Correspondence; (97) Girishkumar Raval, Ranchhod Nivas, Near Bilkha House, Rajkot (Saur.)—17, Stamps; (98) Vijay A. Naik, 2nd Floor Annapurna Bhavan, Mahilashram Road, Matunga, Bombay-16—16, Stamps, Drawing, Photography Knowledge of Scientific Articles, Hunting Small Games; (99) Surendra M. Shah Barodawala, Patelvage, Shah Street, Dabhoi (Baroda Dist.)—24, Music, Literature, Correspondence, Politics, Photography, Travelling; (100) Suresh M. Shah Barodawala, Add. as above—16, Cricket, Music, Cinema, Travelling, Reading, Correspondence; (101) Kishorkumar S. Parikh, Gandhi-Vas, Sanand (Ahmedabad Dist.)—15, Stamps, Films, Reading; (102) Indravadan Jivanlal Bhatt, C/o Ranika, Limdiwali Sadan, Near Ram-Vijay Floor-mill, Bhavnagar (Saur.)—16, Reading, Radio; (103) Dhirjlal Shivlal Doshi, Upashraya's Street, Lakhtar (Saur.)—15, Stamps, Reading, Swimming, Sports; (104) Rohit Parikh, 1286 Kanji Diwan's Khancho, Raja Mehta's Pole, Kalupur, Ahmedabad—20, Stamps, Correspodence; (105) Narendra Parikh, C/o V. L. Soni, Soni-wad, Bilimora (W. Rly.)—20, Stamps; (106) Satishkumar A. Parikh, Ismail Baug, Room No. 4, Opp. Bakery, Anand Rd., Malad (West), Bombay—20, Photography, Travelling, Cinema. (ચાલુ)

કુમાર કાર્યાલયની ડાયરી વિષે

ઘણા વાચકો તરફથી જે ચિત્રવિચિત્ર પૂછપરછ આવે છે તે જોઈને નવાઈ એ લાગે છે કે લોકો જાહેરાત પૂરી સમજીને વાંચતા કેમ નહિ હોય? ફરી તેને વિષે આટલા મુદ્દાની ચોખવટ કરીએ છીએ:

- એ ડાયરી માત્ર કુમાર કાર્યાલય લિમિટેડના **શેરહોલ્ડરો** તથા કુમાર કાર્યાલયને મુદ્રણ, બ્લૉક વગેરેનું 'ગણનાપાત્ર' કામ આપનાર કુમારના **શુભેચ્છકોને જ** ભેટ મોકલાય છે.
- એ વેચાણ માટે **નથી.** તેવો નિર્ણય થશે તો જાહેરાત થશે.
- જે ગ્રાહકને તે મેળવવાની ઉત્કંઠા હોય તેમણે પોતાના ઉપરાંત આવતા વરસ માટે એક **'નવો'** ગ્રાહક મેળવી આપવો જરૂરી છે. (ભૂતકાળમાં મોકલેલા નહિ ગણાય.) અને આ રીતે પણ ડાયરીનો જથ્થો સિલિકે હશે ત્યાં સુધી જ ભેટ મોકલી શકાશે.
- આ વિષે જવાબી પોસ્ટેજ વિના ઉત્તર આપવામાં નહિ આવે.
- ડાયરી ડિસેમ્બર આખરે તૈયાર થશે.

ટિકિટસંગ્રહ

કેટલીક જયંતી-ટિકિટો

આ વર્ષે ભારતની ટિકિટની શતાબ્દીનું હતું. એમ બીજા પણ ઘણા મહત્ત્વના બનાવોની જયંતીઓ આ વર્ષે આવી ગઈ. એમ તો ઇતિહાસના પટ ઉપર દરેક વર્ષે કોઇ ને કોઈ બનાવની જયંતી આવે જ છે. અને ટિકિટો દ્વારા એનું સ્મરણ અંકિત કરવાની પદ્ધતિ સંસારવ્યાપ્ત અને અસરકારક છે, એટલું જ નહિ પણ ઘણી વાર તો તે નવતર ને રસભરી હોય છે.

દાખલા તરીકે ડેન્માર્કનું રાજ્ય સ્થપાયાને ૧૦૦૦ વર્ષ થયાં તેના સ્મરણમાં તેણે કાઢેલી ટિકિટ પર એ પ્રસંગનો શિલાલેખ ધરાવતો પુરાણો પથ્થર જ આલેખવામાં આવ્યો છે, અને તેના ફર્સ્ટ-ડે કવર ઉપર એ પથ્થરની પાછલી બાજુ આપી છે, જેમાં એક સંજ્ઞાત્મક ચિત્રણા છે. એ બંને આં નીચે આપ્યાં છે.

જગવિખ્યાત સમાચાર-સંસ્થા 'રૉઈટર'-ના સ્થાપક ફ્રિટ્ઝ રૉઈટરના અવસાનને આ વર્ષે ઍંશી વર્ષ થયાં. તેના સ્મરણમાં જર્મનીએ કાઢેલી એ ખ્યાતનામ પુરુષની છબિવાળી ટિકિટ રસદાયક થઈ પડશે. મામૂલી શરૂઆતમાંથી આવી જગદ્વ્યાપ્ત સંસ્થાના એ જમાવનારનું પ્રેરક ચરિત્ર 'કુમાર'માં આવી ગયું. એના ફર્સ્ટ-ડે કવર પર એના મકાનનું ચિત્ર છે.

લાઈપઝિગ શહેર (જર્મની)ના પ્રાણીબાગની સ્થાપનાને પોણોસો વર્ષ થયાં એના સ્મરણમાં પણ ટિકિટ નીકળી છે, જેના પર સિંહ-સિંહણનું સુંદર ચિત્ર છે.




અમેરિકાની જૂનામાં જૂની વિદ્યાપીઠ કોલંબિયા યુનિવર્સિટીની સ્થાપનાની દ્વિશતાબ્દી પણ આ વર્ષે આવી. એ યુનિવર્સિટીની ઉચ્ચ પદવીઓ ધારનાર ઘણાં આગળપડતાં નરનારીઓ આપણા ભારતમાં ને ગુજરાતમાં પણ છે, જેમાંના એક ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણીનું નામ તો 'કુમાર'ના વાચકોને સુપરિચિત છે. એ પ્રસંગને સ્મરણાંકિત કરતી તેના મકાનની છબિવાળી ટિકિટ આ સામે આપી છે. (આ ચારે ટિકિટો શ્રી રાજેન્દ્ર ર. ભટ્ટના સંગ્રહમાંથી)


ઑસ્ટ્રેલિયામાં રેલવે સ્થપાયાની શતાબ્દી પણ આ વર્ષે હતી. આ સાથે આપેલી ત્યાંની સ્મરણ-ટિકિટ, આપણે ત્યાંની ટિકિટ કરતાં ડિઝાઈનમાં નવતર આધુનિક ઢબની ને ઉઠાવદાર છે. બે ભૂંગળાંવાળા એના આદિ-એન્જિનની છાપવાળું ફર્સ્ટ-ડે કવર પણ જોરદાર છે.

ચેતજો

છઠ્ઠા જ્યૉર્જની છબિવાળી ટિકિટો ભારતના ટપાલખાતાએ આ (નવેમ્બર) માસની પહેલી તારીખથી વાપરવાની મના ફરમાવી છે અને તે વપરાએલી વસ્તુઓ નૉટપેઇડ ગણાય છે. માટે એવી ટિકિટો હોય તેમણે તે પોસ્ટ ઑફિસમાં પાછી આપીને બદલામાં ચાલુ ટિકિટો મેળવી લેવી. સંગ્રહના શૉખ માટે સાચવવી હોય તો જુદી વાત છે.











FIRST STEAM ENGINE IN AUSTRALIA







આધુકણી

ભલે ને આપણે આ સૌ   આભાસો સહવા રહે,
ભલે કૈં આપદા ઉગ્ર   આપણે શિર ત્રાટકે,
ભલે હો આજની જે કો   યથેચ્છ આપણી દશા,
ને સર્વત્ર ભલે હોય   વિનાશ, અસહાયતા—
એવા યે સમયે એક   પ્રચંડ માર્ગદર્શિકા
શક્તિ કો અમને દોરે   આ બધી ય સ્થિતિ વિષે.

(સાવિત્રી) —શ્રી અરવિંદ

સ્વ. રફીઅહમદ કિદવાઈ

દિલ્હીની તે સાંજની જાહેર સભામાં પ્રવચન કરતાં કરતાં પોતાને ઓચિંતી અસહ્ય ગંગળામણ થતાં–'માફ કરશો, હું ફરી પાછો આવીશ.' એમ કહીને ત્યાંને ત્યાં જ બેસી પડનાર એ રફીસાહેબ હવે ફરી પાછા નથી આવવાના!

ભારતની સામાન્ય જનતાએ તો, ગઇ ૨૫મીએ થએલા એમના એ અચાનક અવસાન બાદ, ચોમેરથી વરસેલી અંજલિઓ પરથી જ જાણ્યું કે પોતાને અન્નસંકટની કારમી આપત્તિમાંથી ઉગારી લેનાર અડીખમ હામી હોવા ઉપરાંત એ દેશના એક કેવા ધુરંધર અને કાર્યદક્ષ આગેવાન હતા. એટલા એ આજીવન આત્મવિલોપન કરીને દેશકાર્યમાં ડૂબેલા રહેલા. હવે આજે જ જનતા જાણે છે કે જવાહરલાલનાં જમણા હાથ જેવા આત્મીય એ સાથી તો ઉત્તર પ્રદેશની કૉંગ્રેસના પાયા સીંચનારામાંના એક હતા; 'નૅશનલ હેરલ્ડ', 'હિંદુસ્તાન' ને બીજાં કંઈ પત્રોના સ્થાપક અને અંત સુધી આધારસ્તંભ સમા રહેલા એ રફી સાહેબના પ્રયત્નોથી જ ઉત્તર પ્રદેશમાં પત્રકારત્વ પાંગર્યું અને જાહેર મતનું ઘડતર થયું; પંડિત મોતીલાલ નેહરુના અદના સેક્રેટરીપદથી શરૂ કરેલી પડદા પાછળની પોતાની નિર્વ્યાજ અને નિખાલસ કામગીરી વડે જ એ સંયુક્ત પ્રાંત કૉંગ્રેસના પ્રમુખ, ત્યાંની ધારાસભાના આગેવાન તથા અંતે ભારત સરકારના પ્રધાન થયા; અને એમની—અને એમની એકલાની જ બેધડક તથા બાહોશ કાર્યદક્ષતાએ, વર્ષોવર્ષ અનાજની તંગીમાં ડૂબતા જતા આ દેશને તારી લીધો એટલું જ નહિ પણ અનાજની પુરાંતથી દેશને છલકાવી દીધો!

જવાહરલાલ નેહરુ પછી ભારતીય પ્રધાનમંડળના સૌથી વધુ લોકપ્રિય અને કાર્યદક્ષ સભ્ય તેઓ હતા. પોતાને સોંપાએલી નાની કે મોટી ફરજને એમણે કેવી શુદ્ધ એકનિષ્ઠાથી બજાવી દેશને અતિવિકટ સંકટોમાંથી રાહત ને મુક્તિ આપી છે તે તો કર્તવ્યનિષ્ઠાની એક પ્રમાણિત કથા છે એમ કહેવામાં ઔપચારિકતાનો અંશ પણ નથી.

તેમનો જન્મ ઈ. ૧૮૯૪ના ફેબ્રુઆરી માસમાં ઉત્તર પ્રદેશના બારાબાંકી જિલ્લાના મસૂલી ગામમાં એક જમીનદાર કુટુંબમાં થએલો. નાનપણથી જ તેઓ મસ્તીખોર અને સુધારા માટે આગ્રહી હતા. અને અલીગઢની મુસ્લિમ કૉલેજમાં ભણતા ત્યારે મહિનાના અરધા દિવસ તો તેઓ વર્ગમાંથી સરકી જઈ હૉસ્ટેલની પોતાની ઓરડીમાં બેસીને નવલકથા વાંચ્યા કરતા; દિવસમાં અસંખ્ય કપ ચા પીતા; અને આ બધું કરતાં કંટાળી જતા ત્યારે થોડાક તોફાનીઓને ભેગા કરીને કોઇ અણગમતી સભામાં પહોંચી જતા અને ત્યાં જઇને ભારે હોહા કરી વકતાનો હુરિયો બોલાવતા. પરંતુ આ નિરુદ્દેશ તોફાનોની પાછળ માત્ર જુવાનીની ચેતનાનો આવિષ્કાર હતો, જે ચેતના પાકટ થતાં દેશની મોઘી સેવામાં વળવાની હતી. અભ્યાસ વેળાએ ધાંધાટ કરવામાં તેમનું નામ પહેલું હતું તો પાછળથી અલીગઢના પરદેશી પ્રોફેસરોને કઢાવવામાં યે આગળ પડતું નામ તેમનું જ હતું.

પ્રગતિ માટે સદા આગ્રહી તેમના મનને કૉલેજના અભ્યાસ દરમ્યાન દેશભક્તિની અદમ્ય ઇચ્છાઓ જંપવા જ ન દેતી, અને તેથી બી. એ. થયા બાદ એમ. એ.ના અભ્યાસને કોરે મૂકી પોતાના જીવનનાવને સ્વાતંત્ર્યસંગ્રામના દરિયામાં વહેતું મૂકી દીધું. ૧૯૨૧ની એ અસહકારની ચળવળમાં પડતાંવેંત જ તેમને જેલ મળી. ત્યાંથી છૂટી તેઓ સ્વ. મોતીલાલ નેહરુ પાસે પોતાની

આપણાં પ્રાણીઓ : ૬

ચેંઝુ



'ઘોરખોદિયા'ને નામે પણ ઓળખાતું, બચુકલા રીંછ જેવું આ પ્રાણી તેની ચપળતા અને નીડરતા માટે જાણીતું છે. ભારતમાં હિમાલયથી માંડી કન્યાકુમારીસુધી, ને નૈઋત્ય એશિયા તેમજ આફ્રિકામાં પણ તે મળી આવે છે.

તેનાં પેટ, પગ, ગળું વગેરે શરીરની નીચેનો અરધો ભાગ કાળો શાહી જેવો અને પીઠ, ગરદન, માથું વગેરે ઉપરનો ભાગ રૂપેરી કે ખડી જેવો શ્વેત. શરીર છ ઇંચની નાનકડી પૂંછડી સાથે અઢી ફૂટ લાંબું, અને વજન ૧૭ થી ૨૩ રતલ. બાંધણી બેઠા ઘાટની. પગ ટૂંકા, જાડા ને મજબૂત; પગનાં તળિયાં લાંબાં ને નહોર ખુરપા જેવા. કાન ખુચિયા,—નથી જ એમ કહીએ તોપણ ચાલે એવા.

સ્વભાવે રાતે ભમનારું ને તે નિશાચરત્વ પણ અત્યંત ગોપનીય વૃત્તિવાળું, તે એટલે સુધી કે કો'કે જ તેને હરતાંફરતાં જોયું છે. રમતિયાળ પણ બહુ; એવું જ ખુશમિજાજી. ગેલમાં આવે ત્યારે 'લોટણ'ની માફક ગુલાંટો પર ગુલાંટો ખાધા કરે. નીડરતામાં તો વાઘ, વરુ કે સિંહ પણ તેની તોલે ન આવે. પીછેહઠનું નામ જ નહીં. હુમલો કર્યો એટલે કાં જીતીને અને કાં મરીને આવે. 'ચેંઝુની પેઠે વળગે છે' એ કહેવત આ ઉપરથી પડી. સ્વભાવે ભૂચર હોવા છતાં ઝાડ પર ચડવામાં પણ એવું જ ઉસ્તાદ. ભારે વરસાદવાળા કરતાં સૂકા ને તે ય ખંડિયેર જેવા પ્રદેશમાં રહેવું તેને વધુ ફાવે. સપાટ પ્રદેશમાં રહેવાનું થાય ત્યારે નદી કે ઝરણાંનો કાંઠો પસંદ કરે, જ્યાં તે પોતાનું દર સહેલાઈથી ખોદી શકે. ખાવામાં ઉંદર, પંખી, જીવાત, મધ, વનસ્પતિ-બધુંજ ચાલે. ટાઢું માંસ, તેમજ નહોર બરાબર આવી ગયે તો જમીનમાંથી મુડદાં પણ ખોદી કાઢી ખાય.

કહેવાય છે કે ચેંઝુનાં નર-માદા સાથે રહે છે. માદા એકસાથે બે બચ્ચાંને જન્મ આપે છે, ને તેનો પ્રજનનકાળ છ માસનો છે. રમતિયાળ સ્વભાવને લીધે સરળતાથી પાળી શકાય છે. (શ્રી 'વનેચર'ના લેખ પરથી ટૂંકાવીને)

વર્ષોવર્ષ અનાજની તંગીમાં ડૂબતા જતા આ દેશને પોતાની વેધક તથા બાહોશ કાર્યદક્ષતાથી તારી લઇને અનાજની પુરાંતથી દેશને છલકાવી દેનાર અન્નમંત્રી રફી અહમદ કિદવાઇ, જેમનું ગયા માસની ૨૫મી તારીખે અવસાન થયું.



આ નવી કેળવણીનું અધ્યયન કરવા ગયા અને એમની વડીલ તરીકેની દેખરેખ નીચે તેમની તાલીમ શરૂ થઈ.

આ કાળને સ્વ. કિદવાઇના ખરા ઘડતરકાળ તરીકે ગણાવી શકાય. તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત પણ અહીંથી જ થાય છે. ત્યારે એ ઘડતરના એમના સહાધ્યાયી હતા એમના જેવા જ ઉત્કટ પિપાસુ જવાહરલાલ. ચેતનથી ઊભરાતા એ બંને તરુણો ત્યારથી ગાઢ મિત્રો બન્યા. અને એમની પ્રબળ તથા અનિવાર કાર્યશક્તિ જોઇને સ્વ. મોતીલાલ નેહરુએ તેમને પોતાના અંગત મંત્રી બનાવ્યા, જે પદને તેમણે આખર સુધી પોતાની સર્વ શક્તિ ખરચીને દીપાવ્યું.

અસહકારની લડતમાંથી મોતીલાલજી અને દેશબંધુદાસે 'સ્વરાજ પક્ષ' સ્થાપ્યો ત્યારે શ્રી કિદવાઇ ૧૯૨૪માં વરિષ્ઠ ધારાસભામાં સ્વરાજ પક્ષના સભાસદ તરીકે,અને ૧૯૨૬માં કેન્દ્રીય ધારાસભાના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા, જે બંને સ્થળે તેઓ કૅાંગ્રેસ પક્ષના મુખ્ય દંડક બની રહ્યા. ૧૯૨૯માં કૅાંગ્રેસના આદેશથી ધારાસભામાંથી રાજીનામું આપી ૧૯૩૦માં સવિનય કાનૂનભંગના આંદોલનમાં જોડાયા. એ જ વર્ષ દરમ્યાન રાયબરેલી જિલ્લામાં એમણે ખેડૂતોમાં 'ના-કર'નું આંદોલન યોજેલું, જેને પરિણામે તેમને છ મહિનાની જેલ મળી.

ઈ. ૧૯૩૫માં તેઓ ઉત્તર પ્રદેશ(ત્યારના સંયુક્ત પ્રાંતો)ની પ્રાંતિક કૅાંગ્રેસ સમિતિના પ્રમુખપદે ચૂંટાયા, અને ત્યારથી શરૂ થએલી તેમની અવિરત કારકિર્દી જાણે એ પ્રાંતની કૅાંગ્રેસનો જ ઇતિહાસ છે. તે હોદ્દે રહીને તેમણે જે અસાધારણ વહીવટી કાર્યદક્ષતા બતાવેલી તે સર્વ પ્રાંતો માટે આદર્શ રૂપ હતી. ત્યાંની કડીતોડ ચૂંટણી-ઝુંબેશમાં ઉત્તર પ્રદેશની જનતાનો જે વિરાટ સંખ્યામાં સાથ મેળવી કૅાંગ્રેસ સત્તાસ્થાને આવી એ એમની જ કાબેલિયત અને પરિશ્રમનું પરિણામ હતું. તે પછી વ્યક્તિગત સત્યાગ્રહની અને '૪૨ની લોકક્રાંતિ વખતે તો તેમનો મોરચો હોય જ. અને અંતે ૧૯૪૭માં સ્વરાજ્યપ્રાપ્તિ પછી તેમની ઉચ્ચ શક્તિઓથી વાકેફગાર હોઇને શ્રી જવાહરલાલ નેહરુએ તેમને કેન્દ્રીય સરકારમાં લીધા.

પરંતુ આટઆટલી રાજકીય સફળતા પ્રાપ્ત થવાને અંતે બીજાઓની જેમ ન તો તેઓ ચીલાચાલુ બની ગયા, કે ન તો તેઓ પોતાથી વિરુદ્ધ જતા સાથીઓના અભિપ્રાયો આંધળા મનથી સ્વીકારી લેવા તૈયાર હતા. કૅાંગ્રેસ પ્રમુખપદ માટેની ચૂંટણીમાં સરદાર પટેલ સામે પોતાના બળનો મુકાબલો કરનાર તરીકે તેઓ આપણને બળવાખોર વૃત્તિના માલૂમ પડે છે તે આ કારણે જ. અને એ જ કારણને લીધે તેઓ ૧૯૫૧માં પોતાનું કૅાંગ્રેસના સભાસદ તરીકેનું રાજીનામું આપી આચાર્ય કૃપલાણીના પ્રજાપક્ષમાં જોડાયા હતા. પરંતુ તેમનું તે વલણ ઝાઝું ટક્યું નહિ. પોતાને લાગતા સત્યના તેઓ આગ્રહી હતા, પણ તેમનો તે આગ્રહ તે સત્યના વજૂદનો હતો. અને પોતાને લાગતું સત્ય વજૂદ વિનાનું જણાતાં તરત જ તેનો નિખાલસ એકરાર કરી તેઓ કૅાંગ્રેસ તરફ પાછા ફર્યા, અને તરત ૧૯૫૨માં જવાહરલાલે વિશ્વાસપૂર્વક સોંપેલું એ વખતનું કપરામાં કપરું ગણાતું ખોરાક-પ્રધાન તરીકેનું કામ ઉપાડી લીધું, જેની સફળતા તો આજે જગજાહેર છે. વેધક દષ્ટિ તથા દઢ આત્મવિશ્વાસ વડે તેમણે અન્નના હાઉ અંગેની નોકરશાહી તથા હિત ધરાવનારાની ઇન્દ્રજાળને તોડી નાખી અને નિશ્ચલ આદેશો તથા અવિશ્રાંત પરિશ્રમ વડે બધા મોરચા પર સફળ કામગીરી બજાવી દેશને અન્નસંકટમાંથી ઉગારી લીધો. અન્ન-સમસ્યાના ઉકેલ પછી તેઓ તાજેતરમાં રેલ–આફત નિવારવાના પ્રયાસો બાદ હમણાં પોતાનું બધું લક્ષ ખાંડ અંગેની સ્થિતિ સુધારવા પાછળ આપી રહ્યા હતા.

કાબેલ વહીવટકર્તા અને ચકોર રાજપુરુષ હોવા ઉપરાંત સ્વ. કિદવાઇ નવીનવી યોજનાઓના કલ્પનાશીલ ઘડવૈયા પણ હતા. દેશના

વાહન અને સંદેશ-વ્યવહારના પ્રધાન તરીકે તેમણે જાતજાતની નવી યોજનાઓ દાખલ કરી, તેમાં ટપાલના ચાલુ દરથી જ રાત્રે વિમાનો ચલાવીને ઝડપી પત્રો પહોંચાડવાની કરેલી 'નાઇટ એર મેઈલ સર્વિસ', એક્સપ્રેસ ડિલિવરી અને 'તમારો પોતાનો ટેલિફોન'ની યોજનાઓ તો ખાસ ઉલ્લેખપાત્ર છે. ભારતીય સંસ્કારસમૃદ્ધિ દાખવતાં શિલ્પસ્થાપત્યનાં કલારત્નોવાળી તથા સંતો-કવિઓનાં ચિત્રોવાળી ટિકિટોનું પ્રકાશન તેમજ ટપાલમાં રાષ્ટ્રભાષા હિંદીનું ચલણ તેમણે જ કરાવ્યું. રવિવારે ટપાલખાતામાં સંપૂર્ણ રજા પળાય એ પ્રણાલિ પણ તેમણે જ શરૂ કરી.

તેમણે વહીવટકર્તા તરીકે જરા પણ ડોળ બતાવ્યા વિના તદ્દન મૂંગા અને લોકવખાણથી છૂપા રહીને જ કામ કર્યું છે; અને રોજ બરોજના વ્યવહારમાં જનતાની મુશ્કેલીઓ ક્યાં હોઇ શકે તે જાતે સમજવા પ્રયત્ન કર્યો છે. સંદેશ-વ્યવહાર ખાતાના પ્રધાન હતા ત્યારે તેઓ ઘણી યે વાર ટપાલ કચેરીએ છૂપાછૂપા જઇને લાઇનમાં ઊભા રહેતા. તેમની વહીવટી કારકિર્દીની ટોચ જેવા અન્નમંત્રીના હોદ્દાને સમયે પણ તે ચૂપચાપ એકાદ રૅશનિંગની દુકાને જઈ ક્યૂમાં ઊભા રહેતા. અનાજના વેપારીને પાછળથી જ ખબર પડતી કે ઘઉંના ભાવો અંગે જે ગ્રાહક સાથે પોતે રકઝક કરતો હતો તે બીજું કોઈ નહિ પણ કિદવાઈ સાહેબ પોતે જ હતા! પ્રવચનોમાં પણ તેમની ભાષા સાદી અને ઘરગથ્થુ રહેતી. અનિવાર્ય લાગતાં જ બોલનાર રફીસાહેબ મોટે ભાગે કાર્ય દ્વારા જ પોતાની શક્તિ બતાવતા. સમસ્ત દેશના પ્રધાનોમાં સૌથી ઓછાં ઉદ્‌ઘાટનો ને ભાષણો કર્યાં હોય તો તેમણે.

એમનું ઘર ખુલ્લા દરબાર જેવું હતું. કોઈ પણ માણસ તેમને ઘેર પોતાનાં દુઃખ-આપત્તિના નિવારણ માટે જઇ શકતો. તેઓ જેવા આદર્શ વહીવટકર્તા હતા તેવા જ આદર્શ માનવી પણ હતા અને તેમની માનવતાનાં બીજ ઘણાં ઊંડાં, હૃદયતલસ્પર્શી હતાં. એક વાર એક ત્રસ્ત પિતાને તેની પુત્રીનાં લગ્ન કરવા માટે એમણે ૧૫ હજાર રૂપિયા ઉધરાવી આપેલા. પોતાના ગામ મસૂલીનાં બધાં નિરાધાર બાળકોને ભણાવવાનો ખર્ચ તો એમણે પોતાને માથે જ લઈ લીધેલો. અને આ જ માનવતાને પરિણામે, સત્તાને આવે ઉચ્ચ સ્થાને બેઠેલા શ્રી કિદવાઈ મરતી વખતે ૧૨ થી ૧૪ હજારનું દેવું મૂકતા ગયા છે! એમની આ અગાધ માનવતાએ જ તો એમને પોતાની બધી જમીન, વર્ષો પહેલાં, કિસાનોને મફત વહેંચી દેવા પ્રેર્યા હતા ને? પોતાના શત્રુને પણ ઉપકારથી નવાજવા તેઓ તૈયાર રહેતા.

પોતાની જાત માટે તો તેમને એકમાત્ર અપેક્ષા હતી, કાર્યના જેમની; અને તેમનો વૈભવ હતો દૂર-નજીકનાં કામ વધુ ઝડપથી પાર પાડનારી એક મોટરકારનો. તે ધ્યેય સિદ્ધ કરવા તેમની મોટરે ૧૯૪૭નાં કોમી રમખાણો વખતે ઉત્તર પ્રદેશની પરિસ્થિતિના નિરીક્ષણ અર્થે બે દિવસમાં ૧૮૦૦ માઈલનો પ્રવાસ કરેલો! કોઈ પણ વાદ કે વ્યક્તિ પરત્વેના દ્વેષથી તે પર હતા. એમના સારામાં સારા મિત્રો હોવાનો દાવો માત્ર કૉંગ્રેસીઓ જ નહિ પણ પ્રજાસમાજવાદીઓ તથા સામ્યવાદીઓ પણ કરે છે તે તેનો પુરાવો છે.

રાજકારણથી બીજું એમને વહાલું હતું પત્રકારત્વ. જવાહરલાલજી સાથે તેમણે 'નૅશનલ હેરલ્ડ' પત્ર કાઢેલું. પાછળથી જવાહરલાલે તો પોતાનો ભાર પોતાના એક મદદનીશને સોંપી દીધો, પણ રફીસાહેબ —જ્યાં એમને એના વિના લગીરે ન ચાલતું હોય ત્યાં–ભાર કોને સોંપે? જીવનના છેલ્લા દિન સુધી તેમણે એ પત્રની કાળજી રાખી હતી.

તેઓ પોતાની પાછળ પત્ની, આપ્તજન અને બહોળા મિત્રસમુદાયને ઊંડા શોકમાં મૂકતા ગયા છે. તેમને કોઈ સંતાન ન હતું. તેમના ગામ મસૂલીમાં ફાટી નીકળેલ હુલ્લડના ભોગ બનેલા તેમના ભાઈનાં બાળકો એમને ત્યાં જ ઊછરે છે ને એમના પોતીકાં બાળકો પેરે રહે છે.

ચોમેર ઊભરાતા નિરાશાના વધતા જતા પૂરને ખાળવામાં અને દેશને આબાદી તથા આત્મવિશ્વાસને પંથે લઈ જવામાં જ પોતાના ધ્યેયને સમાએલું માનનાર આપણા પ્રથમ દસ નેતાઓમાં તેમનું સ્થાન હતું એ એકમાત્ર હકીકત જ પ્રતીતિ આપવાને પૂરતી છે કે એમના જવાથી આપણા દેશને કેવડી મોટી ખોટ પડી છે.

અર્નેસ્ટ હેમિંગ્વે

ઔદ્યોગિક યંત્રવાદને આધારે થએલી સમાજરચનામાં, વીસરાતાં માનવ અને માનવતાને કેન્દ્રમાં રાખીને લખતા લેખકોમાં પ્રતિનિધિરૂપ અમેરિકન નવલકથાકાર અર્નેસ્ટ હેમિંગ્વેને આ વર્ષનું સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક એનાયત થયું છે.

સમયના માત્ર એક જ ખૂણાને નહિ, પણ વર્તમાનનો હર્ષાવેશ, ગત કાળની ભયાનકતા, જીવનની મધુરતા અને મૃત્યુની કરાળતાને એકસપાટે એકઠાં કરીને હેમિંગ્વેએ તેની નવલોમાં મૂક્યાં છે,–તેમને હાંસીપાત્ર ગણી હસી કાઢવા નહિ–તેમને લોહીની હમદર્દીથી જોવા.

સામાન્ય માનવીની આશા અને નિરાશાને પોતાની આગવી ને અનોખી, ટૂંકી તેમજ કંઈક અંશે જાડી, વિશદ અને વળી લહેરિયાં પાડતી રંગદર્શી શૈલીમાં આલેખી પોતાનો સહાનુભૂતિભર્યો સંદેશો પાઠવનાર આ ઊછળતી પ્રતિભાવાળા નવલનવેશનો જન્મ ઈ. ૧૮૯૪ની ૧૨મી જૂને થએલો. તેના પિતા તબીબ હતા. તબીબના આ ચિરંજીવીએ ઘરના વાતાવરણમાંથી મસાલો એકઠો કરી લખેલી પહેલી વાર્તા હતી 'તબીબ અને તેની પત્ની.' દસમા વર્ષથી જ શિકારના શોખીન આ ભાઈ પંદરમે વર્ષે વિદ્યાભ્યાસને તિલાંજલિ આપી રખડપટ્ટીએ ચડી ગયા. કોઇ ઠેકાણે હોટેલમાં રકાબીઓ સાફ કરનાર તરીકે પણ રહ્યા. પણ છેવટે થાક્યા એટલે ઘેર પધાર્યા અને પત્રકારત્વનો અભ્યાસ શરૂ કર્યો. એની લેખનકારકિર્દીનો આરંભ સત્તરમે વર્ષે તે જ્યારે ઈલીનાઈના 'ઓક પાર્ક'માં ફૂટબૉલનો ખેલાડી હતો ત્યારથી થાય છે. એક વર્ષ સુધી કાન્સાસ શહેરના 'સ્ટાર' પત્રના રિપોર્ટર તરીકે કામ કર્યું અને ૧૮મે



વર્ષે તેના પિતાની ના હોવા છતાં ઈટાલીમાં ઘવાએલા સૈનિકોની સારવાર માટેની બસના ડ્રાઈવર તરીકે યુદ્ધમાં જોડાવા નામ નોંધાવ્યું. યુદ્ધમાં તે ખૂબ ઘવાએલો. ત્યાર બાદ તેણે 'ટૉરૅન્ટો સ્ટાર' પત્ર માટે માનવતાને અનુલક્ષતી ટૂંકી વાર્તાઓ લખવી શરૂ કરી, જેનાથી સાહિત્યની સમજણ અને તેના ગુણદોષોને સારો એવો ખયાલ તેને આવી ગએલો. પોતાની પહેલી વીસીમાં જ્યારે તે 'સ્ટાર' માટે પારીસ ગએલો ત્યારે તેને લાગ્યું કે 'તે પોતે સાહિત્ય માટે નિર્માયો છે, પત્રકારત્વ માટે નહિ.' અને તે વિષે અમેરિકન નવલકથાકાર શેરવૂડ ઍન્ડર્સનને તેણે લખેલું કે 'આ છાપું મારો ક્રમે ક્રમે વિનાશ કરતું જાય છે.'

પારીસમાં હેમિંગ્વે ગર્ટ્રૂડ સ્ટાઈન અને એઝરા પાઉન્ડને મળ્યો, જે બેઉની અસર તેની સાહિત્યિક કારકિર્દીમાં પુષ્કળ પડી છે. તેના પ્રાથમિક સાહિત્યિક પ્રયાસો જોઈ મિસ સ્ટાઇને હેમિંગ્વેને લખાણને સામાન્ય વર્ણનથી રહિત કરીતેનેવધુનેવધુ કેન્દ્રિત કરવા સલાહ આપી, જેનું તેણે બરાબર પાલન કર્યું. ૨૪ વર્ષની વયે તેનાં નાનાં કલ્પનાચિત્રો અને રેખાચિત્રોના સંગ્રહ 'થ્રી સ્ટૉરીઝ ઍન્ડ ટેન પોએમ્સ' તેમજ 'ઈન અવર ટાઈમ' બહાર પડયા. આ પ્રકાશને હેમિંગ્વેની એક સર્જક પ્રતિભાવાન સાહિત્યકાર તરીકે ચોમેર ખ્યાતિ ફેલાવી.

તેણે પોતાના લેખન પર જે કડક શિસ્તભરી આંખ રાખેલી તેણે તેનીશૈલીનેસુગ્રથિત, ચોખ્ખીચટ અને તીક્ષ્ણ તેમજ પાણીદાર બનાવી. અનેક ધ્વનિઓ ગુંજતું તેનું સાદું-સપાટ ગદ્ય, તેમજ કોઈ પણ જાતની તૈયારી કે અભ્યાસ વિનાના દેખાતા પરંતુ ખરી રીતે વસ્તુના છેક તળિયાને આંબતા તેના સંવાદો અનુકરણીય બની રહ્યાં છે.

હેમિંગ્વેની લગભગ બધી નવલકથાઓને પ્રમાણભૂતતાની નક્કર છાપ છે. તેની સર્વપ્રથમ નવલ 'ધ સન ઑલ્સો રાઇઝિઝ' અને બીજી 'ફેરવેલ ટુ આર્મ્સ' પર અનુક્રમે તેના પારીસના અને મહાયુદ્ધના અનુભવોની મહદંશે છાપ પાડી છે. અને આમ, હેમિંગ્વેનું સાહિત્ય આટલું ગાઢ રીતે તેના વ્યક્તિત્વથી ભર્યુંભર્યું હોવાને કારણે જ 'ટુ હૅવ ઍન્ડ ટુ હૅવ નૉટ'નો નાયક યૉર્ગન તથા 'ફૉર હુમ ધ બેલ ટૉલ્સ'નો નાયક રૉબર્ટ જૉર્ડન જે જોખમી સાહસ, હિંમત અને ઉલ્લાસ દર્શાવી જાય છે તે સમાંતરરીતે હેમિંગ્વેનાં પોતાનાં જ છે.

'અક્રૉસ ધ રીવર ઍન્ડ ઈન્ટુ ધ ટ્રીઝ' જ્યારે બહાર પડી ત્યારે ઘણાએ તેના પર અસભ્યતા, લાગણીવેડા અને ક્રેપીલી આપવડાઈનાં તહોમત મૂકી વખોડી, તો થોડાએ તેને 'ફેરવેલ ટુ આર્મ્સ' પછીની શ્રેષ્ઠ પ્રેમકથા કહીને વખાણી, પરંતુ ૧૯૨૬ સુધી તેની સર્જક પ્રતિભાનાં વળતાં પાણી હતાં એ તો ખરું જ.

પરંતુ 'ધી ઓલ્ડ મૅન ઍન્ડ ધ સી' તેના પ્રત્યુત્તરરૂપે છે, જે નવલે ૧૯૫૨માં તેને અમેરિકાનું શ્રેષ્ઠ પુલિત્ઝર પારિતોષક અને આ સાલ સર્જનકલાની પરાકાષ્ઠા રૂપ નોબેલ પારિતોષિક મેળવી આપ્યાં. આ નવલકથા હેમિંગ્વેની આગલી કૃતિઓથી જરા જુદી તરી આવે છે. તેમાં જૂના કોઈ કોઈ વારના લાગણીપોચા કે ઉદ્ધત હેમિંગ્વેનો સદંતર અભાવ છે. તેમાંની જીવસટોસટની જોખમી મુશ્કેલીઓ વાચકને 'માનવ હાર માટે સર્જાયો નથી. માનવનો નાશ થઈ શકે છે,—તેને હરાવી શકાતો નથી.' એવી વેધક ખુમારીથી સ્તબ્ધ કરી દે છે. અહીં લેખનની નવી જ જાતની કડક શિસ્તમાં મૂળનાં સર્જકતા ને પ્રભુત્વ ઉમેરાયાં છે, જે વસ્તુ, ધ્વનિ ને ભૂમિકા—ત્રણેને સમગ્રતયા બળ ને મહત્તા આપે છે.

જેમ તેના સાહિત્યમાં તેમ તેના જીવનમાં પણ વીર ને અદ્દ્ભુત રસ બહુ પ્રધાનપણે રહ્યા છે. મોટરના તેમજ બંદૂકમાંથી અચાનક ગોળી છૂટવાના અને એવા બીજા પ્રાણઘાતક અકસ્માતોમાંથી તે હેમખેમ પાછો ફર્યો છે. તાજેતરમાં જ આખી દુનિયામાં મોટી હલચલ મચાવી દેનાર તેના અકસ્માતનો બનાવ બની ગયો. પ્રવાસનો આ અડંગ શોખીન વિમાનમાં જતો હતો ત્યાં જ તેનું વિમાન આફ્રિકાના એક અજાણ્યા પ્રદેશમાં તૂટી પડયું. આ અકસ્માત હેમિંગ્વેને જીવલેણ નીવડયો હશે એમ ધારી કેટલાંક વર્તમાનપત્રોએ તેની મૃત્યુનોંધ પણ લઈ લીધી, જ્યારે તૂટી પડેલા વિમાનના ભંગારમાંથી તે અજબ રીતે બચી ગયો. પણ તેને બચાવીને ઊપડેલું વિમાન પણ ફરી તૂટી પડયું! પરંતુ અંતે તો તે તેમાંથી યે બચી ગયો! આ અકસ્માતથી તેના શરીરને-ખાસ કરીને યકૃતાશય અને મૂત્રાશયને સારી એવી ઈજા થઇ છે.

વિદ્યા તથા લક્ષ્મીનો મેળ, સર્વસાધારણ ન્યાયે, હેમિંગ્વેને પણ નહોતો. ટાંગાનિકામાં ખેતી કરતા ને રહેતા તેના પુત્રને હવે આ ઈનામના પૈસાથી તેનો બીજો પુત્ર મળવા જઈ શકશે!

હેમિંગ્વેની લેખન શૈલીની ગુજરાતી સાહિત્ય ઉપર પણ ઊંડી ને વ્યાપક અસર પડી છે, જે આપણું છેલ્લું નવલ-નવલિકાસાહિત્ય જોતાં જણાઈ આવશે. જીવનનું સુવિશાળ દર્શન, જીવનની કરુણતાનું સચોટ નિરૂપણ અને સબળ વર્ણનશક્તિ ધરાવતો આ લેખક તો દુનિયાનું સાહિત્ય અંગેનું ઉત્તમ પારિતોષિક મળ્યા પછી સર્જનકાર્ય સંકેલી દેવાને બદલે કહે છે: 'મારાં જાજ્વલ્યમાન વરસો તો હજુ હવે આવવાનાં છે!'

અભિનવ પ્રદર્શન

ઑફિસના કામકાજ માટે ઉપયોગી વિવિધ યંત્રસામગ્રીનું તથા વ્યાપારી કાર્યકરામત માટેનાં સાધનોના નમૂનાઓનું એક મોટું પ્રદર્શન આ માસમાં માન્ચેસ્ટર ખાતે યોજાયું છે. તેમાં ઔદ્યોગિક કારખાનાંઓ, વહીવટ કચેરીઓ, વીમા પેઢીઓ, શરાફી સંસ્થાઓ વગેરે માટેનાં ઈલેક્ટ્રૉનિક 'ભેજાંઓ' ઉપરાંત, નાનો વ્યાપાર-ધંધો ધરાવતા માણસો માટે પણ સમય, શ્રમ અને નાણાંનો બચાવ કરે તેવાં સાધનોના નમૂનાઓ રજૂ થયા છે. આપોઆપ સરવાળા કરે તેવું યંત્ર, દર મિનિટે ૫૦૦ જેટલા કાગળો ઉઘાડવા માટેનું યંત્ર, દર મિનિટે ૨,૦૦૦ જેટલા સિક્કાઓ ગણતું યંત્ર, કલાકના ૪૦,૦૦૦થી ૫૦,૦૦૦ સુધી બૅંક નોટો ગણતું યંત્ર, ગુણાકાર કરવા માટેનું યંત્ર, કોઈ પણ જાતનો અવાજ કર્યા સિવાય ટાઈપ કરતું ટાઇપરાઇટર, સંખ્યાબંધ નકલો જમા-ઉધારનાં પાસાં લખી શકે તેવું હિસાબકિતાબ માટેનું યંત્ર વગેરે અદ્યતન સાધનો છે. ઉપરાંત આગની અસરમાંથી મુક્ત રહી શકે તેવા ઑફિસ સરંજામના નમૂનાઓ પણ આ પ્રદર્શનમાં મુકાશે.

ધ્વનિ વડે થતી શસ્ત્રક્રિયા

મગજની રક્તહીન શસ્ત્રક્રિયાની નવી શકયતાઓ અમેરિકન ભૌતિકશાસ્ત્રીય મંડળ સમક્ષ રજૂ કરવામાં આવી છે. ઇલિનોય યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ કહ્યું હતું કે ઇંચના વીસમા ભાગ જેટલા નાના વિસ્તારમાંથી પણ મગજના તંતુઓનો નાશ કરવા માટે અતિવેગી ધ્વનિનાં આંદોલનોનો ઉપયોગ થઈ શકશે અને તેથી તેની આસપાસના, ઉપરનીચેના કે વધુ અંદરના ભાગના તંતુઓને કશી અસર થશે નહિ. અમુક રોગોની ચિકિત્સા માટે આવી ઝીણવટભરી ચોકસાઇ ઘણી શકયતાઓ પૂરી પાડે છે. ચાર વર્ષની મહેનત બાદ તૈયાર થઈ શકેલા આ સાધનનો ઉપયોગ હજી મનુષ્યેતર પ્રાણીઓ પર જ થયો છે.

આમાં અત્યંત શક્તિવાળાં ચાર ધ્વનિયંત્રોમાંથી એકત્રિત કરેલો ધ્વનિ મગજના અમુક બિન્દુ ઉપર કેન્દ્રિત કરવામાં આવે છે. તેથી જ્ઞાનતંતુનો નાશ થાય છે પણ રક્તવાહિનીઓને કશી અસર નથી થતી. ધ્વનિનો વેગ દર સેકન્ડે ૧૦ લાખ સાયકલ જેટલો એટલે કે સાંભળી શકાય તેવા ઊંચામાં ઊંચા ધ્વનિથી ૫૦ ગણો વધુ હોય છે. આ સાધનથી મગજના ગમે તેટલા કદના કે આકારના અને ગમે તેટલી ઊંડાઇએ આવેલા ભાગ પર શસ્ત્રક્રિયા થઇ શકે છે.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૨ હિંદના સમર્થ વિજ્ઞાની મહેન્દ્રલાલ સરકારનો જન્મ, ૧૮૩૩.
તા. ૪ દિલ્હીથી કૉંગ્રેસની કારોબારી સમિતિએ વિદેશી કાપડનો બહિષ્કાર કર્યો, ૧૯૨૧.
તા. ૫ શિવાજીએ પોતાનું કાસળ કાઢવા આવેલા અફઝલખાનનો વધ કર્યો, ૧૬૫૯.
તા. ૧૨ બેહોશીની દવા ક્લૉરોફૉર્મનો પ્રથમ પ્રયોગ, ૧૮૪૧.
તા. ૧૫ ગુજરાતના બાળશિક્ષણના નવા યુગના પ્રવર્તક શ્રી ગિજુભાઈ બધેકાનો જન્મ, ૧૮૮૫.
તા. ૧૭ વિશ્વના મહત્ત્વના જળમાર્ગ સુએઝની નહેરમાંથી પહેલું જહાજ પસાર થયું, ૧૮૬૯.
તા. ૧૯ બંગાળના સુપ્રસિદ્ધ સુધારક બાબુ કેશવચન્દ્ર સેનનો જન્મ, ૧૮૬૮.
તા. ૨૯ રાજા રામમોહનરાયે ડૅવિડ હેર સાથે મળી પ્રથમ હિંદુ કૉલેજ સ્થાપી, ૧૮૫૬.

વ્યક્તિવિશેષ : ઠક્કર બાપા



ગાંધીજીની પછી એમના જેવું જ જેમનું બીજું પુણ્યશ્લોક નામ છે તે પીડિતો ને પછાતોની સેવામાં આખું જીવન સમર્પી દેનાર સેવામૂર્તિ ઠક્કરબાપાનો જન્મ સૌરાષ્ટ્રમાં ભાવનગરની લોહાણા જ્ઞાતિમાં ૧૮૬૯ની ૨૯મી નવેમ્બરે થયો હતો. તેમનું પૂરું નામ અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર. બાળકે ગંદું કરેલું જાજરૂ જાતે ધોનાર અને ઘરમાં વેરણછેરણ પડેલાં સ્ત્રીઓનાં કપડાંને યજાતે ગડી કરી ગોઠવી મૂકી દેનાર પિતાના આ પુત્ર સ્વચ્છતા ને વ્યવસ્થાના પાઠ આમ નાનપણથીજ ભણેલા. ૧૮૮૫માં મૅટ્રિક પાસ કરીને તેમણે સર જશવંતસિંહજી સ્કૉલરશિપ મેળવી. ગરીબ સ્થિતિનાં માતપિતાએ દાગીના વેચીને ને પેટે પાટા બાંધીને પણ પુત્રને પૂનાની ઇજનેરી કૉલેજમાં મૂક્યો, જ્યાં ત્રણ વર્ષ અભ્યાસ કરી ઠક્કરબાપાએ ૧૮૯૦માં સિવિલ એન્જિનીઅર–એલ.સી.ઈ.ની ઉપાધી મેળવી. સૌ પ્રથમ તેઓ ૧૮૯૧માં બારસી રેલવેમાં ઓવરસીઅર ને પછી સૌરાષ્ટ્રની સંયુક્ત બી. જી. જે. પી. રેલવેના આસિસ્ટન્ટ ઇજનેર બન્યા, જ્યાંથી લોકોની લાગવગ ન સ્વીકારી શકવાને લીધે તેમને છૂટા થવું પડ્યું. ત્યાં આફ્રિકામાં કેનિયા-યુગાન્ડા રેલવેના બાંધકામ ઉપર ત્રણ વર્ષની બંધણીની નોકરી મળતાં તેઓ ત્યાં ગયા. એક બાહોશ ઇજનેર તરીકે આફ્રિકા ગએલા ઠક્કરબાપા પાસે પાછા ફરતાં મુંબઈથી ભાવનગરની ટિકિટના પૈસા પણ નહોતા. આફ્રિકાની કમાણી પરોપકારમાં ખર્ચાઈ ગએલી.

૧૯૦૫માં તેમને મુંબાઈ મ્યુનિસિપાલિટીમાં નોકરી મળી, જેમાં પોતાની બાહોશી અને કાર્યક્ષમતાથી બાપા રૂા. ૩૫૦ના પગાર સુધી પહોંચ્યા. સુધરાઈના મજૂર ભંગીઓની નરક સમી ગંદી વસાહતો ને કંગાલિયત જોઇ દ્રવી પડેલા ઠક્કરબાપાએ તેમનાં દુ:ખ ફેડવાની ચાકરી નોકરીના કલાકો પૂરા થયા પછી ઉપાડવા માંડી. દરમિયાન તેમનો છ વર્ષનો પુત્ર ને પછી તેમનાં પત્ની તથા તેબાદ તેમનાં બીજી વારનાં પત્ની પણ સ્વર્ગે સિધાવતાં ઠક્કરબાપાએ સમસ્ત દેશને પોતાના કુટુંબ તરીકે અપનાવવાનો નિશ્ચય મક્કમ કર્યો. એમાં દલિતોદ્ધારના ભેખધારી શ્રી વિઠ્ઠલ રામજી શિંદે અને શ્રી ગોપાળ કૃષ્ણ દેવધરના ગાઢ સમાગમે સેવાભાવના વધુ ને વધુ પ્રબળ ને દઢ કરી.

હવે મુંબાઈ સુધરાઈના રસ્તાઓની દેખરેખ કરનાર 'રોડ સુપરિન્ટેન્ડેન્ટ' તરીકે તેમની નોકરીની બઢતી થઈ, જ્યાંથી તેમને મળતો મોટો પગાર મોટે ભાગે પરોપકારમાં જ ખર્ચાઈ જતો, તે એટલે સુધી કે કોઈ કોઈ વાર તેમને ઘરખર્ચ માટે મિત્રો પાસેથી પૈસા ઉછીના લેવા પડતા. ત્યાં ઈ. ૧૯૦૯માં તેમનાં માતા મૂળીબાઈનું ને ૧૯૧૩માં પિતાનું અવસાન થતાં સમસ્ત વસુધાને કુટુંબ બનાવીને બાપા રૂા. ૩૫૦ના દરમાયાની અમલદારી ને પોરબંદરનું રૂા. ૫૦૦ના પગારે રાજ્યના ઇજનેર બનવાનું આમંત્રણ પાછું ઠેલી ૧૯૧૪ના ફેબ્રુઆરીની ૬ઠ્ઠીએ ગોખલે-સ્થાપિત ભારત સેવક સમાજમાં જોડાયા ને આજીવન માનવસેવાના દીક્ષિત બન્યા.

એ દરમ્યાન એમણે જે સંખ્યાતીત સ્થળો ને સંસ્થાઓમાં મૂંગું ઊજળું સેવાકાર્ય કર્યું તેની નોંધ આપી જાય તેમ નથી. દેશનો એક પણ ખૂણો છોડ્યા વિના જનસેવાની પ્યાસથી વ્યથિત બાપા એવાં એવાં કપરાં સ્થળે ગયા છે જ્યાં કોઇ દેશસેવક હજી પહોંચ્યો નથી. સેવાયજ્ઞ એ બાપાને મન આદર્શ કરતાં આચારરૂપે વિશેષ હતો. શિસ્ત, નિયમિતતા ને વ્યવસ્થામાં તો બાપા ગાંધીજીના સમોવડિયા. એ વડે પોતાની એકેએક ક્ષણને પ્રમાદ કે શિથિલતાનો સ્પર્શ પણ થવા દીધા વિના દીનદલિતોની એકનિષ્ઠ સેવા કરી ૮૨ વર્ષનું લાંબું ધન્ય આયુષ્ય ભોગવી ઠક્કરબાપા ૧૯૫૧ના જાન્યુઆરીની વીસમીએ પરલોકવાસી થયા.

પ્રસંગવિશેષ : વલંદા વર્ચસ્વનો ભારતમાં અંત, ૨૪-૨૫મી નવેમ્બર ૧૭૫૯

ભારતના વૈભવથી લલચાઈ પોર્ટુગીઝોને પગલે ચાલી ૧૬મી સદીમાં હોલૅન્ડના ડચ લોકો પણ અનેક નિષ્ફળ પ્રયત્નો બાદ અંતે ૧૫૯૮માં આફ્રિકાની દક્ષિણે થઈ જાવા જઇને ભારતમાં આવ્યા. ભારતે એમનું પણ સ્વાગત કર્યું અને એમણે પ્રથમ પુલીકટ અને મદ્રાસમાં કોઠી નાખી. તે બાદ આગ્રા, સુરત, અમદાવાદ ને પટણામાં પણ તેમણે થાણાં નાખ્યાં. બંગાળામાં પણ તેમનો વેપાર વધતો જતો હોઈ ૧૬૭૫માં ચિન્સુરા મુકામે તેમણે કોઠી નાખી. હવે તેમણે વેપાર સાથે હિંદી રાજકારણમાં પણ માથું મારવા માંડેલું. પરંતુ આ દરમિયાન અંગ્રેજોએ પણ ભારતમાં ઠીકઠીક પગપેસારો કરી લીધેલો હોઈ બંને રાષ્ટ્રો એકબીજાનાં હરીફ બની ગયાં હતાં. એવામાં ૧૭૫૯માં અંગ્રેજોથી અસંતોષાએલા નવાબ મીર જાફરે ડચ સાથે કંઈ ખાનગી કહેવાતી વાટાઘાટો કરી ને પરિણામે સાત વહાણો ભરી ડચ સૈનિકો આવ્યા જેનું નવાબે સારું સ્વાગત કરી અંગ્રેજો વિરુદ્ધ ઘણા બળાપા કર્યા. ચિન્સુરા કલકત્તાથી નજીક જ હતું અને અહીં ડચ સાધનસામગ્રી ને વર્ચસ્વ વધી ગયાં હોઈ દેખીતી રીતે જ અંગ્રેજો માટે આ ભયરૂપ હતું. પણ કલાઇવે બધી બાજી પોતાને હાથ લઈ કલકત્તામાં હાજર હતા એટલા બધા અંગ્રેજો, અર્ધ-અંગ્રેજો ને આર્મેનિયનો સુદ્ધાંની ફરજિયાત ભરતી કરી ૭૦૦-૮૦૦ના નાનકડા લશ્કર સાથે કર્નલ ફોર્ડ અને કૅપ્ટન વિલ્સનની સરદારી નીચે ડચ લોકો પર હુમલો કરી દીધો. ૨૪મી નવેમ્બરે કૅપ્ટન વિલ્સને બધાં ડચ જહાજો સર કર્યાં ને બીજે જ દિવસે ફોર્ડે પણ ચિન્સુરા ને ચંદ્રનગર વચ્ચે બિદરા મુકામે 'બહુ ટૂંકો, લોહિયાળ ને છેતરપિંડીભર્યો' હુમલો કરી ડચોને સખત હાર આપી સદાને માટે હિંદી રાજકારણમાંથી એમને દૂર કર્યા. આ પછી યે ચિન્સુરા ડચ કબજામાં જ હતું તે પણ ૧૮૨૫માં સુમાત્રાના કેટલાક ભાગના બદલામાં અંગ્રેજોએ પોતાના હસ્તક લઈ હિંદી રાજકારણમાંથી ડચનું નામોનિશાં કાઢી નાંખ્યું.

ઉજ્જડ ખેડાં ફરી વસે, નિર્ધનિયાં ધની હોય;
ગયાં ન જોબન સાંપડે, મૂઆ ન જીવે કોય.

—શામળ ભટ્ટ—

પ્રશિયાના મહાનફ્રેડરિકેએકભોજનસમારંભને અંતે પોતાના દરબારીઓ આગળ મૂંઝવણ રજૂ કરીકે 'લોકો બરોબર કર ભરવા છતાં રાજ્યની આવક રોજ બ રોજ કેમ ઘટતી જાય છે તે સમજાતું નથી.' સૌ મુંઝાઈ ગયા, પણ એક વૃદ્ધે કહ્યું, 'હું તે સમજાતું' એમ કહી તેણે બરફનો એક ટુકડો ઉપાડી સૌને બતાવ્યો ને પછી પોતાની જોડે બેઠેલાને તે આપી એક પછી એક હાથોહાથ રાજાને પહોંચાડવા કહ્યું. રાજા પાસે પહોંચતાં એ બરફનું કદ વટાણા જેવું બની ગયું હતું! રાજ્યની આવકની શી દશા થતી હતી તેનો મર્મ ફ્રેડરિક સમજી ગયો.

અનેકાર્થી શબ્દ: **'પરજ'**=એનામનો એક રાગ; પરજિયો કે રાજિયો;–પ્રજાનો એક વર્ગ કે જાતિ (રાની પરજ); પારકો કે અજાણ્યો માણસ; આંગળાંનાં રક્ષણ માટે તલવારની મૂઠ આગળ રખાતો ટોપલી આકારનો ભાગ; ઢાલની મૂઠ; કોયલ પંખી; વરસાદ–પર્જન્ય.

કહેવતોના અર્થ: 'જાનીનાં જેતરાં ને ત્રવાડીની રાશ.'–કોઈ પાસેથી જોતર, કોઈ પાસેથી રાશ, કોઈનું ગાડું ને કોઈના બળદ માગી લઇને 'નરસિંહ મહેતાના વેલડા' જેવી રચના ઊભી કરવાના—માગીભીખીને વસ્તુઓ લાવી, લાકડે-માકડું વળગાડી, પોતાનું કામ ચલાવવા મથનારના પ્રયત્નો વિષે આમાં ઉપાલંભ છે. એવી જ બીજી કહેવતો: 'સસરેકી ગાડી, સાલે કે બેલ, ઓર બંદા કરે સેલ'; 'ગાંડાની ગાંડી ને બે હયાના બેલ'; 'અજડ બળદ ને અકોણો સાથી, ભાંગેલ ગાડું મહીં ભીમડો ભાથી' વગેરે.

ગણિત ગમ્મત: ગમે તે ચારઅંકી સંખ્યા લો. દા.ત. ૫૭૪૫. હવે તેને ને તેને બે વાર લખો: ૫૭૪૫૫૭૪૫. આ રકમને ૭૩ અને ૧૩૭ વડે નિઃશેષ ભાગી શકશો. એટલું જ નહિ પણ તેની ઉલટાવેલી રકમ ૫૪૭૫૫૪૭૫ ને પણ ૭૩ તથા ૧૩૭ વડે નિઃશેષ ભાગી શકશો!

સ્વચ્છ સપાટી પર ઊંધું પાંદડું મૂકી તે પર કાર્બન-પેપર મૂકો. કાર્બનની સવળી બાજુ ઉપર રહે. તે પર સફેદ કાગળ મૂકી એક લોટા કે વાટકામાં સળગતા કોલસા નાખી કાગળ પર તે એકાદ મિનિટ રહેવા દો. પાંદડાની આબાદ આકૃતિ છપાઈ આવશે. વિવિધ ઝાડનાં પાંદડાંની આકૃતિ આ રીતે લઈ તમે વનસ્પતિશાસ્ત્રનો રસમય સંગ્રહ કરી શકશો. (૨૫)



સંયુક્ત રાષ્ટ્રસંઘે માન્ય કરેલા 'સમસ્ત વિશ્વના માનવીઓના સમાન હક્કના ખરડા' અંગે દર ડિસેમ્બરની ૧૦મીએ સૌ દેશોમાં 'માનવ-હક્ક-દિન' પળાય છે. આવતા માસના તે દિવસે તેના સ્મરણમાં યુનાઇટેડ નેશન્સ તરફથી ખાસ બહાર પડનારી ટિકિટ માટેનું આ ચિત્ર ન્યુઝીલૅન્ડના કલાકાર લીઓનાર્ડ મિચેલે તૈયાર કર્યું છે. એમાં 'શાંતિસૂચક ઑલિવવૃક્ષની ડાળીથી વીંટળાએલા વિશ્વના નકશા'વાળા યુનાઇટેડ નેશન્સના પ્રતીકની ભૂમિકા ઉપર બાળકને વત્સલતાથી છાતીએ વળગાડતી માતાની સંજ્ઞાવડે એ ભાવના પ્રકટ કરી છે.

રેશમી કપડું ધોવાના પાણીમાં સહેજ મીઠું નાખજો. ધોવાયા પછી તેજી પકડશે. (૨૫)

એલચીનાં છોડાંની રાખ મધમાં ચટાડવાથી ઝાડા બંધ થાય.

હું પોતે તો છું સ્થિર, છતાં બદલાયા કરું છું. મારી સામે કોઇ મુખ આવે છે, કોઇ આકૃતિ આવે છે તો તરત જ એનું પ્રતિબિંબ ઝીલું છું. એટલે હું શાંત છતાં અશાંત છું: હાલ્યાચાલ્યા વિના હું ગતિ ઝીલું છું. દુનિયાની આંખથી સદા છૂપા રખાતાં આંસુ મેં નિહાળ્યાં છે. મુખ પરના છાના ભાવ મારી છાતી ઉપર છતા થયા છે. હું સામો સવાલ કરવામાં સમજતી નથી, એટલે મારામાં સૌને વિશ્વાસ છે. ને એ વિશ્વાસ હું જાળવી રાખું છું. મારું નામ આરસી છે.

હેડકી મટતી ન હોય તો કાથાની દોરડી સળગાવીને તેનો ધુમાડો મોંમાં લેવડાવવો.



ન્યૂ ઝીલૅન્ડમાં થતું આ 'કીવી' દુનિયાભરનાં પંખીઓમાં સૌથી અજબ છે. તેને માત્ર પ્રાથમિક દશાની નહિવત્ પાંખો છે, ને પીછાંને બદલે વાળ હોય છે. બિલાડી પેઠે તે બોલે છે, ને કૂતરા જેમ ભસે છે. તે ભૂગર્ભમાં માળા બાંધે છે, ને કૂકડીનાં બચ્ચાં કરતાં યે નાની તેની માદા પાંચ ઇંચ લાંબું અને પોતાના વજન કરતાં ચોથા ભાગના તોલનું ઇંડું મૂકે છે!



કલાકણિકા: પ્રતાપગઢની બારીક મીનાકારીકામની ઉસ્તાદી દાખવતી અલંકારની પેટી.





રાતમાંથી મળેલી અપ્રતિમ સૌન્દર્ય વાળી જીવન્ત સ્વામીની આ ધાતુ-પ્રતિમા પાલીન કલાનો નાદર નમૂનો છે. મહાવીર સ્વામીએ દીક્ષા લેતાં પહેલાં લગ- દોઢ વર્ષ સુધી પોતાના મહેલમાં રહી ધ્યાન અને તપમાં સમય પસાર કર્યો એ વખતે રાજપુત્રના અલંકાર પહેરવા છતાં જનકની માફક એમનું ચિત્ત ાથી અનાસક્ત ને ધ્યાનમાં મગ્ન રહેતું. એ સમય સૂચવતી એમની પ્રતિમાઓ ન્ત સ્વામીની પ્રતિમા'ને નામે ઓળખાય છે. એવી આ પ્રતિમા દેહના િવ તત્ત્વને આંતરિક સૌંદર્ય વડે–આધ્યાત્મિક રંગ વડે રંગી નાખતી ભારતીય નું એક અચ્છું ઉદાહરણ છે. વિદ્વાન કલાવિદ ડૉ. વાસુદેવશરણ અગ્રવાલે એનું ા જ જોઇને મત ઉચ્ચારેલો કે ગુજરાતની આ પ્રતિમા, આખા ઉત્તર ભારતની લ્પની સમૃદ્ધિમાં શ્રેષ્ઠ કૃતિ છે. જમણી બાજુની ધાતુ-પ્રતિમા સુલતાનગંજ- ાળી આવેલી બુદ્ધમૂર્તિ છે. સર્વભૂતહિતે રત, કારુણ્યાવતાર ભગવાન બુદ્ધની ...ક શાંત તેજવતી આ મૂર્તિ આજે બર્મિંહામના મ્યૂઝિયમમાં સંઘરાએલી છે.



વિષ્ણુ: ઉત્તર પ્રદેશમાંથી મળેલી ગુપ્ત સમયની પાંચમા સૈકાની લાલ પથ્થરની મૂર્તિ. શરીરનાં સૌષ્ઠવ અને સૌન્દર્યની સાથે આંતરિક સૌંદર્યભાવના પ્રકટ કરવામાં ભારતીય કલા શ્રેષ્ઠ છે. એનું નિરૂપણ કરતો લેખ 'ભારતીય કલાનો સુવર્ણ યુગ' આ અંકમાં અવશ્ય વાંચશો.